અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા વદ ૧૨ | અંક : ૨૩૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ૨૫ કિમી સુધી ભારે ટ્રાફિક જામ, વૃદ્ધો-મહિલાઓને હાલાકી

# કુંભમાં મહાશિવરાત્રિના સ્નાન માટે ભારે ભીડ : પ્રયાગરાજ થંભ્યું

## ૧૨૦ કરોડ સનાતનીઓમાંથી અડધાએ મહાકુંભમાં ભાગ લીધો, સદીમાં ભાગ્યે જ જોવા મળતો અવસર : યોગી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૪ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ ચાલી રહ્યો છે, જેમાં ૨૬મી ફેબ્રુઆરીએ મહાશિવરાત્રિના દિવસે અંતિમ સ્નાન હોવાથી અસંખ્ય શ્રદ્ધાળુઓ અત્યારથી જ પ્રયાગરાજ પહોંચી રહ્યા છે. ૨૩મી તારીખે રવિવારની રજા અને ઉપરથી કુંભ મેળાનો અંતિમ વિકેન્ડ હોવાથી અસંખ્ય લોકો મેળામાં પહોંચી ગયા છે. જોકે બીજી તરફ ભારે ભીડને કારણે શ્રદ્ધાળુઓએ ટ્રાફિક જામનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રયાગરાજની આસપાસ ૨૫ કિમી સુધી ટ્રાફિક જામ રહ્યો હોવાથી લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને બાળકો મુશ્કેલીમાં મુકાયા હતા. પોલીસ પ્રશાસન પણ હાલ સતર્ક છે અને પ્રયાગરાજ તરફ જનારા લોકોની સુરક્ષા માટે ડ્રોનથી ચાંપતી નજર રખાઈ રહી છે. પ્રયાગરાજ ઝોનના આઈજી પ્રેમ ગૌતમ, એસપી બૃજેશ કુમાર શ્રીવાસ્તવ, એએસપી રાજેશસિંહ સહિત મોટા પ્રમાણમાં પોલીસ જવાનો હાલ હાઈવે પર ટ્રાફિક કન્ટ્રોલ કરવાના પ્રયાસ કરી રહ્યા છે. એટલે કે યોગી સરકારે ભીડ અને ટ્રાફિકને ધ્યાનમાં રાખીને વધુ છ આઈપીએસ અધિકારી તૈનાત કર્યા છે. ૨૬મીએ એક સાથે લાખોની સંખ્યામાં લોકો પ્રયાગરાજમાં પહોંચશે તેને ધ્યાનમાં રાખીને હાલ પ્રયાગરાજ તરફના રસ્તાઓ પહોળા કરવાની સાથે ડાયવર્ઝન વધારી દેવામાં આવ્યું છે.શનિવાર અને રવિવારથી જ પ્રયાગરાજ તરફ જનારા રસ્તા પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. હાઈવેથી લઈને શહેર અને સંગમ તરફ જનારા વાહનોની લાંબી લાઈનો લાગી હતી. પ્રયાગરાજ શહેરમાં જ વ્યાપક જામ હોવાથી શ્રદ્ધાળુઓને પગપાળા ચાલવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

### ભીડને કારણે પ્રયાગરાજ અને આસપાસના વિસ્તારોમાં વેપાર ઠપ રહ્યો




અહીંના નૈની તેમજ ઝૂંસી રેલવે માર્ગ, પ્રયાગરાજ જંક્શન, શાસ્ત્રી બ્રિજ, નૈની નયા પુલ સહિતના વિસ્તારોમાં રોડ અસંખ્ય વાહનોને કારણે જામ થઇ ગયા છે. ટ્રાફિક એટલો છે કે એમ્બ્યુલંસને જવા માટે પણ રસ્તો નથી મળી રહ્યો. જેને કારણે ગંભીર રીતે બીમાર દરદીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ભીડને કારણે પ્રયાગરાજ અને આસપાસના વિસ્તારોમાં વેપાર પણ ઠપ રહ્યો. હાલ વાહનોની સંખ્યા એટલી વધી ગઇ છે કે તેમને વચ્ચે જ તૈયાર કરાયેલા પાર્કિંગમાં પાર્ક કરાવાઇ રહી છે અને વાહનોમાં આવનારા શ્રદ્ધાળુઓને બાદમાં શટલ બસો, ઇ-રિક્ષાઓ કે પગપાળા જ સંગમ તરફ રવાના કરાઇ રહ્યા છે. દરમિયાન ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રવિવારે કહ્યું હતું કે સમગ્ર વિશ્વમાં સનાતન ધર્મનું પાલન કરનારા ૧૨૦ કરોડ લોકોમાંથી અડધા સનાતનીઓ એટલે કે આશરે ૬૨ કરોડ શ્રદ્ધાળુઓએ મહાકુંભનો લાભ લીધો હતો. મહાકુંભનગરમાં કામકોટી પીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય શંકર વિજયેન્દ્ર સરસ્વતી મહારાજની હાજરીમાં સંતો સાથે વાત કરતા યોગી આદિત્યનાથે કહ્યું હતું કે મહાકુંભ સનાતન ધર્મનું પાલન કરનારાઓ માટે પોતાના સંતોના આશિર્વાદ લેવા માટેનું પણ કેન્દ્ર સ્થાન બની ગયું. સદીમાં ભાગ્યે જ જોવા મળ્યું છે કે એક સ્થળે કરોડો લોકો એકઠા થયા હોય. મહાકુંભમાં અત્યાર સુધીમાં ૬૨ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ ભાગ લીધો છે.

### પીએમ મોદીએ મહાકુંભ મહોત્સવ અંગે કહ્યું

## મહાકુંભ ચાલી રહ્યો છે પરંતુ જંગલ રાજના આ લોકો મહાકુંભને ગાળો આપી રહ્યા છે

। (એજન્સી) ભાગલપુર, તા.૨૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બિહારના ભાગલપુરમાં પહોંચ્યા હતા. અહીં તેમણે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૯મો હપ્તો જારી કર્યો અને વિભિન્ન વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને પોતાના લાડલા ગણાવ્યા. એટલું જ નહીં પ્રયાગરાજ મહાકુંભને લઈને પીએમ મોદીએ લાલુ પ્રસાદ યાદવ પર પણ નિશાન સાધ્યું હતું. પીએમ મોદીએ મહાકુંભ મહોત્સવ અંગે કહ્યું કે, મહાકુંભ ચાલી રહ્યો છે પરંતુ જંગલ રાજના આ લોકો મહાકુંભને ગાળો આપી રહ્યા છે, રામ મંદિરથી ચિઢાઈ જતા લોકો મહાકુંભને કોસવાનો એક મોકો નથી છોડી રહ્યા. મહાકુંભને કોસનારાને બિહાર ક્યારેય માફ નહીં કરે. વાસ્તવમાં થોડા દિવસો પહેલા લાલુ યાદવે મહાકુંભ અંગે કહ્યું હતું કે, કુંભનો શું અર્થ છે, કુંભ તો ફાલતૂ છે. પીએમએ મોદીએ આગળ કહ્યું કે, મહાકુંભ દરમિયાન મંદરાચલની આ ભૂમિ પર આવવું એ સૌભાગ્યની વાત છે. આ ધરતીમાં આસ્થા પણ છે અને વારસો પણ છે તથા વિકસિત ભારતનું સામર્થ્ય પણ છે. આ શહીદ તિલકા માંઝીની ધરતી છે. આ સિલ્ક સિટી પણ છે. આ સમયે બાબા અજયબીનાથની આ પવિત્ર ધરતીમાં મહાશિવરાત્રીની પણ તૈયારીઓ



પૂરજોશમાં ચાલી રહી છે. આવા પવિત્ર સમયમાં મને દેશના કરોડો ખેડૂતોને પીએમ કિસાન નિધિનો બીજો હપ્તો મોકલવાનું સૌભાગ્ય મળ્યું છે. ભાગલપુરમાં પીએમ મોદીએ કહ્યું કે, મેં લાલ કિલ્લાને કહ્યું છે કે, વિકસિત ભારતના ૪ મજબૂત સ્તંભ છે. આ સ્તંભ ગરીબ, ખેડૂત, મહિલા અને જવાન છે. NDA સરકાર ભલે કેન્દ્રમાં હોય કે રાજ્યમાં ખેડૂત કલ્યાણ અમારી પ્રાથમિકતા છે. લાલુ યાદવ પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું કે, પહેલા ખેડૂતો સંકટથી ઘેરાયેલા હતા. જે લોકો પશુઓનો ચારો ખાઈ શકે છે તેઓ આ પરિસ્થિતિઓને ક્યારેય બદલી ન શકે.

### ન્યૂઝ બ્રિફ

#### બાંગ્લાદેશમાં એરફોર્સ બેઝ પર હુમલો, એકનું મોત

। (એજન્સી) ઢાકા, તા.૨૪ ।

ભારતના પડોશી દેશ બાંગ્લાદેશમાં ગુસ્સે થયેલા લોકોએ એર ફોર્સ બેઝ પર હલ્લાબોલ કર્યું છે. મળતા અહેવાલો મુજબ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે છ લોકોને ઈજા થઈ છે. એવું કહેવાય છે કે, અચાનક થયેલા હુમલા માટે સેના તૈયાર ન હતી. એર ફોર્સ બેઝ પર હુમલો થયા બાદ સ્થિતિ વણસી છે અને સેનાના જવાનો સ્થિતિ પર કાબુ મેળવવાના પ્રયાસો કરી રહ્યા છે.

#### અમૃતસરના ૪૦ ટ્રાવેલ એજન્ટના લાઇસન્સ રદ

। (એજન્સી) અમૃતસર, તા.૨૪ ।

અમેરિકાથી દેશનિકાલ કરાયેલા અને ભારત પહોંચેલા ભારતીય નાગરિકોને લઈને પંજાબ સરકાર સતત કાર્યવાહી કરી રહી છે. આજે (૨૪મી ફેબ્રુઆરી) અમૃતસર પ્રશાસને આ મામલે ટ્રાવેલ એજન્ટો સામે મોટી કાર્યવાહી કરી છે. અમૃતસરના ૪૦ જેટલા ટ્રાવેલ એજન્ટો સામે કાર્યવાહી કરવામાં આવી છે અને તેમના લાઈસન્સ રદ કરી દેવામાં આવ્યા છે.

## ચેમ્પિયન્સ ટ્રોફી પર આતંકી હુમલાનો ખતરો, સ્ટેડિયમોની સુરક્ષા વધારાઈ

### બાંગ્લાદેશ સહિત અન્ય દેશોની અનેક ટીમો ઈસ્લામાબાદ અને કરાચીમાં છે, ત્રણ મેચ રાવલપિંડીમાં, ત્રણ લાહોરમાં અને બે મેચ કરાચીમાં થવાની છે

। (એજન્સી) કરાચી, તા.૨૪ ।

પાકિસ્તાન ICC ચેમ્પિયન્સ ટ્રોફીની મેજબાની કરી રહ્યું છે જેને જોવા માટે મોટી સંખ્યામાં વિદેશી પાકિસ્તાન પહોંચ્યા છે પરંતુ આ વિદેશીઓની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પાકિસ્તાનની ગુપ્ત એજન્સી પાકિસ્તાન ઈન્ટેલિજન્સ બ્યુરો (PIB) એ એલર્ટ જારી કર્યું છે કે ઈસ્લામિક સ્ટેટ ખુરાસાન પ્રાંત (ISKP) એ કથિત રીતે પાકિસ્તાનમાં આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ભાગ લેવા આવેલા વિદેશીઓને ટાર્ગેટ કરવાનો પ્લાન બનાવ્યો છે. પીઆઈબીએ જણાવ્યું કે આતંકી જૂથ કથિત રીતે ખંડણી માટે વિદેશીઓના અપહરણનું કાવતરું રચી રહ્યાં છે. ISKP ખાસ કરીને ચીની અને અરબ દેશોના નાગરિકોને નિશાન બનાવવાનું પ્લાનિંગ કરી રહ્યાં છે. આ સમાચાર સામે આવ્યા બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ જોવા ગયેલા વિદેશીઓની સુરક્ષાને લઈને ચિંતા પેદા થઈ ગઈ છે. ગુપ્ત જાણકારી અનુસાર આતંકી જૂથ ISKP શહેરના તે બહારના વિસ્તારોમાં ભાડાનું ઘર લેવાનું પ્લાનિંગ કરી રહ્યાં છે જ્યાં સીસીટીવી કેમેરા લાગેલા નથી અને જ્યાં માત્ર રિક્ષા અને મોટર સાઈકલથી જ જઈ શકાય છે. તેમની રણનીતિઓમાં વિદેશીઓનું અપહરણ કરવું અને તે લોકોને રાતના સમયે ભાડાના ઘર સુધી લઈ જવાનું છે જેથી કોઈને તેની જાણકારી ન થાય. આતંકી બંદર, એરપોર્ટ, ઓફિસો અને હોટલોથી વિદેશી નાગરિકો, ખાસ કરીને ચીની અને અરબ લોકોને નિશાન બનાવવાનું પ્લાનિંગ કરી રહ્યાં છે. પાકિસ્તાનની ચેતવણીની વચ્ચે અફઘાનિસ્તાનના જનરલ ડાયરેક્ટર ઓફ ઈન્ટેલિજન્સ (GDI) એ પણ ચેતવણી જારી કરી છે કે ISKP અફઘાનિસ્તાનમાં મુખ્ય સ્થળો પર હુમલો કરી શકે છે. અફઘાન એજન્સીએ જાહેર વિસ્તારોમાં સતર્કતા વધારવાનો આદેશ આપ્યો છે. કહેવાય છે કે, આતંકવાદી સંગઠન આઈએસઆઈએસના પ્રમુખ ૩ દિવસ પહેલા પાકિસ્તાનની યાત્રા કરી હતી.

### બચાવકાર્ય બન્યું પડકારજનક

## સુરંગમાં ફસાયેલા મજૂરોના બચવાની શક્યતાઓ ઓછી

। (એજન્સી) નાગરકુરનૂલ, તા.૨૪ ।



તેલંગાણામાં સુરંગનો એક ભાગ ધસી પડતા અંદર ફસાયેલા મજૂરોના બચવાની શક્યતાઓ ઓછી થઈ ગઈ છે. દુર્ઘટનામાં શ્રીશૈલમ સુરંગ નહેર પરિયોજનાની અંદર આશરે ૧૪ કિલોમીટર દૂર આઠ મજૂરો ફસાયેલા છે. રેસ્ક્યૂ ઓપરેશન ઝડપથી ચાલી રહ્યું છે, પરંતુ પાણી અને કાટમાળના કારણે બચાવ કાર્ય પડકારજનક બની ગયું છે. સુરંગમાં ઓક્સિજન અને વીજળીની સપ્લાય આપવામાં આવી છે. પાણી કાઢવાનું અને માટી હટાવવાનું કામ ઝડપથી થઈ રહ્યું છે. બચાવ દળે ૧૩.૫ કિલોમીટર દૂરથી મજૂરોને અવાજ આપ્યો, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં. હજુ પણ ૨૦૦ મીટરનો ભાગ બાકી છે જ્યાં મજૂર હોઈ શકે છે. ટીમોને તેની પાસે પહોંચ્યા પછી હકીકત જાણવા મળશે. રેસ્ક્યૂ ઓપરેશન હજુ શરૂ છે. મજૂરોના પરિવાર અને આખા દેશની નજર આ બચાવ અભિયાન પર છે. આ બચાવ કામગીરીમાં NDRFની ૪ ટીમો (એક હૈદરાબાદથી, ૩ વિજયવાડાથી) - કુલ ૧૩૮ સભ્યો, SDRF અને SCCLના ૨૩ નિષ્ણાત કર્મચારીઓ સાથે ભારતે ઉપકરણો સાથે રાહત કાર્ય શરૂ છે.

## સ્થૂળતા વિરુદ્ધની લડાઈમાં મોદીએ ૧૦ હસ્તીને નોમિનેટ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્થૂળતા સામે મોટું અભિયાન શરૂ કર્યું છે. તેમણે રવિવારે એટલે કે ૨૩ ફેબ્રુઆરીના રોજ તેમના મન કી બાત કાર્યક્રમમાં લોકોને ભોજનમાં ઓછા તેલનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી. તેમજ આ સાથે જમ્મુ-કાશમીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, બિઝનેસમેન આનંદ મહિન્દ્રા, પ્રખ્યાત સિંગર શ્રેયા ઘોષાલ અને અભિનેતા મોહનલાલ સહિત વિવિધ ક્ષેત્રની ૧૦ હસ્તીને આ અભિયાનમાં સ્થૂળતા વિરુદ્ધની લડાઈમાં નોમિનેટ કર્યા હતા. પીએમ મોદીએ રવિવારે તેમના મન કી બાત કાર્યક્રમમાં સ્થૂળતાને નિયંત્રિત કરવા અને સ્વાસ્થ્ય સુધારવા માટેના આ અભિયાનની શરૂઆત કરી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા વડાપ્રધાન મોદીએ લખ્યું, હું આ લોકોને સ્થૂળતા સામેની અમારી લડાઈને મજબૂત કરવા અને ભોજનમાં તેલનો 10% વપરાશ ઘટાડવા અંગે જાગૃતિ ફેલાવવા માટે નોમિનેટ કરું છું. આ અંગે પીએમ મોદીએ વધુમાં લખ્યું કે, હું તેમને આગ્રહ કરું છું કે તેઓ પણ વધુ ૧૦ લોકોને નોમિનેટ કરે જેથી આ આંદોલન વધુ મોટું થઈ શકે. પીએમ મોદી ભોજપુરી સિંગર અને અભિનેતા નિરહુઆ, શૂટિંગ ચેમ્પિયન મનુ ભાકર, વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનૂ, ઈન્ફોસીસના કો-ફાઉન્ડર નંદન નિલેકણી, ભારતીય એક્ટર અને ફિલ્મ નિર્માતા મોહનલાલ, જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, એક્ટર આર. માધવન, સિંગર શ્રેયા ઘોષાલ અને સાંસદ સુધા મૂર્તિને નોમિનેટ કરવામાં આવ્યા છે. સ્થૂળતા વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું, આજે દર ૮માંથી એક વ્યક્તિ સ્થૂળતાની સમસ્યાથી પીડિત છે અને બાળકોમાં આ સમસ્યા ચાર ગણી વધી ગઈ છે. WHOના ડેટાને ટાંકીને તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૨૨માં વિશ્વભરમાં ૨૫૦ કરોડ લોકો સ્થૂળતાની સમસ્યાથી પીડિત હતા, જે એક ગંભીર વિષય છે. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ઠ પર પોસ્ટ કરી કે, પીએમ મોદી દ્વારા સ્થૂળતા વિરુદ્ધ શરૂ કરાયેલા અભિયાનમાં જોડાઈને હું ખૂબ જ ખુશ છું.

## મહિલાને બસે ૫૦ મીટર સુધી ઢસડતાં કચડી નાખી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૪ ।

મહાકુંભમાં સ્નાન કરવા જઈ રહેલી ભદોહીની રહેવાસી બાઈક સવાર ભક્ત અનીતા પાલ (૨૭)નું મોતીલાલ નેહરુ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (MNNIT)ના ગેટ પાસે બસની ટક્કરથી મોત થયું હતું. અકસ્માતમાં મહિલા બસમાં ફસાઈ ગઈ અને ૫૦ મીટર સુધી ઢસડાઈ હતી. જેના કારણે તેના શરીરના બે ટુકડાં થઈ ગયા હતા. જ્યારે અકસ્માતમાં તેના પતિ અને પુત્રને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત રવિવારે બપોરે ૩:૫૦ કલાકે થયો હતો. દરમિયાન ડ્રાઈવર બસ લઈને ફરાર થઈ ગયો હતો. ભદોહી સુરિયાવાનો રહેવાસી દેવ મણિપાલ પ્રયાગરાજમાં રહે છે અને પ્રાઈવેટ નોકરી કરે છે. બપોરે દેવ મણિપાલ, તેની પત્ની અનિતા તેના આઠ વર્ષના પુત્ર શ્રેયાંશ સાથે બાઈક પર સંગમમાં સ્નાન કરવા જઈ રહ્યા હતા.

## હવે તમે જ નક્કી કરો કે તમે અમારી સાથે કેવા સબંધ ઈચ્છો છો : જયશંકર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારનું પતન અને મોહમ્મદ યૂનુસના સત્તામાં આવ્યા બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સબંધોમાં તણાવ આવી ગયો છે. હિન્દુઓ વિરુદ્ધ થતી હિંસા પર ભારત અવાજ ઉઠાવી રહ્યો છે. બીજી તરફ બાંગ્લાદેશની વચગાળાની સરકાર ભારત સાથેના સંબંધોને વધુ ખરાબ કરવામાં કોઈ કસર નથી છોડી રહી. તાજેતરમાં જ ઓમાનમાં ભારતના વિદેશમંત્રી એસ. જયશંકરે બાંગ્લાદેશના વિદેશી બાબતોના સલાહકાર મોહમ્મદ તૌહીદ હુસૈન સાથે મુલાકાત કરી હતી. પરંતુ બાંગ્લાદેશ સુધરવાનું નામ નથી લઈ રહ્યું. મુલાકાતના લગભગ એક અઠવાડિયા બાદ વિદેશમંત્રી જયશંકરે બાંગ્લાદેશના શત્રુતા પૂર્ણ વ્યવહારનો મુદ્દો ઉઠાવ્યો છે. વિદેશ મંત્રી જયશંકરે બાંગ્લાદેશને અલ્ટીમેટમ આપતા કહ્યું કે, હવે તમે જ નક્કી કરો કે તમે અમારી સાથે કેવા સબંધ ઈચ્છો છે? બાંગ્લાદેશ સાથે આપણો લાંબો અને ખૂબ જ ખાસ ઈતિહાસ ૧૯૭૧થી ચાલતો આવ્યો છે. બાંગ્લાદેશ એક તરફ કહે છે કે અમે ભારત સાથે સારા સબંધ ઈચ્છીએ છીએ અને બીજી તરફ બાંગ્લાદેશની અંદર થનારી દરેક ઘટના માટે ભારતને જવાબદાર ઠેરવે છે. વિદેશમંત્રીએ આગળ કહ્યું કે, વચગાળાની સરકારમાંથી રોજ કોઈ વ્યકિત ઉભું થઈને દરેક વસ્તુ માટે ભારતને દોષી ન ઠેરવી શકે. આ સંદર્ભમાં બાંગ્લાદેશે નિર્ણય લેવો પડશે. જો તમે રિપોર્ટ જુઓ તો ઘણી બધી વાતો અત્યંત હાસ્યાસ્પદ છે. વિદેશમંત્રી જયશંકરે કહ્યું કે, દ્વિપક્ષીય સંબંધોમાં સમસ્યાઓ પાછળ બે પાસાં છે. પહેલું પાસુ લઘુમતીઓ સામે સાંપ્રદાયિક હિંસા છે. બાંગ્લાદેશમાં લઘુમતીઓ વિરુદ્ધ હિંસાનું પૂર આવ્યું છે. તેનો અમારા વિચાર પર ચોક્કસ પ્રભાવ પડ્યો છે. આ એક એવો મુદ્દો છે જેના વિશે આપણે વાત કરવી જોઈએ. અમે આ કર્યું. બીજું પાસુ બાંગ્લાદેશની રાજનીતિ છે. હવે તમે નક્કી કરો કે તમે અમારી સાથે કેવા સબંધ ઈચ્છો છો?

## પ્રિયંકા ગાંધી અને ગૌરવ ગોગોઈને સોંપાઈ શકે છે મહત્ત્વની જવાબદારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

સતત હાર બાદ આખરે કોંગ્રેસે મજબૂત ઈલેક્શન મેનેજમેન્ટ સિસ્ટમ બનાવવાની યોજના પર વિચારણા શરુ કરી છે. તેની કમાન પ્રિયંકા ગાંધીને સોંપવામાં આવી શકે છે. હાલમાં, કર્ણાટકમાં કેબિનેટ મંત્રીનો દરજ્જો ધરાવતા સુનીલ કાનુગોલુના નેતૃત્ત્વમાં પાર્ટીની ઈલેક્શન મેનેજમેન્ટ સિસ્ટમ ખૂબ જ અવ્યવસ્થિત રીતે કામ કરી રહી છે. કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓ, જેમાં અગ્રણી સચિન પાયલટ છે, તેમણે આગામી વિધાનસભા ચૂંટણી અને ૨૦૨૯ની લોકસભા ચૂંટણી માટે પ્રિયંકા સાથે કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. કોંગ્રેસનો અંદાજ છે કે આગામી લોકસભાની ચૂંટણી મે ૨૦૨૯ કરતાં ઘણી વહેલી યોજાઈ શકે છે. આ સિવાય જુલાઈ-ઑગસ્ટ ૨૦૨૭માં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે, જે ભાજપ અને NDAના સત્તા સમીકરણો બદલી શકે છે. જેના કારણે મધ્યસત્ર ચૂંટણીની શક્યતા પણ નકારી શકાય તેમ નથી. આવા સંજોગોમાં, કોંગ્રેસ માટે એક મજબૂત અને પૂર્ણ-સમયની ઈલેક્શન મેનેજમેન્ટ સિસ્ટમ માત્ર મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ રાજકારણમાં મુખ્ય ખેલાડી તરીકે તેની હાજરી જાળવવા માટે પણ જરૂરી બની ગઈ છે. આ સિવાય પાર્ટી અડધો ડઝન રાજ્યોના પ્રભારીઓની પણ બદલી કરશે. અહીં નવા ઈન્ચાર્જની નિમણૂક કરવામાં આવશે. મહત્ત્વની વાત એ છે કે વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા કોઈપણ ચાર્જ વગર જ પાર્ટીમાં મહાસચિવનો હોદ્દો ધરાવે છે. આવી સ્થિતિમાં તેમને મોટા રાજ્યનો હવાલો સોંપવામાં આવી શકે છે અથવા ઈલેક્શન મેનેજમેન્ટ સિસ્ટમની રચના કરીને તેમને મોટી ભૂમિકા સોંપવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં બીકે હરિપ્રસાદ, સચિન રાવ, મીનાક્ષી નટરાજન, શ્રીનિવાસ બીવી, પરગટ સિંહ, અજય કુમાર લલ્લુ, હરીશ ચૌધરી, જિજ્ઞેશ મેવાણી, ક્રિષ્ના અલાવારુ, મોહમ્મદ જાવેદ, અભિષેક દત્ત, પ્રકાશ જોશી અને ગણેશ ગોડિયાલ જેવા પાર્ટી હાઈકમાન્ડના નજીકના ગણાતા અનેક નેતાઓ ફરી પાછા આવી શકે છે.

# મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અમદાવાદ ખાતે મહિલાઓ માટે વિશેષ આરોગ્ય તપાસ શિબિરનું આયોજન








। અમદાવાદ, તા.૨૪ ।

મંડળ રેલ પ્રબંધક કાર્યાલય અમદાવાદમાં તારીખ ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ડૉ. મોનિકા શર્મા, સહાયક મુખ્ય તબીબી અધિક્ષક, આરોગ્ય દ્વારા મહિલાઓ માટે એક વિશેષ આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મહિલાઓને એનિમિયા, હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, થાઈરોઈડ વિકાર, સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સર જેવા રોગોની તપાસ કરવામાં આવી હતી. આ શિબિરનો કુલ ૧૯ મહિલાઓએ લાભ લીધો હતો, જેમાં ૯ પેપ સ્મીયર અને ૭ મેમોગ્રાફી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. હાઈપરટેન્શનનો એક નવો કેસ પણ ઓળખાયો.

આ શિબિરનો ઉદ્દેશ્ય મહિલાઓને સ્વાસ્થ્ય સમસ્યાઓ પ્રત્યે જાગૃત કરવાનો અને તેમને જરૂરી સલાહ આપવાનો હતો. ડોકટરો અને આરોગ્ય નિષ્ણાતોની ટીમે દર્દીઓની તપાસ કરી અને તેમને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની સલાહ આપી. શિબિરમાં મહિલાઓને પૌષ્ટિક આહાર, નિયમિત કસરત અને તણાવ વ્યવસ્થાપનના મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, શિબિરમાં હાજર મહિલાઓને આરોગ્ય તપાસ રિપોર્ટ અને ફોલો-અપ સૂચનાઓ પણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ડૉ. મોનિકા શર્માએ મહિલા સ્વાસ્થ્ય સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વ્યાખ્યાન આપ્યું હતું અને જાગૃતિ લાવવા માટે આરોગ્ય સંબંધિત પોસ્ટરોનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. તેમણે મહિલાઓને નિયમિત આરોગ્ય તપાસ કરાવવા અને સંતુલિત આહાર અપનાવવા અપીલ કરી. તેમણે કહ્યું કે નિયમિત આરોગ્ય તપાસ અને વહેલા નિદાન દ્વારા ગંભીર રોગોને અટકાવી શકાય છે. શિબિર દરમિયાન, નિષ્ણાતોએ જણાવ્યું હતું કે એનિમિયા અને થાઈરોઈડના વિકાર મહિલાઓમાં ઝડપથી વધી રહ્યા છે, જેના માટે સમયસર નિદાન અને સારવાર જરૂરી છે. સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સરની તપાસ માટે મેમોગ્રાફી અને પેપ સ્મીયર ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ પરીક્ષણો મહિલાઓને સમયસર ગંભીર રોગોથી બચાવવામાં મદદરૂપ સાબિત થશે. આ પહેલથી ન કેવળ મહિલાઓને જ ફાયદો થયો, પણ સમાજમાં સ્વાસ્થ્ય જાગૃતિ વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું પણ સાબિત થયું.

## બોટાદ જિલ્લામાં બે સામૂહિક આરોગ્ય કેન્દ્રો માટે ટેન્ડરિંગ પ્રક્રિયા શરૂ થઈ

। (એજન્સી) બોટાદ, તા.૨૪ ।

બોટાદ જિલ્લાના લાઠીદડ અને પાળીયાદ ખાતેના સામૂહિક આરોગ્ય કેન્દ્રોનાં જર્જરિત મકાનો અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે લાઠીદડના આરોગ્ય કેન્દ્રના નવા મકાનના બાંધકામ માટે રૂ. ૬.૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જ્યારે પાળિયાદમાં રૂ. ૬.૬૦ કરોડના ખર્ચે બોટાદ જિલ્લામાં બે સામુહિક આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડિંગના બાંધકામ માટે ટેન્ડરિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. બોટાદ જિલ્લાના આ સામુહિક આરોગ્ય કેન્દ્ર અંગે મંત્રીએ લાઠીદડની વિગતો આપતાં જણાવ્યું કે આરોગ્ય વિભાગના તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૧૦ના ઠરાવથી લાઠીદડના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને અપગ્રેડ કરી, સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યું છે તેમજ આ માટે જરૂરી વધારાનું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે. નવા સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે ઉંજીના ધારાધોરણ મુજબ સીએચસી માટે કુલ ૭૫૦૦ ચો.મી.થી ૧૦૦૦૦ ચો.મી. જગ્યાની જરૂરિયાત રહે છે. જ્યારે મંજૂર થયેલ પ્લાન મુજબ તાલુકા કક્ષાની આરોગ્ય વિષયક સુવિધા માટે કુલ ૧૮૦૦ ચો.મી.થી ૨૩૦૦ ચો.મી. બાંધકામ કરવાનું થાય છે.

## સુરતમાં સ્થાનિક લોકોએ પીઆઇ પર હુમલો કર્યો

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

સુરતમાંથી ફરી એક વાર ચકચારી ઘટના સામે આવી છે. જ્યાં દિલ્હી ગેટ ચોકી પાસે કેટલાક શખ્સોએ પીઆઈ એમ વાય ગોહિલ સાથે ઝપાઝપી કરી હોવાનું કહેવાય છે. સુરતની આ ઘટનામાં જોઈએ તો, વાહન ડિટેઈન કરવાને લઈને બબાલ થઈ હતી. સ્થાનિક લોકોનો આરોપ છે કે પીઆઈ નશામાં હતા અને તેમણે એક મહિલાને લાફો મારી દીધો જે બાદ બઘડાટી બોલી હતી. અહીં ઉલ્લેખનિય છે કે, સુરત સિટીમાં ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા પીઆઈ પર કેટલાય શખ્સોએ રોડ પર હુમલો કર્યો હોવાની વાત સામે આવી રહી છે.

## વન્યજીવ અભયારણ્યની હદથી એક કિ.મી. ત્રિજ્યામાં માઈનિંગ પર પ્રતિબંધ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

અંબાજી-બાલારામ વન્યજીવ અભયારણ્યની આસપાસ વર્ષ ૨૦૧૯થી રાજ્ય સરકાર દ્વારા એક પણ લિઝને મંજૂરી આપવામાં આવી નથી? ગુજરાતમાં કેન્દ્ર સરકારની નીતિ મુજબ વન્યજીવ અભયારણ્યની એક કિ.મી.ની ત્રિજ્યામાં માઈનિંગની કામગીરી માટે મંજૂરી આપવામાં આવતી નથી,જેથી છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાતા તાલુકાના અંબાજી-બાલારામ અભયારણ્યની આસપાસ પ્રતિબંધ અંતર્ગત આ પ્રકારની કોઈ પ્રવૃત્તિ કે ભંગ થયો નથી તેમ, વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુતર આપતા વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું. રાજ્ય મંત્રી મુકેશ પટેલે ગૃહમાં વધુ વિગત આપતા કહ્યું હતું કે,બાલારામ વન્યજીવ અભયારણ્ય હેઠળ ઈકો સેન્સિટીવ ઝોનમાં બનાસકાંઠા અને સાબરકાંઠાના પાંચ તાલુકાના અંદાજે ૧૩૩ ગામનો સમાવેશ થાય છે. આ ઈકો સેન્સિટીવ ઝોનમાં રહેતા ખેડૂતો ખેતી માટે કૂવો ખોદી શકે,વીજ જોડાણ લઈ શકે, હયાત રસ્તાનું સમારકામ,પશુ પાલન માટે તબેલો, ઘર, કમ્પાઉન્ડ વોલ, આ વિસ્તારમાં દવાખાનું, આંગણવાડી શાળા, ખેતી કરવા વિવિધ પાક,જૈવિક ખેતી, કુટીર ઉદ્યોગ, સોલાર પેનલ, કૌશલ્ય વિકાસ તેમજ પર્યાવરણ જાગૃતિ જેવી પ્રવૃત્તિ કરી શકાય છે.

## અમદાવાદમાં ૮ અને ૯ એપ્રિલે કોંગ્રેસની મહત્ત્વપૂર્ણ બેઠક યોજાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું આગામી અધિવેશન ૮ અને ૯ એપ્રિલના રોજ ગુજરાતના અમદાવાદમાં યોજાશે. આ બેઠકમાં દેશભરમાંથી અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી (AICC)ના પ્રતિનિધિ હાઈકમાન્ડ સાથે ઉપસ્થિત રહેશે. AICCના પ્રભારી અને પાર્ટીના મહાસચિવ કેસી વેણુગોપાલે આજે રવિવારે નિવેદન આપીને સમગ્ર મામલે જાણકારી આપી છે. AICCની બેઠકમાં ભવિષ્યમાં પાર્ટીની કાર્યવાહીને લઈને રૂપરેખા તૈયાર કરાશે. કેસી વેણુગોપાલે કહ્યું કે, ગુજરાતમાં આગામી ૮-૯ એપ્રિલે AICCનું અધિવેશન થશે. આ મહત્ત્વપૂર્ણ બેઠકમાં AICCના પ્રતિનિધિઓ આવશે. જેઓ ભાજપની જનવિરોધી નીતિથી ઉત્પન થતાં પડકારો અને બંધારણના મુલ્યો પર થઈ રહેલા હુમલાને લઈને ચર્ચા કરવામાં આવશે. આ સાથે ભવિષ્યમાં પાર્ટીની કામગીરીને લઈને માળખુ તૈયાર કરાશે. અમદાવાદમાં અધિવેશન સત્રની શરૂઆત ૫ એપ્રિલે વિસ્તારિત કોંગ્રેસ કાર્યસમિતિ (CWC) બેઠક યોજાશે. આ બંને બેઠકોની અધ્યક્ષતા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે કરશે, બેઠકમાં કોંગ્રેસ સંસદ દળના અધ્યક્ષ ભાગ લેશે. જેમાં સોનિયા ગાંધી, વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રી, રાષ્ટ્રીય પદાધિકારી, વરિષ્ઠ પાર્ટીના નેતા અને અન્ય પ્રતિનિધિઓ સામેલ થશે. આ AICC સત્ર બેલગામ વિસ્તૃત CWC મીટિંગમાં અપનાવવામાં આવેલા ઠરાવોના ચાલુ તરીકે બોલાવવામાં આવી રહ્યું છે, જે ૧૯૨૪ ના INC અધિવેશનમાં મહાત્મા ગાંધીના રાષ્ટ્રપતિ પદની ૧૦૦મી વર્ષગાંઠની યાદમાં યોજવામાં આવ્યું હતું. ૧૯૨૪ માં બેલગામ ખાતે યોજાયેલું કોંગ્રેસનું ૩૯મું અધિવેશન મહાત્મા ગાંધીની અધ્યક્ષતામાં એકમાત્ર કોંગ્રેસનું અધિવેશન હતું. ગયા વર્ષે ૨૬-૨૭ ડિસેમ્બરે બેલગામ સત્ર યોજાયું હતું. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, મહાત્મા ગાંધી, ડૉ. ભીમરાવ આંબેડકર અને બંધારણના વારસાનું જતન, રક્ષણ અને પ્રોત્સાહન આપવાની જરૂરિયાતને ઓળખે છે. ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫થી ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ની વચ્ચે કોંગ્રેસ મહાત્મા ગાંધીના જન્મસ્થળ ગુજરાતમાં AICC સત્રની સાથે અનેક કાર્યક્રમોનું આયોજન કરશે તે નક્કી કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ બંધારણ બચાવો રાષ્ટ્રીય પદયાત્રા નામથી એક વિશાલ અને રાષ્ટ્રવ્યાપી જનસંપર્ક અભિયાન શરૂ કરશે. કેસી વેણુગોપાલે એક નિવેદનમાં કહ્યું કે, આગામી સત્ર ફક્ત મહત્ત્વપૂર્ણ ચર્ચાઓ માટે એક પ્લેટફોર્મ તરીકે જ નહીં, પરંતુ સામાન્ય લોકોની ચિંતાઓને સંબોધવા અને સામાન્ય માણસને એક મજબૂત, વૈકલ્પિક માર્ગ પ્રદાન કરવા માટે કોંગ્રેસ પાર્ટીના સામૂહિક સંકલ્પને પણ પુનઃપુષ્ટિ આપશે.

## ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ભ્રષ્ટાચારનો આરોપ લગાવાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

ગુજરાતમાં ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં મોટા પાયે ગેરરીતિ આચરવામાં આવી હોવાનો ગંભીર આરોપ ભાજપના નેતા ભરત કાનાબારે લગાવ્યો છે. કાનાબારે આક્ષેપ કર્યો છે કે ભ્રષ્ટ અધિકારીઓ અને વચેટિયાઓની સાંઠગાંઠથી મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે, જેમાં બજારમાંથી ખરીદાયેલી હલકી ગુણવત્તાવાળી મગફળી સરકારને વેચવામાં આવી છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને ડૉ. ભરત કાનાબારે આ બાબતે અનેક સવાલો ઉઠાવ્યા છે. તેમણે જણાવ્યું કે કેટલાક ભ્રષ્ટ અધિકારીઓના કારણે આ ગોલમાલ થઈ છે, જેમાં વેપારીઓ અને ભ્રષ્ટ અધિકારીઓએ મિલીભગત કરીને ફાયદો ઉઠાવ્યો છે. કાનાબારે દિલીપ સંઘાણીના ખેડૂતો માટેના પ્રામાણિક પ્રયાસોની પ્રશંસા કરી હતી, પરંતુ સાથે જ સરકારમાં હલકી ગુણવત્તાવાળી મગફળી પધરાવવાનું કારસ્તાન ચાલતું હોવાનો દાવો કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે સરકારનો ખેડૂતોને ફાયદો કરાવવાનો નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ છે અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તે માટે MSP યોજના પણ ચલાવવામાં આવે છે, પરંતુ સરકારી યોજનાઓમાં ગેરરીતિ કરવાનો અધિકારીઓ દ્વારા પ્રયાસ થઈ રહ્યો છે.તો બીજી તરફ, મનહર પટેલે આ મામલે સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે સરકારનો ઈરાદો ભ્રષ્ટાચારીઓ પર લગામ લગાવવાનો નથી. મનહર પટેલે ભ્રષ્ટ અધિકારીઓ પર સરકાર લગામ લગાવે તે જરૂરી હોવાનું જણાવ્યું હતું અને ભ્રષ્ટ અધિકારીઓના પાપે ખેડૂતો પણ પરેશાન હોવાની વાત કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે "ભાજપની ચંડાળ ચોકડી જ ભ્રષ્ટાચાર કરે છે" અને સરકારી તંત્રનો મિજાજ ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવાનો નથી. મનહર પટેલે ડાંગર કૌભાંડના આરોપી કેટલા દિવસમાં પકડાયો તે સવાલ ઉઠાવીને સરકારની કામગીરી પર પ્રશ્નચિહ્ન મૂક્યું હતું અને કટાક્ષમાં કહ્યું હતું કે "દાદાની સરકાર બપોરના સમયે ઊંઘી જાય છે". દિલીપ સખિયાએ આ ઘટનામાં નૈતિક્તાનો અભાવ હોવાનું જણાવ્યું હતું અને ખેડૂતો સાથે છેતરપિંડી થઈ હોવાનું કહ્યું હતું. તેમણે સરકારને નક્કર પોલિસી લાવવા અને ખેડૂતોનું પાણીપત્ર ઓનલાઈન ભરવાની તથા ખેડૂતે મગફળીનું વાવેતર કર્યું છે કે કેમ તેની જાણકારી હોવી જરૂરી હોવાનું સૂચન કર્યું હતું.

### ૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

## સબસિડીયુક્ત નીમ કોટેડ યુરિયા ખાતરની ૧૦૦ બેગ ઝડપાઈ

। (એજન્સી) નંદાસણ, તા.૨૪ ।

ગુજરાતમાં ફરી એક વાર સબસિડીયુક્ત નીમ કોટેડ યુરિયા ખાતર ઝડપાયું હોવાનું સામે આવી રહ્યું છે. સબસિડીયુક્ત નીમ કોટેડ યુરિયા ખાતરની અછત સર્જાતા ખેડૂતોને હાલાકી થતી હોય છે. ત્યારે મહેસાણામાં સબસિડીયુક્ત નીમ કોટેડ યુરિયા ખાતર ઝડપાયું છે. નંદાસણના લક્ષ્મીપુરાની સીમમાંથી ખાતરની ૧૦૦ બેગ ઝડપાઈ છે. યુરિયા ખાતર સહિત ૭.૩૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. ઓમ શોપ નામની ફેકટરીમાં રેઝિન બનાવવા ઉપયોગ કરાતો હતો. ગત ૯ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ પોલીસે કાર્યવાહી કરી હતી. તપાસના રિપોર્ટ બાદ ફેકટરી સંચાલક સહિત ૨ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. બીજી તરફ આ અગાઉ પાટણમાં સરકારી અનાજના જથ્થાના કાળા કારોબારનો પર્દાફાશ થયો હતો. ૩૬ હજાર કિલો સરકારી અનાજનો જથ્થો ઝડપાયો હતો. સમીના વરાણા નજીકથી ઝડપાયો સરકારી અનાજનો જથ્થો ઝડપાયો હતો. SOG અને મામલતદારની મોટી કાર્યવાહી કરવામાં આવી હતી.

### ૫ લોકોના ઘટના સ્થળે જ મોત । લીંબડી રાજકોટ હાઈવે પર એક અકસ્માત સર્જાયો

## ડમ્પર અને ખાનગી બસ ધડાકાભેર અથડાતા અકસ્માત

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૪ ।

જિલ્લામાં એક ભયંકર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં લીંબડી રાજકોટ હાઈવે પર એક અકસ્માત સર્જાયો અને આ અકસ્માતમાં ૫ લોકોના કરુણ મોત થયા હોવાનું સામે આવ્યું છે.

ડમ્પર અને મીની ખાનગી બસ વચ્ચે આ અકસ્માત સર્જાયો હતો. જેમાં કુલ ૫ લોકોના કરુણ મોત થયા હોવાનું સામે આવ્યું છે. અકસ્માત એટલો ભયંકર હતો કે ઘટના સ્થળે જ પાંચેય લોકોના મોત નિપજ્યા હતા.

બનાવની જો વિગતવાર વાત કરીએ તો મોરવાડ ગામના પાટિયા પાસે આવેલ બ્રિજ પર આ અકસ્માત સર્જાયો છે. જેમાં ૧ મહિલા સહિત ૫ વ્યક્તિઓના ઘટના સ્થળે જ મોત નિપજ્યા છે. જેના કારણે મૃતકોના પરિવારમાં હાલ શોકનો માહોલ ફેલાઈ ગયો છે. બીજી તરફ અકસ્માતને લઈને સ્થળ પર મોટા પ્રમાણમાં લોકોની ભીડ એકઠી થઈ હતી. અકસ્માત એટલો ભયંકર હતો કે મીની ખાનગી બસનો આગળનો અડધો ભાગ ડમ્પરની પાછળ ઘૂસી ગયો હતો. અકસ્માતમાં બસનો કચ્ચરઘાણ બોલાઈ ગયો હતો. ૮ લોકો આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં તેમને એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતને લઈને હાઈવે પર ભારે ટ્રાફિક જામના દૃશ્યો પણ સર્જાયા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ પણ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી અને પોલીસે આ ઘટનાને લઈને સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે સુરેન્દ્રનગરના લીંબડી રાજકોટ હાઈવે પર આ ભયંકર અકસ્માત સર્જાયો છે. જેમાં ખાનગી મીની બસ અને ડમ્પર વચ્ચે આ અકસ્માત સર્જાયો છે. ધડાકાભેર અકસ્માત થતાં બસનો કચ્ચરઘાણ બોલાઈ ગયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે ઘટના સ્થળે જ ૫ લોકોના કરુણ મોત નિપજ્યા છે. જ્યારે ૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જેથી તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# મહાશિવરાત્રી પર તમારા ઘરે સ્પીડ પોસ્ટ દ્વારા પ્રાપ્ત કરો શ્રી સોમનાથ, શ્રી કાશી વિશ્વનાથ અને શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગનો પ્રસાદ : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

। અમદાવાદ, તા.૨૪ ।

મહાશિવરાત્રી પર શિવજીની આરાધના કરવાનો વિશેષ મહિમા છે. દરેક વ્યક્તિ ભગવાન શિવના જ્યોતિર્લિંગ સ્વરૂપના દર્શન કરવા અને આશીર્વાદ સ્વરૂપે પ્રસાદ મેળવવાની ઈચ્છા રાખે છે. પરંતુ કેટલાક ભક્તો ઈચ્છવા છતાં દર્શન કરી શકતા નથી. હવે આવા ભક્તોએ નિરાશ થવાની જરૂર નથી. પોસ્ટ વિભાગની સ્પીડ પોસ્ટ સેવા દ્વારા, લોકો દેશના કોઈપણ ખૂણામાં, ગુજરાતના શ્રી સોમનાથ મંદિર, વારાણસીના શ્રી કાશી વિશ્વનાથ મંદિર, અને ઉજ્જૈનના શ્રી મહાકાલેશ્વર મંદિર નો પ્રસાદ ઘરે બેઠા મેળવી શકે છે. ઉપરોક્ત માહિતી ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્ર અને કચ્છ પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે આપી. આ ઉપરાંત, મહાશિવરાત્રી પર પોસ્ટ ઓફિસમાંથી ગંગાજળની સુવિધા પણ ઉપલબ્ધ છે. ૨૫૦ મિલી ગંગાજળની બોટલ ફક્ત ૩૦ રૂપિયામાં મેળવી શકાય છે.





પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે શ્રી સોમનાથ ટ્રસ્ટે ભારતીય ટપાલ વિભાગ સાથે ભક્તોને તેમના ઘરે પ્રસાદ પહોંચાડવા માટે કરાર કર્યો છે. આ કરાર હેઠળ, કોઈપણ ભક્ત રૂપિયા ૨૭૦ નો ઈ-મની ઓર્ડર મેનેજર, શ્રી સોમનાથ ટ્રસ્ટ, પ્રભાસ પાટણ, જિલ્લો- જૂનાગઢ, ગુજરાત- ૩૬૨૨૬૮ ને મોકલીને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ મંગાવી શકે છે. ઈ-મની ઓર્ડર પર "પ્રસાદ માટે બુકિંગ" લખેલું હોવું જોઈએ. ત્યારબાદ, શ્રી સોમનાથ ટ્રસ્ટ સંબંધિત ભક્તને સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદનું ૪૦૦ ગ્રામનું પેકેટ મોકલશે. આ પ્રસાદમાં ૨૦૦ ગ્રામ મગસના લાડુ, ૧૦૦ ગ્રામ તલની ચીક્કી અને ૧૦૦ ગ્રામ માવા ચીક્કી હશે. શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ પણ સ્પીડ પોસ્ટ સેવા દ્વારા દેશભરના લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. આ અંતર્ગત, ફક્ત રૂપિયા ૨૫૧ નો ઈ-મની ઓર્ડર સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ પોસ્ટ ઓફિસ, વારાણસી (પૂર્વ) ડિવિઝન- ૨૨૧૦૦૧ ના નામે મોકલવાનો રહેશે. ઈ-મની ઓર્ડર મળ્યા પછી, પોસ્ટલ વિભાગ દ્વારા પ્રસાદ તરત જ સ્પીડ પોસ્ટ દ્વારા આપેલા સરનામે મોકલવામાં આવશે. ભારતીય ડાક સેવાના વરિષ્ઠ અધિકારી શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પ્રસાદમાં શ્રી કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગની છબી, મહામૃત્યુંજય યંત્ર, શ્રી શિવ ચાલીસા, ૧૦૮ દાણાની રુદ્રાક્ષ માળા, બેલપત્ર, માતા અન્નપૂર્ણા પાસેથી ભિક્ષા માંગતા ભોલે બાબાની છબી ધરાવતો સિક્કો, ભભૂતિ, રક્ષાસૂત્ર, રુદ્રાક્ષ મણકા, મેવા, સાકરનું પેકેટ વગેરેનો સમાવેશ થાય છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે માહિતી આપી હતી કે ઉજ્જૈનના પ્રખ્યાત શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ મંદિરનો પ્રસાદ પણ પોસ્ટ દ્વારા મંગાવી શકાય છે. આ માટે, મેનેજર, સ્પીડ પોસ્ટ સેન્ટર, ઉજ્જૈન ને રૂપિયા ૨૫૧ નો ઈ-મની ઓર્ડર મોકલવાનો રહેશે અને બદલામાં ત્યાંથી સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ મોકલવામાં આવશે. આ પ્રસાદમાં ૨૦૦ ગ્રામ લાડુ, ભભૂતિ અને ભગવાન શ્રી મહાકાલેશ્વરજીની છબીનો સમાવેશ થાય છે.

પોસ્ટ વિભાગે એવી પણ વ્યવસ્થા કરી છે કે શ્રદ્ધાળુઓને સ્પીડ પોસ્ટની વિગતો તેમના મોબાઈલ નંબર પર SMS દ્વારા મળી રહે. આ માટે, ભક્તોએ ઈ-મની ઓર્ડરમાં પોતાનું પૂરું સરનામું, પિન કોડ અને મોબાઈલ નંબર લખવો ફરજિયાત રહેશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યૂઝ બ્રિફ

### મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ૨૫૦૬ કરોડ વપરાયા નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં રૂપિયા ૫૦૦૫ કરોડની બજેટ જોગવાઈ સામે રૂા.૩૧૦૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જ્યારે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં કુલ રૂપિયા ૫૭૫૧ કરોડના મંજૂર પ્રોજેકટ મૂલ્ય સામે રૂ. ૫૧૦૨ કરોડનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. જેને કારણે રાજ્યમાં હજી કાચા રસ્તાઓની લંબાઈ ૬૦૬૮ કિ.મી છે જે કુલ રસ્તાના ૧૧.૬૨% છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૪-૧૫ સુધી જે કેન્દ્રનો હિસ્સો ૧૦૦ ટકા હતો તે વર્ષ ૨૦૧૫-૧૬ થી કેન્દ્રનો હિસ્સો ૬૦ ટકા અને રાજ્યનો ૪૦ ટકા કરવામાં આવ્યો છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩ના અંતે નોન-પ્લાન રસ્તાની કુલ લંબાઈ ૪૯,૫૮૦ કિ.મી. હતી. વધુમાં, વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના, કિસાનપથ યોજના વગેરે અંતર્ગત નવા ૨૬૪૪ કિ.મી.ના રસ્તાઓ પૂર્ણ કરવામાં આવતાં વર્ષ ૨૦૨૩-૨૪ના અંતે નોન-પ્લાન રસ્તાઓની કુલ લંબાઈ વધીને ૫૨,૨૨૪ કિ.મી. થઈ હતી. વર્ષ ૨૦૨૩-૨૪ના અંતે નોન-પ્લાન રસ્તાઓની કુલ લંબાઈ ૫૨૨૨૪ કિ.મી. પૈકી પાકા રસ્તાઓની લંબાઈ ૪૬૧૫૬ કિ.મી. (૮૮.૩૮ ટકા) હતી, જ્યારે કાચા રસ્તાઓની લંબાઈ ૬૦૬૮ કિ.મી. (૧૧.૬૨ ટકા) હતી.

### મોદીએ Kisan યોજનાનો ૧૯મો હપ્તો કર્યો જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

દેશભરના કરોડો ખેડૂતો માટે એક સારા સમાચાર છે. ભાગલપુરમાં આયોજિત એક ખાસ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૯મો હપ્તો બહાર પાડ્યો છે. આ દરમિયાન પીએમ નરેન્દ્ર મોદીએ દેશભરના લગભગ ૯.૮ કરોડ ખેડૂતોના ખાતામાં DBT દ્વારા ૨૨ હજાર કરોડ રૂપિયાની રકમ ટ્રાન્સફર કરી. ૧૯ મા હપ્તાનો લાભ મળ્યા બાદ દેશભરના કરોડો ખેડૂતો ખૂબ ખુશ છે. ગયા વર્ષે ૫ ઓક્ટોબરના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૮મો હપ્તો બહાર પાડ્યો હતો. ૧૮ મો હપ્તો મળ્યા બાદ, દેશભરના કરોડો ખેડૂતો ૧૯ મા હપ્તાની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, તેમની રાહ આજે પૂરી થઈ ગઈ છે. તે જ સમયે, દેશમાં ઘણા ખેડૂતો છે જેમના ખાતામાં ૧૯મા હપ્તાના પૈસા મળ્યા નથી. પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૯મો હપ્તો ખાતામાં ન આવવાનું મુખ્ય કારણ યોજનામાં ઈ-કેવાયસી અને જમીનના રેકોર્ડની ચકાસણી ન થવી છે. જો તમે આ બે મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કર્યા નથી, તો આ એક મુખ્ય કારણ છે જેના કારણે ૧૯મા હપ્તાના પૈસા તમારા ખાતામાં આવ્યા નથી. તે જ સમયે પીએમ કિસાન સન્માન નિધિ યોજનામાં અરજી કરતી વખતે જે ખેડૂતોએ કોઈ ખોટી માહિતી દાખલ કરી હતી તેમના ખાતામાં ૧૯ મા હપ્તાના પૈસા આવ્યા નથી. જો તમે અટકેલા ૧૯ મા હપ્તાનો લાભ મેળવવા માંગતા હો, તો તમારે શક્ય તેટલી વહેલી તકે યોજના હેઠળ e-KYC અને જમીનના રેકોર્ડની ચકાસણી કરાવવી જોઈએ.

### સોના-ચાંદીમાં ખરીદી વધી

# સોનાનો ભાવ રૂ. ૫૦૦ વધી રૂ. ૮૯૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચે પહોંચ્યો

## ચાંદીએ બે દિવસથી ૯૬૦૦૦ની સપાટી જાળવી રાખી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાઓના વાદળો વચ્ચે કિંમતી ધાતુમાં તેજી જળવાઈ રહી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વોર અને આર્થિક અનિશ્ચિતતાઓના કારણે ડોલર ઈન્ડેક્સ નબળો પડ્યો છે. પરિણામે સોના-ચાંદીના ભાવ સ્થિર ધોરણે વધી રહ્યા છે. આજે અમદાવાદમાં સોનાએ રૂ. ૫૦૦ ઉછળી ફરી રેકોર્ડ ટોચ પાછી મેળવી છે. બીજી બાજુ ચાંદી સ્થિર રહી હતી. અમદાવાદમાં સોનાનો ભાવ રૂ. ૫૦૦ વધી રૂ. ૮૯૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ટોચે પહોંચ્યો છે. અગાઉ ૧૯ ફેબ્રુઆરીએ



સ્થાનિક સ્તરે સોનું રૂ. ૮૯૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઓલટાઈમ હાઈએ પહોંચ્યુ હતું. ચાંદીએ છેલ્લા બે દિવસથી રૂ. ૯૬૦૦૦ની સપાટી જાળવી રાખી છે. ગત સપ્તાહે ચાંદી રૂ. ૯૭૦૦૦ પ્રતિ ૧ કિગ્રા નોંધાયા બાદ પ્રોફિટ બુકિંગનો સામનો કરી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિથી અનિશ્ચિતતાઓ વધી છે. બીજી તરફ આ સપ્તાહે અમેરિકાના જીડીપી-ફુગાવાના ડેટા આવવાના છે. જેથી રોકાણકારો હાલ બુલિયન માર્કેટમાં થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે. તેમજ છેલ્લા કેટલાક સમયથી નોંધાયેલી તેજીમાં પ્રોફિટ બુક કરતાં પણ જોવા મળ્યા છે. આજે એમસીએક્સ પર સોનું નજીવું રૂ. ૩૦૦ વધ્યું છે. જ્યારે ચાંદી વાયદો રૂ. ૨૫૨ના ઘટાડે ક્વોટ થઈ રહ્યો છે. એલકેપી સિક્યોરિટીઝના રિસર્ચ એનાલિસ્ટ જતિન ત્રિવેદીએ તમામ પરિબળોને ધ્યાનમાં લેતાં સોનામાં આગામી સપોર્ટ રૂ. ૮૫૫૦૦-૮૫૨૦૦ નિર્ધારિત કર્યો છે. તેમજ રેઝિસ્ટન્સ લેવલ રૂ. ૮૬૪૫૦-૮૬૬૦૦ આપ્યું છે.

### બંને પિતરાઈ ભાઈઓ વચ્ચે બે મહિનામાં ત્રીજી મુલાકાત

# રાજ ઠાકરે-ઉદ્ધવ ઠાકરેની વચ્ચે મુલાકાત બાદ રાજકીય ગરમાવો

## એક લગ્ન સમારોહમાં બંને વચ્ચે મુલાકાત થઈ હતી

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના પ્રમુખ રાજ ઠાકરે અને શિવસેના યુબીટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે વચ્ચે એક લગ્ન સમારોહમાં મુલાકાત થઈ છે. અંધેરી વિસ્તારમાં એક સરકારી અધિકારી મહેન્દ્ર કલ્યાણકરના પુત્રના રવિવારે લગ્ન યોજાયા હતા, જેમાં બને નેતાઓ સાથે દેખાતા રાજકારણમાં નવી અટકળો શરૂ થઈ ગઈ છે. મુલાકાત બાદ એવું કહેવાય છે કે, બંને નેતાઓ કોર્પોરેશનની ચૂંટણી પહેલા પોતાના રાજકીય મતભેદો સુધારવાના પ્રયાસો કરી શકે છે. ઉદ્ધવ ઠાકરે રાજ ઠાકરેના પિતરાઈ ભાઈ છે અને બંને



ભાઈઓ આંતરિક મતભેદના કારણે રાજકીય રૂપે અલગ થઈ ગયા છે. મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પરિણામો બાદ સત્તાધારી મહાયુતિ અને વિપક્ષી મહા વિકાસ અઘાડી (MVA) બંને ગઠબંધનમાં તિરાડ પડી હોવાના અફવાઓ ચાલતી રહી છે, ત્યારે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેની મુલાકાતા થયા બાદ રાજકીય ગરમાવો શરૂ થઈ ગયો છે. રાજકીય નિરીક્ષકોનું કહેવું છે કે, રાજ્યમાં ટૂંક સમયમાં બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત નાગરિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજાવાની છે, જેને ધ્યાને રાખી મનસે અને શિવસેના યુબીટી પોતાના રાજકીય મતભેદોનો નિવેડો લાવવા માગતા હોવાની સંભાવના છે. જોકે નાગરિક સંસ્થાઓની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયો નથી. ઉલ્લેખનીય છે કે, બંને પિતરાઈ ભાઈઓ વચ્ચે છેલ્લા બે મહિનામાં ત્રીજી વખત જાહેર મુલાકાત થઈ છે, જેના કારણે બંને પક્ષો વચ્ચેના સંબંધોમાં સુધારો થયો હોવાની અટકળો વહેતી થઈ છે.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ભારતીય ઓડિટ અને એકાઉન્ટ્સ સર્વિસ, ઈન્ડિયન રેલ્વે પ્રોટેક્શન ફોર્સ સર્વિસ, ઈન્ડિયન રેલ્વે મેનેજમેન્ટ સર્વિસ (એકાઉન્ટ્સ) અને ઈન્ડિયન રેલ્વે મેનેજમેન્ટ સર્વિસ (ટ્રાફિક)ના અધિકારી તાલીમાર્થીઓ સાથે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મુલાકાત કરી.

### બાંગ્લાદેશ-પાકિસ્તાન વચ્ચે નિકટતા વધી

# ૫૪ વર્ષમાં પહેલીવાર બાંગ્લાદેશ-પાકિસ્તાન વચ્ચે વેપાર શરૂ થયો



। (એજન્સી) નવી દિલ્હી, તા. ૨૪ ।

બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે નિકટતા વધી રહી છે. બાંગ્લાદેશનો ભારત વિરોધી અને પાકિસ્તાન પ્રત્યેનો પ્રેમ આ દેશ માટે મોંઘો સાબિત થઈ શકે છે. ૫૪ વર્ષમાં પહેલી વાર બાંગ્લાદેશ અને પાકિસ્તાન વચ્ચે સીધો વેપાર શરૂ થયો છે. તાજેતરમાં, બાંગ્લાદેશે પાકિસ્તાની માલસામાન અંગે મંજૂરી આપી હતી કે ત્યાંથી આવતા કાર્ગોની કોઈ ભૌતિક તપાસ કરવામાં આવશે નહીં. એટલું જ નહીં, હવે બંને દેશો વચ્ચે સીધા વેપારને પણ મંજૂરી આપવામાં આવી છે. ૧૯૭૧ના ભાગલા પછી પહેલી વાર પાકિસ્તાન અને બાંગ્લાદેશે સીધા વેપાર સંબંધો પુનઃસ્થાપિત કર્યા છે. આ ઐતિહાસિક પગલામાં, સરકારની મંજૂરી મળ્યા બાદ પ્રથમ કાર્ગો જહાજ પાકિસ્તાનના પોર્ટ કાસિમથી બાંગ્લાદેશ માટે રવાના થયું છે. બંને દેશો વચ્ચે ફેબ્રુઆરી ૨૦૨૫ ની શરૂઆતમાં કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું, જેમાં બાંગ્લાદેશ 'ટ્રેડિંગ કોર્પોરેશન ઓફ પાકિસ્તાન' દ્વારા ૫૦,૦૦૦ ટન પાકિસ્તાની ચોખા ખરીદવા સંમત થયું હતું. આ ચોખા બે તબક્કામાં મોકલવામાં આવશેઃ ૨૫,૦૦૦ ટનનો પહેલો માલ હાલમાં બાંગ્લાદેશ જવા માટે તૈયાર છે, જ્યારે બાકીના ૨૫,૦૦૦ ટન માર્ચની શરૂઆતમાં મોકલવામાં આવશે. સરકારી મંજૂરી સાથે પાકિસ્તાનથી બાંગ્લાદેશ માલ મોકલવામાં આવ્યો છે. આ માલવાહક જહાજ કરાચીના કાસિમ બંદરથી રવાના થયું હતું. બાંગ્લાદેશની રચના ૧૯૭૧માં થઈ હતી અને ત્યારથી તેનો ક્યારેય પાકિસ્તાન સાથે સીધો વેપાર થયો નથી. આવી સ્થિતિમાં, આ પરિવર્તન ખૂબ મોટું છે. દરિયાઈ વેપારની દ્રષ્ટિએ આ એક મોટો સીમાચિહ્નરૂપ છે. ભારતના ભાગલાના પરિણામે બનેલા પાકિસ્તાનના એક ભાગને પૂર્વ પાકિસ્તાન કહેવામાં આવતું હતું, જે ૧૯૭૧માં અલગ થઈ ગયું અને તેનું નવું નામ બાંગ્લાદેશ બન્યું. મુસ્લિમ બહુમતીવાળા બાંગ્લાદેશની રચના બંગાળી ભાષાના નામે થઈ હતી, પરંતુ શેખ હસીનાને સત્તા પરથી દૂર કર્યા પછી, ત્યાં ઈસ્લામિક કટ્ટરપંથી શક્તિઓ ફરીથી મજબૂત બની રહી છે. પાકિસ્તાન સાથે વેપાર વધવાની સ્થિતિમાં, બાંગ્લાદેશનો ભારત સાથેનો વ્યવસાય નબળો પડવાની શક્યતા છે. બાંગ્લાદેશ ભારતમાંથી મોટા પ્રમાણમાં ખાદ્ય પદાર્થોની આયાત કરતું રહ્યું છે, પરંતુ હવે તે પાકિસ્તાનની નજીક જઈ રહ્યું છે. શેખ હસીનાના સત્તા પરથી ગયા પછી, બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસે પાકિસ્તાન સાથેની નિકટતા વધારી છે.

### બોલો જુબાં કેસરી

# પાન મસાલાની એડ કરવા બદલ શાહરુખ, અજય દેવગન અને ટાઈગર શ્રોફને લીગલ નોટિસ મળી

। (એજન્સી) કોટા, તા. ૨૪ ।

બોલીવિડના સુપર સ્ટાર શાહરુખ ખાન, અજય દેવગન અને ટાઈગર શ્રોફને બોલો જુબાં કેસરી પાન મસાલાની વિજ્ઞાપન કરવી ભારે પડી છે. હાલમાં જ રાજસ્થાનના કોટામાં એક સામાજિક કાર્યકર્તાએ આ ત્રણેય એક્ટર વિરુદ્ધ કન્ઝ્યૂમર કોર્ટમાં ફરિયાદ કરી દીધી છે. ફરિયાદમાં કહેવાયું છે કે, બોલો જુબાં કેસરીમાં આ એક્ટર કેસર યુક્ત પાન મસાલાનો પ્રચાર કરીને યુવાનોને ગુમરાહ કરી રહ્યા છે. તેના પર આયોગે ન ફક્ત આ બોલીવુડ સ્ટારને પણ આ પ્રોડક્ટ બનાવતી કંપનીને પણ નોટિસ ફટકારી ૨૧ એપ્રિલ સુધીમાં જવાબ માગ્યો છે. કોટામાં ભાજપના નેતા અને સિનિયર વકીલ વિવેક નંદવાના સાથે ઈંદ્ર મોહન હનીએ ગ્રાહક સુરક્ષા અધિનિયમની ધારા ૮૯ અંતર્ગત ફરિયાદ દાખલ કરી હતી. તેમનું કહેવું છે કે કેસર એક મોંઘો મસાલો છે, જેની કિંમત હજારો રુપિયા પ્રતિ ગ્રામ હોય છે. ત્યારે આવા સમયે પાન મસાલા, જે ખૂબ જ મામૂલી કિંમતે વેચાય છે, તેમાં અસલી કેસર હોવાનો દાવો શંકાસ્પદ છે. અરજીકર્તાએ તર્ક આપ્યો છે કે, આ દાવાની કોઈ વૈજ્ઞાનિક પુષ્ટિ નથી થઈ. તેમનો આરોપ છે કે આ જાહેરાત યુવાનોને પાન મસાલા ખાવા માટે ઉકસાવી રહી છે, જેનાથી સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડે છે. આ ઉપરાંત પાન મસાલા પેકેટ પર ચેતવણી નાના અક્ષરોમાં લખાયેલી



હોય છે, જેને વાંચવી પણ મુશ્કેલ છે. આ કેસમાં, ફક્ત કંપની જ નહીં પરંતુ તેના બ્રાન્ડ એમ્બેસેડર શાહરૂખ ખાન, અજય દેવગન અને ટાઈગર શ્રોફને પણ નોટિસ મોકલવામાં આવી છે. અરજદારોનું કહેવું છે કે આ સુપરસ્ટાર્સની લોકપ્રિયતા યુવાનો પર ઊંડી અસર કરે છે. જ્યારે આ સ્ટાર્સ જાહેરાતોમાં પાન મસાલાના વખાણ કરે છે, ત્યારે લોકો તેમના પર વિશ્વાસ કરે છે અને તેને ખરીદે છે. આવી સ્થિતિમાં, આ સ્ટાર્સ ભ્રામક જાહેરાતોનો ભાગ બનવા માટે પણ જવાબદાર છે. કોટા ગ્રાહક આયોગના પ્રમુખ અનુરાગ ગૌતમે આ બાબતને ગંભીરતાથી લીધી છે અને નોટિસ જારી કરી છે. બધા પક્ષોએ ૨૧ એપ્રિલ સુધીમાં જવાબ આપવો પડશે. એડવોકેટ વિવેક નંદવાનાએ જણાવ્યું હતું કે ગ્રાહકોના અધિકારોનું રક્ષણ કરવા અને ભ્રામક જાહેરાતોને રોકવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. તેમનો ઉદ્દેશ્ય આવી કંપનીઓ અને તેમના પ્રમોટરોને જવાબદાર બનાવવાનો છે. ગ્રાહક સુરક્ષા કાયદાની કલમ ૮૯ હેઠળ ગેરમાર્ગે દોરનારી જાહેરાતોને ગંભીર ગુનો ગણવામાં આવે છે.

### ૨ લાખનો દંડ થશે

# SIM કાર્ડ સંબંધિત નિયમો બદલાયા, ખોટી રીતે ખરીદી પર 3 વર્ષની જેલ

## રિપોર્ટ અનુસાર હવે નવા સિમ કાર્ડના એક્ટિવેશન્સ માટે આધાર દ્વારા બાયોમેટ્રિક વેરિફિકેશન કરવું જરૂરી થયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

સ્માર્ટફોન આપણા જીવનનો જરૂરી ભાગ બની ગયો છે, તેના વિના અમુક કલાક પસાર કરવા પણ અશક્ય થઈ ગયા છે. સિમ કાર્ડ વિના ફોન અધૂરો છે, સિમ વિના ફોન ચાલી શકતો નથી. દરમિયાન કાયદેસર સિમ કાર્ડ હોવું ખૂબ જરૂરી છે. તાજેતરમાં જ ટેલીકોમ ઈન્ડસ્ટ્રીએ સિમ કાર્ડ સાથે જોડાયેલા ઘણા ફેરફાર કર્યા છે. જેના વિશે તમારા માટે જાણવું જરૂરી છે. આ નવા પરિવર્તન સાઈબર ફ્રોડ રોકવા માટે લાગુ કરવામાં આવ્યા છે. રિપોર્ટ અનુસાર હવે નવા સિમ કાર્ડના એક્ટિવેશન્સ માટે આધાર દ્વારા બાયોમેટ્રિક વેરિફિકેશન કરવું જરૂરી થઈ ગયું છે. સિમ કાર્ડ વેચવા માટે પણ સરકારે રિટેલર્સ માટે નવા નિયમ જારી કરી દીધા છે. હવે રિટેલર્સે આ પ્રક્રિયાનું પાલન કરીને જ સિમ કાર્ડ વેચવું પડશે. ગ્રાહકના નામે કેટલા સિમ કાર્ડ કનેક્શન છે, તેની તપાસ કરવી પડશે. સાથે જ જો ગ્રાહકે અલગ-અલગ નામથી કનેક્શન લીધા છે તો તેની પણ તપાસ હવે કરવામાં આવશે. આ સાથે જ ગ્રાહકના ફોટો પણ હવે ૧૦ અલગ-અલગ એન્ગલથી



લેવા પડશે. DoT નિયમો અનુસાર એક વ્યક્તિ પોતાના આધારથી માત્ર ૯ સિમ ખરીદી શકે છે. ૯થી વધુ સિમ કાર્ડ રાખવા પર પહેલી વખત ઉલ્લંઘન કરનાર પર ૫૦,૦૦૦ રૂપિયા અને વારંવાર ઉલ્લંઘન કરનાર માટે ૨ લાખ રૂપિયાનો દંડ લગાવવામાં આવશે. ખોટી રીતે સિમ કાર્ડ લેવા પર ૫૦ લાખ રૂપિયા સુધીનો દંડ અને ત્રણ વર્ષની જેલની જોગવાઈ છે. દરમિયાન એ જાણવું ખૂબ જરૂરી છે કે તમારા આધારથી કેટલા સિમ લિંક છે. જો તમે કોઈ સિમનો ઉપયોગ કરી રહ્યાં નથી તો તમે તેને ડિસકંટિન્યૂ કરી શકો છો. તમારા આધારથી કેટલા સિમ લિંક છે તેની ડિટેલ જરૂર રાખો અને જે નંબર યુઝ કરી રહ્યાં નથી તેને તાત્કાલિક અનલિંક કરી શકો છો. તમે સેકન્ડ્સમાં આ કામ કરી શકો છો.


### સમુદ્ર તટ પર કાચબાઓનું મહાકુંભ

# ઓડિશાના દરિયાકિનારે આશરે ૭ લાખ કાચબા ઈંડા આપવા આવ્યા

## ગંજમ જિલ્લાના રુશિકુલ્યા રોકરીમાં આ વખતે ૬.૮૨ લાખથી વધુથી કાચબાએ ઈંડા મૂકીને ગયા વર્ષનો પણ રેકોર્ડ તોડ્યો

। (એજન્સી) બેરહામપુર, તા.૨૪ ।

આ વખતે ઓડિશાના દરિયાકિનારે આવું અદ્ભુત નજારો જોવા મળ્યો, જેણે બધાને ચોંકાવી દીધા. અહીં ઓલિવ રિડલે કાચબાનો મેળો ભરાયો હતો અને તેઓએ લાખો ઈંડા મૂકીને નવો રેકોર્ડ બનાવ્યો હતો. ગંજમ જિલ્લાના રુશિકુલ્યા રોકરીમાં આ વખતે ૬.૮૨ લાખથી વધુથી કાચબાએ ઈંડા મૂકીને ગયા વર્ષનો પણ રેકોર્ડ તોડી નાખ્યો છે. IAS સુપ્રિયા સાહુએ ૧૯ ફેબ્રુઆરીએ X પર વીડિયો પોસ્ટ કરતા કહ્યું હતું કે, 'ઓડિશામાં પ્રકૃતિનો અદ્ભુત નજારો જોવા મળી રહ્યો છે. લગભગ ૩ લાખ ઓલિવ રિડલે કાચબા માસ નેસ્ટીંગ માટે અહીં આવ્યા છે, જે અરિબાડા તરીકે ઓળખાય છે. આ એક દુર્લભ ઘટના છે. આ કાચબાઓ દરિયાઈ જીવસૃષ્ટિની



જાળવણીમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે અને તેમનુ પરત આવવું એ સ્વસ્થ રહેઠાણની આશાસ્પદ નિશાની છે. ઓડિશાના બેરહામપુર ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર સન્ની ખોકરેના જણાવ્યા અનુંસાર અત્યાર સુધીમાં ૬.૮૨ લાખથી વધુ ઓલિવ રિડલે કાચબાએ બીચ પર ઈંડા મૂક્યા છે. આ સંખ્યા ૨૦૨૩માં ૬.૩૭ લાખ દરિયાઈ પ્રજાતિઓના આગમનના અગાઉના રેકોર્ડને વટાવી ગઈ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ૨૦૨૩માં ૨૩ ફેબ્રુઆરીથી ૨ માર્ચ સુધીના ૮ દિવસના સામૂહિક માળખા દરમિયાન કુલ ૬,૩૭,૦૦૮ કાચબાએ ઈંડા મૂક્યા હતા, જ્યારે ૨૦૨૨માં ૫.૫૦ લાખ કાચબાએ ઈંડા મૂક્યા હતા. તેમજ હાલ જગ્યા આ બીચ વન વિભાગની કડક દેખરેખ હેઠળ રાખવામાં આવ્યો છે. નિષ્ણાતો કહે છે કે માસ નેસ્ટીંગ માટે દરિયાકિનારા પર ઓલિવ રિડલે કાચબાના રેકોર્ડ સંખ્યામાં આવવાનું મુખ્ય કારણ અનુકૂળ આબોહવા છે. વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (WII), દેહરાદૂનના વરિષ્ઠ વૈજ્ઞાનિક બિવાસ પાંડવે જણાવ્યું હતું કે, 'આ વર્ષે, સારી આબોહવાના કારણે રુશિકુલ્યા નદીના મુખ પર વધુ સંખ્યામાં કાચબાએ ઈંડા મુક્યા છે. રુશિકુલ્યા નદી કાચબા માટે મુખ્ય આશ્રયસ્થાન તરીકે ઉભરી રહી છે.'


### એન્ફોર્સમેન્ટ ઓપરેશન્સનો નવો રાઉન્ડ શરૂ

# ડિપોર્ટેશન ઝડપી બનાવવા લોસ એન્જલસમાં નવેસરથી કાર્યવાહી

## અમેરિકામાં શરૂઆતમાં તો ડિપોર્ટેશનની ગતિ ઝડપ હતી પરંતુ છેલ્લા કેટલાક સમયથી તે ધીમું પડી ગયું હતું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૪ ।

ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦ જાન્યુઆરીએ અમેરિકન પ્રેસિડેન્ટ તરીકે શપથ લીધાના તુરંત બાદ ડિપોર્ટેશન અભિયાન શરૂ કરી દીધું હતું. શરૂઆતમાં તો ડિપોર્ટેશનની ગતિ ઝડપ હતી પરંતુ છેલ્લા કેટલાક સમયથી તે ધીમું પડી ગયું હોય તેવું લાગી રહ્યું હતું અને તેના કારણે ટ્રમ્પ અને બોર્ડર ઝાર ટોમ હોમન નાખુશ હોવાના રિપોર્ટ પણ હતા. જોકે, હવે ડિપોર્ટેશન ઝડપી બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે અને તેના માટે લોસ એન્જલસ વિસ્તારમાં નવા ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટ ઓપરેશન્સ શરૂ કરવામાં આવ્યા છે. CNNના રિપોર્ટમાં સૂત્રોના હવાલેથી લખવામાં આવ્યું છે કે યુએસ ઈમિગ્રેશન ઓફિશિયલ્સે રવિવારે લોસ એન્જલસ વિસ્તારમાં એન્ફોર્સમેન્ટ



ઓપરેશન્સનો નવો રાઉન્ડ શરૂ કર્યો છે. સાઉથ કેલિફોર્નિયામાં આ નવો પ્રયાસ શિકાગો અને ન્યૂયોર્ક જેવા સ્થળોએ ઈલીગલી રહેતા લોકોને પકડવા માટે ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન દ્વારા તાજેતરમાં આપવામાં આવેલા ઓપરેશનનો ભાગ છે. કોમ્યુનિટી એક્ટિવિસ્ટ્સ દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા વિડીયોમાં લોસ એન્જલસના ડાઉનટાઉનની પૂર્વમાં એક રેસિડેન્સની બહાર ફેડરલ એજન્ટો ભેગા થયેલા જોવા મળે છે. વિડીયોમાં એક્ટિવિસ્ટ્સને ઘરની અંદર રહેલા લોકો સાથે વાતચીત કરવા માટે મેગાફોનનો ઉપયોગ કરતાં જોઈ અને સાંભળી શકાય છે. એક એક્ટિવિસ્ટ મેગાફોન પર કહેતા સાંભળી શકાય છે કે અહીં ICEના એજન્ટ્સ છે અને તેથી તમારા ઘરના દરવાજા ખોલશો નહીં. જ્યાં સુધી તેમની પાસે જજ દ્વારા સાઈન કરવામાં આવેલા જ્યુડિશિયલ વોરંટ ન હોય ત્યાં સુધી તેમને ઘરની અંદર આવવાની મંજૂરી નથી. આ વિડીયોમાં લગભગ ૨૦ મિનિટ સુધીની ઘટના કેદ કરવામાં આવી છે. જેમાં અંતે ફેડરલ એજન્ટોના વાહનો ત્યાંથી જતાં રહે છે. જોકે, રવિવારના ઓપરેશનના ભાગ રૂપે કેટલા વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી છે તે હજી સુધી સ્પષ્ટ થયું નથી.

## તંત્રી લેખ...

# કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં કરશે મોટી જાહેરાત

કેન્દ્ર સરકાર ટૂંકસમયમાં જ ખાદ્ય તેલો પર આયાત ડ્યૂટી વધારવા જઈ રહી છે. સ્થાનિક ખેડૂતો અને એડિબલ ઓઈલ મેકર્સને ટેકો આપવાના ઉદ્દેશ સાથે કેન્દ્ર સરકાર છ મહિનાથી પણ ઓછા સમયમાં બીજી વખત આયાત ડ્યૂટીમાં વધારો કરશે. ખાદ્ય તેલો પર આયાત ડ્યૂટીમાં વધારો થતાં સોયાબિન ઓઈલ, સરસવ તેલ, અને પામોલિન ઓઈલની કિંમતોમાં વધારો થવાની ભીતિ વધી છે. કેન્દ્ર સરકાર ખાદ્ય તેલો પરની અન્ય દેશો પર નિર્ભરતા ઘટાડવા ડ્યૂટીમાં વધારો કરી રહી છે. પરંતુ તેના કારણે સ્થાનિક માગને પહોંચી વળવા સ્થાનિક વેપારીઓ અને ઉત્પાદકો ભાવમાં વધારો કરી શકે છે. ખાદ્ય તેલોની નીચા દરે આયાતથી સ્થાનિક ખેડૂતોને મોટુ નુકસાન થઈ રહ્યું છે. જેને ધ્યાનમાં લેતાં સરકારે બીજી વખત આયાત ડ્યૂટીમાં વધારો કરવા નિર્ણય લીધો છે. અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪માં આયાત ડ્યૂટી ૨૦ ટકા વધારી હતી. આયાત ડ્યૂટીમાં વધારો થતાં ખેડૂતો અને સ્થાનિક ઈન્ડસ્ટ્રીને લાભ થશે. તેમજ સોયાબીન અને સરસવ ઓઈલની નિકાસને વેગ મળશે. અગાઉ ખાદ્ય તેલો પર ડ્યૂટી વધારવામાં આવતાં સોયાબીનમાં તેજી આી હતી. રિફાઈન્ડ ઓઈલની ડ્યૂટી ઘટાડવા તેમજ પામોલિન ઓઈલની ડ્યૂટીમાં વધારો કરવાની માગ ઈન્ડસ્ટ્રીએ કરી છે. ભારત પોતાની કુલ જરૂરિયાતના ૬૦ ટકા ખાદ્ય તેલ આયાત કરે છે. ડ્યૂટીમાં વધારો થતાં સ્થાનિક ખેડૂતોના વેચાણને વેગ મળશે. તેમજ ઓઈલ મેકર્સ પણ સ્થાનિક સ્તરે ઉત્પાદન વધારી નિકાસને વેગ આપી શકશે. કેન્દ્ર સરકાર દ્વારા સપ્ટેમ્બર, ૨૦૨૪માં ખાદ્ય તેલો પર આયાત ડ્યૂટી વધારવામાં આવ્યા બાદ સ્થાનિક સ્તરે ખાદ્ય તેલના ભાવ ઘટવાની શક્યતા હતી. પરંતુ વેપારીઓ અને ઉત્પાદકોએ તેનો કોઈ લાભ ગ્રાહકોને આપ્યો ન હતો. આ વખતે ફરી એકવાર આયાત ડ્યૂટીમાં ઘટાડો થાય તો શું ગ્રાહકો સુધી આ લાભ પહોંચાડવામાં આવશે કે કેમ તે એક સવાલ છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્ય પ્રદેશના ભોપાલમાં ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ ૨૦૨૫નું ઉદઘાટન કર્યું

### મધ્યપ્રદેશમાં ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ પ્રશંસનીય પહેલ છે, તે ઉદ્યોગ, નવીનીકરણ-માળખાગત સુવિધામાં રાજ્યની પ્રચૂર સંભવિતતાને પ્રદર્શિત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ મંચ તરીકે કામ કરે છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મધ્ય પ્રદેશના ભોપાલમાં ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ (જીઆઈએસ) ૨૦૨૫નું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેમણે આ કાર્યક્રમમાં પહોંચવામાં વિલંબ થવા બદલ માફી માંગી હતી, કારણ કે ૧૦મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓ માટે બોર્ડની પરીક્ષાઓ હતી અને આ કાર્યક્રમમાં તેમના સુરક્ષાના પગલાંથી વિદ્યાર્થીઓને અસુવિધા થઈ શકે તેમ હતી. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, રાજા ભોજની ભૂમિમાં રોકાણકારો અને વ્યાવસાયિક આગેવાનોનું સ્વાગત કરવું એ તેમના માટે ગર્વની વાત છે. તેમણે ઉમેર્યું હતું કે, આજનો કાર્યક્રમ વિકસિત મધ્યપ્રદેશ તરીકે મહત્ત્વપૂર્ણ છે. વિકસિત મધ્યપ્રદેશ વિકસિત ભારત તરફની યાત્રામાં જરૂરી છે. તેમણે શિખર સંમેલનનાં અદભૂત આયોજન માટે મધ્યપ્રદેશની સરકારને અભિનંદન આપ્યાં હતાં. ‘‘સમગ્ર વિશ્વ ભારત માટે આશાવાદી છે.’’ શ્રી મોદીએ કહ્યું હતું કે, ‘‘ભારતના ઈતિહાસમાં આ પ્રકારની તક સૌપ્રથમ વખત સામે આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, સામાન્ય નાગરિકો હોય કે નીતિગત નિષ્ણાતો હોય, સંસ્થાઓ હોય કે દુનિયાનાં દેશો હોય, દરેકને ભારત પાસેથી ઘણી અપેક્ષાઆ છે. તેમણે પ્રકાશ પાડ્યો કે ભારત વિશે છેલ્લા કેટલાક અઠવાડિયામાં મળેલી ટિપ્પણીઓથી રોકાણકારોનો ઉત્સાહ વધશે. વિશ્વ બેંક દ્વારા તાજેતરમાં ભારત સૌથી વધુ ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહેશે તેવા નિવેદનને યાદ કરીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ઓઈસીડીના એક પ્રતિનિધિએ કહ્યું હતું કે, ‘‘વિશ્વનું ભવિષ્ય ભારતમાં છે.’’ તેમણે ઉમેર્યું હતું કે, તાજેતરમાં જ જળવાયુ પરિવર્તન પર સંયુક્ત રાષ્ટ્રની એક સંસ્થાએ ભારતને સૌર ઊર્જાની મહાસત્તા જાહેર કરી છે. આ સંસ્થાએ એ વાતનો પણ ઉલ્લેખ કર્યો છે કે ઘણા દેશો માત્ર વાતો કરે છે, પરંતુ ભારત પરિણામ આપે છે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, એક નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કેવી રીતે ભારત વૈશ્વિક એરોસ્પેસ કંપનીઓ માટે ઉત્કૃષ્ટ સપ્લાય ચેઈન તરીકે ઉભરી રહ્યું છે. આ કંપનીઓ ભારતને વૈશ્વિક સપ્લાય ચેઈન પડકારોના સમાધાન તરીકે જુએ છે. પ્રધાનમંત્રીએ ભારત પર દુનિયાનો વિશ્વાસ દર્શાવતા વિવિધ ઉદાહરણો ટાંક્યા હતા. જે દરેક ભારતીય રાજ્યનો આત્મવિશ્વાસ પણ વધારી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે, આ વિશ્વાસ મધ્યપ્રદેશમાં ગ્લોબલ સમિટમાં જોવા મળે છે. વસતિની દ્રષ્ટિએ મધ્યપ્રદેશ ભારતનું પાંચમું સૌથી મોટું રાજ્ય છે તેની નોંધ લઈને શ્રી મોદીએ કહ્યું હતું કે, ‘‘મધ્યપ્રદેશ કૃષિ અને ખનીજો માટે ભારતનાં ટોચનાં રાજ્યોમાંનું એક છે.’’ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મધ્ય પ્રદેશને જીવનદાતા નર્મદા નદીનું વરદાન મળ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, જીડીપીની દ્રષ્ટિએ એમપી ભારતનાં ટોચનાં પાંચ રાજ્યોમાં સ્થાન મેળવવાની ક્ષમતા ધરાવે છે. છેલ્લાં બે દાયકામાં મધ્યપ્રદેશની પરિવર્તનકારી સફરનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, એક સમય હતો. જ્યારે રાજ્ય વીજળી અને પાણીની સાથે સંબંધિત મહત્ત્વપૂર્ણ પડકારોનો સામનો કરતું હતું તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધારે ખરાબ હતી. આ પરિસ્થિતિઓએ ઔદ્યોગિક વિકાસને મુશ્કેલ બનાવ્યો. શ્રી મોદીએ નોંધ્યું કે લોકોના સમર્થનથી, મધ્યપ્રદેશમાં તેમની સરકારે છેલ્લા બે દાયકામાં શાસન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બે દાયકા પહેલા, લોકો મધ્યપ્રદેશમાં રોકાણ કરવામાં ખચકાટ અનુભવતા હતા. જ્યારે આજે મધ્યપ્રદેશ રોકાણ માટે દેશના ટોચના રાજ્યોમાંનું એક બની ગયું છે, એમ તેમણે ઉમેર્યું. તેમણે ભાર મૂક્યો કે રાજ્ય, જે એક સમયે ખરાબ રસ્તાઓ સાથે સંઘર્ષ કરતું હતું. તે હવે ભારતની ઈફ ક્રાંતિમાં અગ્રણી રાજ્યોમાંનું એક છે. તેમણે વધુમાં જણાવ્યું હત કે જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં, એમપીમાં આશરે ૨ લાખ ઈલેક્ટ્રિક વાહનો નોંધાયા હતા. જે આશરે ૯૦ ટકાની વૃદ્ધિને પ્રતિબિંબિત કરે છે, જે દર્શાવે છે કે એમપી નવા ઉત્પાદન ક્ષેત્રો માટે એક ઉત્તમ સ્થળ બની રહ્યું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, ‘‘છેલ્લાં એક દાયકામાં ભારતમાં માળખાગત સુવિધાઓમાં તેજી જોવા મળી છે.’’ અને ટિપ્પણી કરી હતી કે, આ વિકાસથી મધ્યપ્રદેશને ઘણો લાભ થયો છે.

**દરેક ઘર પરિવારમાં નાની મોટી વાત પર સંઘર્ષ થાય છે, પરંતુ મતભેદ હોય પણ મનભેદ ન થાય ત્યાં સુધી બધુ સચવાઈ રહે છે**

# ગૃહસ્થાશ્રમ એટલે ઘરને જ આશ્રમ બનાવીને નીતિ નિયમ પૂર્વક પતિ પત્નીએ જીવવું



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ગૃહસ્થાશ્રમનો સાવ સીધો સાદો અર્થ કરીએ તો ગૃહ એટલે કે ઘરને જ આશ્રમ બનાવી જીવવું, આપણી હિન્દુ સંસ્કૃતિમાં લગ્ન પછી સ્ત્રી પિતાનું ઘર છોડી દે છે, અને પતિના ઘરને પોતાના ઘર તરીકે સ્વીકારવામાં આવે છે, એટલે એ રીતે જોઈએ તો ત્યાગની ભૂમિકા પર આ લગ્ન સંબંધ ટક્યો છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં જ ૨૩/૨ ગઈ અને એ તારીખે અમારો લગ્ન દિવસ હતો. ૩૬ વર્ષમાં પહેલીવાર અમે લગ્ન દિવસે સાથે ન્હોતાં! કારણકે જવાબદારી! લગ્ન એ મૂળરૂપે તો જવાબદારી કે કર્તવ્ય કર્મનું જ કમીટમેન્ટ છે. ક્યાં એ ૨૦ વર્ષની ચચંળ યુવતી અને ક્યાં આજની આ ધીર ગંભીર મહિલા, જેણે પતિ પરમેશ્વરનાં પરમ સંસ્કારની શીખ કંકુ રુપે માથે સજાવી પ્રભુતામાં પગલાં પાડયાં હતાં. મગજમાં ઉંમરની બાલિશતા, મનમાં નવ જીવનનાં સપ્ત રંગની રંગોળી, અને પગમાં સંસ્કારનાં ઝાંઝર, આ ત્રણેયનું સંતુલન જાળવવું એ સમયે આટલાં મોટાં પરિવાર વચ્ચે થોડું અઘરું થયું હતું, પણ અંતે પ્રિયજનનો સાથ અને સંસ્કારની જીત થઈ,અને આજે એ વાતને ૩૬ વર્ષ પૂર્ણ થયાં. આજે પાછલા એ વર્ષો તરફ દ્રષ્ટિ કરીએ તો એવું લાગે કે જાણે હમણાં જ આ બધું જીવ્યા! સ્મૃતિ એટલી તીવ્ર અને પોતીકી! લગ્ન જીવનમાં એટલે કે ગૃહસ્થાશ્રમમાં બસ આ પોતીકાંનો ભાવ હોયને તો ગમે તેવા અઘરા ખેડાણ ખેડાઈ જાય. પ્રખર પ્રજ્ઞાનું મહાદેવ જ જતન કરી શકે, એ રીતે જોઈએ તો એમનાં સાથ વગર આ શક્ય નહોતું. આજે ૩૬ વર્ષ પાછળ નજર કરીએ તો આટલી લાંબી સફર તય કરવા માટે જોઈતાં બધા જ ગુણ બહુ સ્વાભાવિક રીતે જ પહેલેથી નહોય,પણ એક ગુણ હતો, આમાન્યાનો! અને એને કારણે સહનશક્તિ વધી,અને આજે આ જીવન બાગ અત્યંત મહેકી રહ્યો છે. અસ્તિત્વની પણ પૂર્ણ મરજી હશે, તેને કારણે આ વ્યક્તિત્વ લગભગ ત્રીસ વર્ષ મૌન રહ્યા બાદ ચિંતનની ક્ષણેની ધારા રુપે મુખર થયું. ગૃહસ્થાશ્રમનો સાવ સીધો સાદો અર્થ કરીએ તો ગૃહ એટલે કે ઘરને જ આશ્રમ બનાવી જીવવું. આપણી હિન્દુ સંસ્કૃતિમાં લગ્ન પછી સ્ત્રી પિતાનું ઘર છોડી દે છે, અને પતિના ઘરને પોતાના ઘર તરીકે સ્વીકારવામાં આવે છે. એટલે એ રીતે જોઈએ તો ત્યાગની ભૂમિકા પર આ લગ્ન સંબંધ ટક્યો છે, કેટલો મોટો ત્યાગ વીસ, બાવીસ, કે પચીસ, વર્ષની આયુ સુધી જે ઘરમાં ઉછેર થયો હોય એ ઘર છોડી અને જેની સાથે પરિચય પણ ન હોય, એ ઘરમાં આવી રહેવાનું, અને એને પોતાનું બનાવવાનું.ભારતીય સમાજમાં દેશકાળ પ્રમાણે ઘણા બધા ફેરફાર થયા છે, પરંતુ આ એક બાબત પર તો હજી સમાજ કાયમ છે, અને તેથી જ ભારતીય સમાજની લગ્ન સંસ્થા શ્રેષ્ઠ છે. ત્યાગ અને સમર્પણની ધરોહર પર જે જીવનની શરૂઆત થાય તે શ્રેષ્ઠ પરિણામ આપે છે. દરેક ઘર પરિવારમાં નાની મોટી વાત પર સંઘર્ષ થાય છે, પરંતુ મતભેદ હોય પણ મનભેદ ન થાય ત્યાં સુધી બધુ સચવાઈ રહે છે, બીજું પોતાનાંનો ભાવ આવવો બહુ જરૂરી છે, તો જ્યાં પોતા પણું નહીં, પણ પોતાનાનો ભાવ હોય ત્યાં લગ્ન સંબંધ ટકી રહે છે. આશ્રમ શબ્દ જોડવામાં આવ્યો છે એટલે કે આ જીવન આશ્રમ જેવું નીતિ નિયમ વાળુ હોવું પણ બહુ જરૂરી છે. બંને પક્ષે જીવનસાથી સાથે વિશ્વાસ અને શ્રધ્ધાથી આ સંબંધ નિભાવવાનો હોય છે, અને બંનેનું વજૂદ અહીં સરખું આંકવામાં આવ્યું છે. વ્યવસ્થાની અને સુરક્ષાની રીતે સ્ત્રીને પુરુષના કાર્યભાર સમાજે નક્કી કરેલા છે, એનો મતલબ એ નથી કે સ્ત્રી નિર્બળ કે અબળા છે, અને પુરુષ સક્ષમ હોવાથી ગમે તે કરે. બંને જણાએ મળીને આ જીવનને સુંદર બનાવવાનું હોય છે. હિન્દુ સંસ્કૃતિમાં તો એક પત્નીનો કાયદો છે, એટલે ઘણીવાર વિચાર આવે કે આવો કાયદો લાવવાની જરૂર શું કામ પડી!! લગ્ન એ માત્ર ભોગ વિલાસ માટે નથી, પરંતુ સમાજમાં શાંતિ અને પ્રેમ બની રહે એ પણ જરૂરી છે. ઘર પરિવારની સ્વસ્થતાનો સીધો આધાર સમાજ પર છે,જો પરિવાર સ્વસ્થ ને તંદુરસ્ત તો સમાજ પણ સ્વસ્થ. ગૃહસ્થાશ્રમના સુંદર જીવનમાં પરિવાર વિસ્તરણ થાય છે, અને સમાજના વિકાસમાટે સુંદર ભાવિ પેઢી આ રીતે પ્રાપ્ત થાય છે. પેઢી દર પેઢી વચ્ચે વાણી, વિચાર, અને વર્તન, નું સાતત્ય જળવાઈ રહે તે આ આશ્રમનું બહુ જરૂરી પાસું છે. જેનું આજકાલ મૂલ્ય ઘટી જતાં સંયુક્ત કુટુંબ પ્રથા વિભક્ત કુટુંબમાં ફેરવતી જાય છે, અને આ ગૃહસ્થાશ્રમનું એટલે કે લગ્ન જીવનનું પતન થાય છે. બંને પક્ષ જો સહનશીલતા,ક્ષમા, મૈત્રી, ઉદારતા, શ્રદ્ધા, વિશ્વાસ, અંદરોઅંદર પ્રેમના વિશિષ્ટ ભાવથી જોડાયેલ હોય તો જ ત્યાગ ને સમર્પણનાં ભાવ શક્ય છે,તો જ આ લગ્ન જીવન શાંતિથી પસાર થાય છે. દરેક પરિવારમાં આર્થિક પ્રશ્નો, બીમારીનાં પ્રશ્નો, એટલે કે શારીરિક પ્રશ્નો, અને માનસિક પ્રશ્નો આવતાં જ હોય છે. પરંતુ આવા સમયે એક બીજા પ્રત્યે ઉદાર સમજણ દાખવી, અને જતું કરવાની ભાવના હોય, તો જ લગ્ન ટકી જતા હોય છે, અને એકતા હોય ત્યાં ગમે તેટલી વિકટ પરિસ્થિતિ આવે તો પણ તેનો સામનો થઈ શકે છે. એક હાથની પાંચ આગળી પણ એક સરખી હોતી નથી, એમ પરિવારના દરેક સભ્યોની માનસિકતા અલગ અલગ હોય છે, શારીરિક રૂપ, રંગ, અને કદ પણ અલગ-અલગ હોય છે, તેઓની પસંદ-નાપસંદ પણ અલગ-અલગ હોય છે, તો આ બધું જ એકબીજા સમજીને જીવે તો લગ્નજીવન સરળ અને મધુર બની શકે. મૂળ વાત જતું કરવાની, દરેક જણની તૈયારી હોય તો જ આ શક્ય છે, બાકી એક પક્ષને જ જો જતું કરવાનું આવે, તો સંબંધ બોજ બની શકે,અને પરિણામે લગ્ન વિચ્છેદ પણ થતાં હોય છે. જીવનને મર્યાદા પૂર્ણ રીતે જીવવામાં આવે તો એના પરિણામ સ્વરૂપ પ્રાપ્ત થયેલા સંતાનો પણ એવું જીવન જીવે છે, અથવા તો એ જીવનનું મહત્વ સમજે છે, અને સારા સંસ્કાર પ્રાપ્ત કરે છે. સમાજ આ રીતે જ ઉતરોતર પ્રગતિ પણ કરી શકે છે. પાયામાં શ્રદ્ધા અને વિશ્વાસ નામના બે અનેરા ગુણ જે લગ્નજીવનમાં કે ગૃહસ્થાશ્રમમાં હોય, ત્યાં વિવેક રૂપી ગણેશ અને શક્તિશાળી કાર્તિકેયનો જન્મ થાય છે. એટલે કે દીકરા દીકરીની અહીં વાત નથી, પરંતુ આ રીતે વિનયી અને વિવેકી સંતાન પ્રાપ્ત થાય છે. આપણાં ઋષિમુનિઓ તે બહુ સમજી-વિચારીને દરેકના જીવન આ રીતે અલગ-અલગ આશ્રમમાં ભાગ પાડી જીવવું એવું બતાવ્યું છે, દરેક આશ્રમની પોતાની એક લાક્ષણિકતા છે, અને તે મુજબ જો જીવાય તો દરેક સંસારી પણ ઋષિ-મુનિ જેવું તેજસ્વી જીવન પ્રાપ્ત કરી શકે છે.સવાલ બસ બધાએ મર્યાદાની જે રેખા દોરી છે, એમાં જ જીવવું એ છે, જે લોકો આ રીતે જીવે છે તેઓના ગૃહસ્થાશ્રમ ટકી શક્યા છે, અને એવાં પરિવાર માંથી પ્રેમ પ્રસન્નતા છલકાતી પણ જોવા મળે છે. સપ્તપદીના સાત વચનો પૂરેપૂરી પ્રમાણિકતાથી આપ્યા હોય તો લગ્ન જીવનમાં કોઈ તકલીફ પડતી નથી,પણ જો આપવા ખાતર આપ્યા હોય તો તકલીફથી જીવન ભરેલા હોય છે. ભારતીય સમાજની તુટતી જતી લગ્ન સંસ્થાને બચાવવા માટે ગૃહસ્થાશ્રમનો સાચો અર્થ જાણી અને તેને સૌ કોઈ નિભાવે, તો ભારતીય સંસ્કૃતિ આજે પણ એટલી જ મહાન છે. સૌ કોઈ પોતાને ભાગે આવેલા સંબંધને પુરા પ્રેમ અને પ્રમાણિકતાથી નિભાવે તો આ કાર્ય એટલું મુશ્કેલ પણ નથી. દરેક વખતે પોતાની માટે ન વિચારતા પરિવાર માટે વિચારવું, તો પરિવારમાં પ્રેમ બની રહે છે, અને એ પ્રેમ થકી જ આ ગૃહસ્થાશ્રમની સુંદરતા છે. તો સૌ કોઈ પોતાના ભાગે આવેલ સંબંધને પ્રેમથી ભરીને ગૃહસ્થાશ્રમનું મૂલ્યાંકન કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન ધરો, ભગવાનના નામનો જપ કરતાં તેમાં તન્મયતા થાય એણે સંસાર નો દાવાગ્નિ દૂર થાય**

# જિંદગી સહેલી નથી વધારે વાત કરો તો પાગલ, ઓછી વાત કરોતો ઘંમડી, અને ખાલી કામ ની વાત કરો તો મતલબી..



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વાંસળી કહે છે, મારામાં એક-બે નહીં,ઘણા ગુણો છે, મેં ઘણું સહન કર્યું છે, મારા ઉપર છ ઋતુ ઓના માર પડયા છે, લોકોએ મને કોતરી પણ હું બોલી નહીં, વાંસળી કહે છે, મારા ધણીને જે બોલાવવું હોય તે હું બોલું છું, મારા ધણીને જે સૂર કાઢવો હોય તે કાઢે, મારા પોતાના સૂર જેવું મેં કંઈ રાખ્યું જ નથી અને ધણીના સૂરને હું મારા સૂર તરીકે પ્રગટ કરું છું, વળી ધણીની આજ્ઞા કે ઇચ્છા વિના હું કદી બોલતી નથી.**

હર હર મહાદેવ ભોલે ભંડારી શંભુના ગગનભેદી નાદથી આવતી કાલે શિવાલયો ગાજી ઊઠશે. મહાશિવરાત્રી ભવનાથ તળેટીમાં રાત્રે રવાડી નીકળે ત્યારે તેના દર્શન કરવા એક લાહવો હોય છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો સંસાર એ દાવાઅગ્નિ છે. ચારે બાજુથી તે જીવને બાળે છે. દુઃખનો પાર નથી. દરેકને દુઃખરૂપી અગ્નિ બાળે છે,ત્યારે ગોપબાળકો અને વ્રજ વાસીઓની જેમ આંખ બંધ રાખવી અને ભગવાનના નામ નું ચિંતન કરવું. આ સંસારરૂપી દાવાનળ-દાવાગ્નિ બાળવા આવે ત્યારે આંખો બંધ રાખી. ભગવાન શ્રીકૃષ્ણનું ધ્યાન ધરો. ભગવાનના નામનો જપ કરતાં તેમાં તન્મયતા થાય એણે સંસાર નો દાવાગ્નિ દૂર થાય.પ્રલંબાસુર નામે એક રાક્ષસ હતો. પ્રલંબાસુર એટલે અંતઃકરણની લાંબી લાંબી વાસનાઓ.આ વાસનાઓને લીધે જીવ-ઈશ્વરનું મિલન થતું નથી. પ્રભુએ આ પ્રલંબાસુરને હણ્યો છે, એમ કરતાં સોહામણી શરદ ઋતુ આવી.શ્રીકૃષ્ણ ગાયોને ચારતાં વાંસળી વગાડવા લાગ્યા.ગોપીઓ આ વાંસળી સાંભળે છે. વાંસળી એ નાદબ્રહ્મની ઉપાસના છે. વાંસળી જ્યાં સુધી ન સંભળાય ત્યાં સુધી શ્રીકૃષ્ણનાં દર્શન થતાં નથી. શ્રીકૃષ્ણદર્શન માટે વેણુનાદ સંભળાવો જોઈએ. વેણુનાદ એટલે નાદબ્રહ્મ. નાદબ્રહ્મ આગળ બીજા બધા આનંદ તુચ્છ છે. ગોપીઓને દૂરદર્શન અનેદૂરશ્રવણ એ બે સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી. એટલે ગોપીઓ ઘરમાં રહી શ્રી કૃષ્ણની વેણુ સાંભળે છે અને શ્રી કૃષ્ણની લીલા પણ જોઈ શકે છે. વેણુના નાદ વિશે ગોપ ીઓ અંદર અંદર વાતો કરે છે એને વેણુગીત કહે છે.ભક્તિભાવની પરાકાષ્ઠાનું આ ગીત વિશ્વમાં અજોડ છે. ગોપીઓ અંદર અંદર વાતો કરે છે કે,હે સખી.આંખોવાળાના જીવન ની અને આંખોની સફળતા શું?જ્યારે શ્યામસુંદર શ્રીકૃષ્ણ અને ગૌરસુંધર બલરામ ગોપબાળકો ની સાથે ગાયોને હાંકી વનમાં લઈ જતા હોય કે,વનમાં આવતા હોય અને શ્રીકૃષ્ણે પોતાના હોઠ પર મુરલી ધારણ કરી હોય અને પ્રેમથી વાંકી નજર કરી આપણી સામે જોતા હોય,એ નેત્રોની સફળતા છે.બાકી બધું ધૂળ! આવા શ્રીકૃષ્ણનાં જેણે દર્શન કર્યાં છે તેઓને જ આંખનું ફળ પ્રાપ્ત થયું છે, તે સિવાય નેત્રોનું ફળ બીજું કાંઈ ન હોઈ શકે!હે સખી! કનૈયો વાંસળી વગાડે છે. તું સાંભળ. આ વાંસળી નથી.એ શ્રીકૃષ્ણની પટરાણી છે.અલી સખી,તને શું કહું? મેં સાંભળ્યું છે કે, જ્યારે શ્રીકૃષ્ણ જમવા બેસે ત્યારે પણ વાંસળી કેડમાં ખોસી રાખે છે. રાત્રે શ્રીકૃષ્ણ સૂએ છે, ત્યારે પણ પથારીમાં વાંસળીને સાથે રાખીને સૂએ છે.આ વાંસળી એમનીઝ પટરાણી છે. પ્રભુનો અધરઓષ્ઠ એ વાંસળીનો તકિયો છે. હાથ એ ગાદી છે. આંખો તે દાસીઓ છે.પાંપણો તે પાંખો છે.નાકની વાળી તે છત્ર છે. આ વાંસળી પરમાત્મા સાથે પરણી છે, તેથી તેને પરમાત્માનો નિત્ય સંયોગ પ્રાપ્ત થયો છે. આ વાંસળીએ જાણે પૂર્વજન્મમાં એવી તે શું તપશ્ચર્યા કરી છે કે, આ જન્મે તે શ્રીકૃષ્ણના અધરા મૃતનું નિત્ય પાન કરે છે. એક ગોપીએ વાંસળીને જ પૂછી નાખ્યું, હેં અલી, તેં આવું શું પુણ્ય કર્યું કે ભગવાને તને અપનાવી? વાંસળી કહે, મેં ‘બહુ તપશ્ચર્યા કરી છે! મારું હૈયું પોલું છે. હું પેટમાં કંઈ જ રાખતી નથી! વાંસળી પેટમાં કંઈ રાખતી નથી, તેથી તે ભગવાન શ્રીકૃષ્ણની પ્રિય બની છે માટે વેરઝેરનો હૃદયમાં સંગ્રહ કરશો નહીં.જે વાંસળી જેવા બને છેતે ભગવાનને ગમે છે, વાંસળી કહે છે, મારામાં એક-બે નહીં,ઘણા ગુણો છે. મેં ઘણું સહન કર્યું છે. મારા ઉપર છ ઋતુ ઓના માર પડયા છે.લોકોએ મને કોતરી પણ હું બોલી નહીં. વાંસળી કહે છે, મારા ધણીને જે બોલાવવું હોય તે હું બોલું છું. મારા ધણીને જે સૂર કાઢવો હોય તે કાઢે. મારા પોતાના સૂર જેવું મેં કંઈ રાખ્યું જ નથી અને ધણીના સૂરને હું મારા સૂર તરીકે પ્રગટ કરું છું. વળી ધણીની આજ્ઞા કે ઈચ્છા વિના હું કદી બોલતી નથી. તેથી હું બોલું છુંત્યારે સાંભળનારો ડોલે છે, નાગ પણ ડોલે છે અને કસ્તૂરી મૃગ પણ ડોલે છે.નાગ દુર્જન, કસ્તૂરી મૃગ સજ્જન, સજ્જન- દુર્જનને બેઉને આનંદ થાય તેવું મધુર હું બોલું છું. વાંસળીએ ખૂબ સહન કર્યું છે એટલે ભગવાનની સન્મુખ થઈ છે એટલે સમજીને જે દુઃખ સહન કરે તેનું પાપ બળે છે. નિશ્ચય કરો કે, મારે મધુર બોલવું છે. કોઈનું દિલ દુભાય તેવું બોલશો નહીં, કારણ કે લાકડીનો માર ભૂલાય છે પણ શબ્દનો માર ભૂલાતો નથી. વાંસળીમાં એક એવો ગુણ છે કે, તે જ્યારે એકલી હોય,ત્યારે બોલતી નથી.તમે ઈશ્વરનું ધ્યાન કરો ત્યારે બોલશો નહીં. જીભથી ન બોલે, પણ મનથી ઘણા બોલે છે. મનથી ન બોલે તે ઉત્તમ મૌન એક સખી બોલી અલી સખી,તું જો તો ખરી,આ વાંસળીનો અવાજ સાંભળી આ વૃક્ષોમાંથી મધની ધારાઓ વહે છે. કનૈયો વાંસળી વગાડે છે તેથી વૃક્ષોને પણ આનંદ થાય છે. એમની ન્યાતની દીકરી પરમાત્મા ની સાથે પરણી છે તેનો એ આનંદ છે!એ આનંદમાં વૃક્ષો અશ્રુવહાવે છે. આનો બીજો પણ અર્થકેટલાક સંતો કરે છે.તેઓ કહે છે કે, વૃક્ષો નાં આંસુ એ દુઃખનાં આંસુ છે. વૃક્ષોએ વિચાર્યું કે, વાંસનું મુખ્ય કામ ઘરને છાજવાનું છે. એ પરોપકારનું કામ મૂકીને વાંસળીએ તો ઘણા લોકોનાં ઘરને ઉજ્જડ કરવાનું શરૂ કર્યું છે.કારણકે લાલાની વાંસળી જેના કાન ઉપર પડી તેને પછી ઘર ગમતું નથી. આમ વિચારી વૃક્ષો શોકનાં આંસુ વહાવે છે.તો વળી બીજા મહાત્મા કહે છેકે,વાંસ તો ડૂબતાને બચાવે છે, તારે છે. ત્યારે આ વાંસળી તો બધાને આનંદરસમાં ડૂબાડે છે,તેથી વૃક્ષો દુઃખી થઈ ને રડે છે. એક ગોપી બોલી, અલી સખી, તું જો તો ખરી, મારો કનૈયો વાંસળી વગાડે છે ત્યારે હરિણીઓ પાગલ થઈ દોડતી આવે છે. જો તો ખરી, કનૈયા ભણી જોતાં એમની આંખ ની પાંપણો પણ હાલતી નથી! ગોપીઓની દૃષ્ટિ કેવી સૂક્ષ્મ છે! હરિણીઓની પાંપણો હાલતી નથી. તે ઘરમાંથી જુએ છે. હરિણીઓ એકલી નથી,પણ તેમના પતિઓ પણ સાથે છે. તેથી ગોપી કહે છે, અલી સખી, મારા મનની એક ખાસ વાત તને કહું છું. આ હરિણીઓને તેમના પતિ અનુકૂળ છે, ત્યારે મારા પતિ મને પ્રભુસેવામાં પ્રતિકૂળ છે.મારા કરતાં વૃંદાવનની આ હરિણીઓ વધારે ભાગ્યશાળી છે! હરિણીઓ લાલાની પૂજા કરવા માગે છે. પાસે કોઈ નથી,પણ પોતાની આંખરૂપી કમળોથી તેઓ લાલાની પૂજા કરે છે. પતિને પરમાત્મા પાસે લઈ જાય, સત્સંગમાં લઈ જાય તે હરિણી સાચી.એટલે તે પત્ની સાચી. પતિને પરમાત્માના માર્ગે વાળે, પતિના હાથે સત્કર્મ કરાવે તે જ પત્ની છે.પતિને કેવળ ભોગ વિલાસમાં ફસાવે તે પત્ની પતિની શત્રુ છે. એક ધ્વનિ એવો પણ નીકળે છે કે, શ્રીકૃષ્ણસેવામાં હરિણીઓના પતિ હરિણીઓને સાથ આપે છે, ત્યારે ગોપીઓના પતિ એમનેસાથ આપતા નથી. ઊલટું, એમની શ્રી કૃષ્ણ સેવામાં, શ્રીકૃષ્ણ કીર્તનમાં કોઈવાર વિઘ્ન કરે છે. વળી એક ગોપી બોલી,અરેસખી, શું કહું? બંસીનાદ સાંભળી ગાયો ઘાસ ખાવાનું છોડી દે છે અને પોતાના કાનરૂપી પડિયા દ્વારા બંસોના મધુર નાદનું પાન કરે છે. ભગવાનની પ્રેમમયી બંસીનો નાદ સાંભળી ગાયો આનંદ ભરપૂર થઈ આંખમાંથી પ્રેમાશ્રુઓ પાડેછે અને મોઢામાંનો ઘાસનો કોળિયો ચાવવાનું ભૂલી જાય છે. અરે, વાછરડાં ધાવવાનું છોડી દે છે. અરે સખી, મારો કનૈયો જ્યારે વાંસળી વગાડે છે ત્યારે વૃંદાવનમાં પક્ષીઓ કાંઈ અવાજ કરતાં નથી. મોટા મોટા ઋષિઓ પક્ષીઓ થઈ વૃંદાવનમાં આવ્યા છે. લીલા નિકુંજમાં તેઓ રાધેકૃષ્ણ રાધે કૃષ્ણ બોલતા ફરે છે ઘણાં પક્ષી ઓ તો તરસ લાગે તો પણ કોઈ રાધેકૃષ્ણ બોલે ત્યારે જ પાણી પીવા જાય છે.અરે સખી કેટલાંક પક્ષીઓ તો એવાં છે કે, તે વૃક્ષ પર થી નીચે ઊતરતાં નથી. જમુનાજીનું જળપાન કરવા પણ જતાં નથી.જળપાન કરવાજઈએ તેટલો સમય શ્રીકૃષ્ણનો વિરહ થાય એ એમનાથી ખમાતું નથી. ધન્ય છે એ પક્ષીઓને!તે વખતે યશોદામા ત્યાં આવે છે. તે કહે છે કે, હું રોજ કહું છું કે કનૈયા જોડા પહેરીને વનમાં જા, છતાં તે જોડા પહેરતો નથી. ત્યારે એક ગોપી બોલી, મા, તમે ચિંતા કરશો નહીં. કનૈયાનો એક મિત્ર એવો છે જે કનૈયાને માથે છત્રી રાખી ચાલે છે. અરે સખી, એવો તે એનો કોણ મિત્ર છે? ગોપીઓ કહે છે,આ મેઘરાજ શ્રીકૃષ્ણનો ખાસ મિત્ર છે. કનૈયો જ્યાં જાય ત્યાં છાયા કરે છે.પણ ધરતી ઉપર ચાલવાનું એટલે તેને કષ્ટ થતું હશે ને?ના,ના ગિરિરાજ મહારાજ માખણ જેવા કોમળ થાય છે.કનૈયાનાં ચરણ સ્પર્શથી ગિરિરાજ કોમળ બને છે ગિરિરાજ કનૈયાની સેવા કરે, પણ ગાયોની,વૈષ્ણવોની પણ સેવા કરે છે,તેથી શ્રીકૃષ્ણને તો બહુ પ્રિય લાગે છે. ઠાકોરજીની સેવા કરે એ વૈષ્ણવોની સેવા કરે.એ મહા વૈષ્ણવ છે. પરમાત્માનાં ચરણનો સ્પર્શ થાય છે,તેથી ગિરિરાજને રોમાંચ થાય છે. મા, ગિરિરાજ ઉપર ખાડા પડે છેએ ખાડા પૂરવાની દવા પણ કનૈયા પાસેછે.કનૈયો એવીવાંસળી વગાડે છે કે, તેના આનંદમાં ગિરિ રાજ ફૂલી જાય છે એટલે ખાડા પૂરાઈ જાય છે. એકવાર એક ખેડૂત લાકડાં લેવા જંગલમાં ગયો, તેણે એક અદ્ભુત વસ્તુ જોઈ. શિયાળને બે પગ ન હોતા, છતાં તે ખુશીથી પોતાની જાતને સાથે ખેંચી રહી હતી. જ્યારે તે કોઈ શિકારને પણ પકડી શકતો નથી ત્યારે તે કેવી રીતે જીવે છે, ખેડૂતે વિચાર્યું. ત્યારે તેણે જોયું કે એક સિંહ દાંતમાં શિકાર લઈને તેની તરફ આવી રહ્યો છે.બધા પશુઓ ભાગવા લાગ્યા, ખેડૂત પણ ઝાડ પર ચઢી ગયો.તેણે જોયું કે સિંહ શિયાળ પાસે આવ્યો.તેને ખાવાને બદલે, તેણે પ્રેમથી શિકારનો એક નાનો ભાગ ઉમેર્યો અને ચાલ્યો ગયો. બીજા દિવસે પણ તેણે જોયું કે સિંહે પ્રેમથી શિયાળને ખોરાક આપ્યો અને ચાલ્યો ગયો. આ અદ્ભુત લીલા માટે ખેડૂતે મનોમન ભગવાનને નમન કર્યું. તેને સમજાયું કે ભગવાન જે બનાવે છે તેના માટે ભોજનની વ્યવસ્થા પણ કરે છે. આ જાણીને તે પણ એક નિર્જન જગ્યાએ ગયો અને ત્યાં ચૂપચાપ બેસીને ખોરાકની શોધ કરી. ઘણા દિવસો વીતી ગયા અને કોઈ આવ્યું નહિ. તેમણે દિવસો વીતતા ગયા,હું ક્યારે નહાયો? તે પાછો ફરવા લાગ્યો,મરવા લાગ્યો.પછી તે એક વિદ્વાન ઋષિને મળ્યો તેમણે તેને ખોરાક અને પાણી આપ્યું. ખેડૂત તેના પગે પડ્યો અને તેને શિયાળ વિશે કહ્યું અને કહ્યું, ‘‘મહારાજ, ભગવાને તે અપંગ શિયાળ પર દયા કરી પણ હું મૃત્યુથી માંડ માંડ બચી ગયો. ભગવાન મારા પ્રત્યે આટલો નિર્દય કેમ બન્યા?’’ મહાત્માએ ખેડૂતના માથા પર હાથ ફેરવ્યો અને સ્મિત સાથે કહ્યું તું એટલો મૂર્ખ બની ગયો છે કે તને ભગવાનનો સંકેત પણ સમજાયો નથી,તેથી જ તારે આટલી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો.તમે કેમ ન સમજ્યા કે ભગવાન તમને તે સિંહ જેવા મદદગાર વ્યક્તિ તરીકે જોવા માંગતા હતા,તે લાચાર શિયાળ જેવા નહીં. વાચક ચાહક મિત્રો,આપણા જીવનમાં ઘણી વખત એવું બને છે કે આપણે વસ્તુઓને જે રીતે સમજવી જોઈએ તેનાથીવિપરીત સમજીએ છીએ.ભગવાને આપણને બધાને કેટલીક શક્તિઓ આપી છે જે આપણને મહાન બનાવી શકે છે. અસ્તુ

### ૧૭ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી

# થિયેટર પછી ઓટીટી પર નસીબ અજમાવશે 'ઈમરજન્સી'




કંગના રનૌતની ફિલ્મ 'ઈમર્જન્સી ૧૭ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. દર્શકો આ ફિલ્મ ઓટીટી પર રિલીઝ થવાની રાહ જોઈ રહ્યા છે. ફિલ્મની અભિનેત્રી કંગના રનૌતે જણાવ્યું છે કે આ ફિલ્મ ટૂંક સમયમાં OTT પર રિલીઝ થવા જઈ રહી છે. કંગના રનૌતે શુક્રવારે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોતાના ચાહકો અને ફોલોઅર્સને આ વાતની જાણકારી આપી છે.કંગના રનૌત એ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર જે પોસ્ટ શેર કરી છે તેમાં કંગના અને ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધી જોવા મળે છે. પોસ્ટમાં કંગના રનૌતે લખ્યું છે કે, '૧૭ માર્ચે નેટફિલક્સ પર રિલીઝ થઈ રહી છે.' ચાહકો ૧૭ માર્ચે નેટફિલક્સ પર "ઈમર્જન્સી" જોઈ શકશે. આ ફિલ્મ ૧૭ જાન્યુઆરીના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મે ભારતમાં ૧૨૧.૯૫ કરોડની કમાણી કરી છે.કંગના રનૌતે ફિલ્મ 'ઈમર્જન્સી'માં ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી છે. ફિલ્મની સ્ટોરી ઐતિહાસિક કટોકટીના સમયગાળાની આસપાસની છે. ભારતમાં ૧૯૭૫ થી ૧૯૭૭ સુધી કટોકટી લાદવામાં આવી હતી. આ ફિલ્મમાં અભિનય ઉપરાંત, કંગના રનૌતે આ ફિલ્મનું દિગ્દર્શન પણ કર્યું છે. આ ફિલ્મમાં અનુપમ ખેર, શ્રેયસ તલપડે, વિશાક નાયર અને મિલિંદ સોમન મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મ 'ઈમર્જન્સી' ઘણા સમય પહેલા રિલીઝ થવાની હતી, પરંતુ શીખ સમુદાયના વિરોધને કારણે તે સમયસર રિલીઝ થઈ શકી નહીં. શીખ સમુદાયનો આરોપ છે કે ફિલ્મમાં શીખોની છબી ખોટી રીતે રજૂ કરવામાં આવી છે. કંગના રનૌતે ફિલ્મ 'ઈમર્જન્સી'માં ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીની ભૂમિકા ભજવી છે ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં, શીખ સંગઠન SGPC એ ફિલ્મ નિર્માતાઓને કાનૂની નોટિસ મોકલી હતી. નોટિસમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે ફિલ્મમાં શીખોને ખોટી રીતે દર્શાવવામાં આવ્યા છે. તેમણે ફિલ્મમાંથી વિવાદાસ્પદ દ્રશ્ય દૂર કરવાની માંગ કરી હતી.



### માફી માગો, નહીંતર જનતા જાણે છે કે કેવી રીતે પ્રતિક્રિયા આપવી

# હોળી છપરી લોકોનો તહેવાર છે, કહેતા ફરાહ ખાન જબરી ટ્રોલ થઈ

**ફરાહ ખાન હાલમાં 'સેલિબ્રિટી માસ્ટરશેફ'માં જોવા મળી રહી છે, જેને તે જજ કરી રહી છે**



ફરાહ ખાને હોળી વિશે એવી ટિપ્પણી કરી છે, જેના કારણે તે યુઝર્સનું નિશાન બની ગઈ છે. ફરાહે 'સેલિબ્રિટી માસ્ટરશેફ' માં કહ્યું હતું કે હોળી છપરી લોકોનો પ્રિય તહેવાર છે. આનાથી ગુસ્સે થઈને, યુઝર્સ ફરાહ પાસેથી માફી માંગી રહ્યા છે અને ટિપ્પણીને નબળી ગણાવી રહ્યા છે. ફરાહ ખાન હાલમાં 'સેલિબ્રિટી માસ્ટરશેફ'માં જોવા મળી રહી છે, જેને તે જજ કરી રહી છે. તાજેતરમાં, શોના એક એપિસોડમાં, તેણે હોળી વિશે એવી ટિપ્પણી કરી કે વપરાશકર્તાઓ ગુસ્સે થઈ ગયા. ફરાહે કહ્યું હતું કે હોળી એ બધા છપરી લોકોનો પ્રિય તહેવાર છે. આ ટિપ્પણી વપરાશકર્તાઓને સારી ન લાગી અને તેઓ ફરાહને ખૂબ ગાળો આપી રહ્યા છે. 'સેલિબ્રિટી માસ્ટરશેફ' પર ફરાહે જે કહ્યું તેનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.આ એક વીડિયો છે, જેમાં અભિનેતા ગૌરવ ખન્ના અને શેફ વિકાસ ખન્ના પૃષ્ઠભૂમિમાં એકબીજા સાથે વાત કરતા જોવા મળે છે. જ્યારે ફરાહ ખાન કેમેરામાં જોઈ રહી છે અને કહી રહી છે - હોળી એ બધા છપરી લોકોનો પ્રિય તહેવાર છે. આ યાદ રાખજો.આ ટિપ્પણી માટે ફરાહની ઘણી ટીકા થઈ રહી છે. કેટલાક યુઝર્સે તેને બકવાસ ગણાવ્યો, તો કેટલાકે ફરાહ ખાન પાસેથી માફીની માંગ કરી. એક યુઝરે લખ્યું, 'જો ફરાહ ખાન, જે હોળીને 'છપરી છોકરાઓ'નો તહેવાર કહે છે, તેમાં હિંમત છે, તો તેણે ઈદ પર પણ આવું જ જ્ઞાન આપવું જોઈએ!' હિન્દુ તહેવારોનું અપમાન કરવું એ ધર્મનિરપેક્ષતા નથી પણ માનસિક નાદારી છે. માફી માગો, નહીંતર જનતા જાણે છે કે કેવી રીતે પ્રતિક્રિયા આપવી.

### ૨૧ વર્ષની ઉંમરે દાદીએ ભેટમાં આપી હતી

# એવોર્ડમાં દાદીની સાડી પહેરવી છે : સાઇ પલ્લવી




**સાઇ પલ્લવી સાઉથની ઇન્ડસ્ટ્રીની બહુ જાણીતી કાલાકાર છે, તાજેતરમાં જ તેની 'ઠંડેલ' ફિલ્મ રિલીઝ થઈ ગઈ છે**

સાઈ પલ્લવી સાઉથની ઈન્ડસ્ટ્રીની બહુ જાણીતી કાલાકાર છે. તાજેતરમાં જ તેની 'ઠંડેલ' ફિલ્મ રિલીઝ થઈ છે. ત્યારે હવે તેણે નેશનલ એવોર્ડ જીતવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેણે એવું પણ કહ્યું કે તેણે કાળજી પૂર્વક પોતાની દાદીની સાડી પણ સાચવી રાખી છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂ સાઈ પલ્લવીએ કહ્યું, "મારું હંમેશાથી નેશનલ એવોર્ડ જીતવાનું સપનું છે, કારણ કે હું જ્યારે ૨૧ વર્ષની હતી ત્યારે મારા દાદીએ મને એક સાડી આપી છે. એમણે મને એ સાડી મારા લગ્નમાં પહેરવાનું કહ્યું છે. એ વખતે લગ્નની વાતો ચાલતી હતી અને મારી પહેલી ફિલ્મ પણ કરી નહોતી."સાઈ પલ્લવીએ એવું પણ કહ્યું કે આ સાડી તેના નેશનલ એવોર્ડના સપના સાથે કઈ રીતે જોડાયેલી છે. "હું ૨૩-૨૪ વર્ષની થવા આવી ત્યારે મેં પ્રેમમ કરી હતી. મેં ત્યારે વિચાર્યું કે એક દિવસ મને કોઈ મોટો એવોર્ડ મળશે, એ વખતે નેશનલ એવોર્ડ ઘણો મહત્વનો ગણાતો હતો. મેં વિચાર્યું હતું કે હું ત્યારે આ સાડી પહેરીશ. હું એવોર્ડ જીતું કે નહીં પણ મારા પર એ સાડી પહેરવાનું દબાણ હંમેશા રહેશે."ગયા વર્ષે સાઈ પલ્લવી નિત્યા મેનન સામે એવોર્ડ ન મેળવી શકી ત્યારે તેના ફૅન્સ ઘણા નિઃરાશ થઈ ગયા હતા. ફૅન્સની આશા હતી કે સાઈ પલ્લવી પણ એવોર્ડ જીતે. હવે ૨૦૨૫માં તેની ઘણી મહત્વની ફિલ્મો આવી રહી છે, તે રામાયણમાં રણબીર કપૂર સાથે સીતાનો રોલ પણ કરી રહી છે. જેનો પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર રિલીઝ થવાનો છે.

# શાહરૂખને બે ફ્લેટ ભાડે કેમ લેવા પડ્યા?

**શાહરૂખ ખાને મુંબઈના પોશ વિસ્તાર પાલી હિલમાં બે ડુપ્લેક્સ એપાર્ટમેન્ટ ભાડે લીધા છે**



બોલિવૂડના સૌથી ધનિક અભિનેતામાંથી એક માનવામાં આવતા શાહરૂખ ખાને મુંબઈના પોશ વિસ્તાર પાલી હિલમાં બે ડુપ્લેક્સ એપાર્ટમેન્ટ ભાડે લીધા છે.તેનું વાર્ષિક ભાડું ૨.૯ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે. આ માહિતી ડેટા એનાલિટિક્સ ફર્મ દ્વારા આપવામાં આવી છે. આ મુજબ, ભાડા કરાર ૧૪ ફેબ્રુઆરીના રોજ કરાયો હતો. બંને ડુપ્લેક્સ એપાર્ટમેન્ટ મુંબઈના પાલી હિલ વિસ્તારની 'પૂજા કાસા' બિલ્ડિંગમાં આવેલા છે.ડેટા એનાલિટિક્સ ફર્મ ના જણાવ્યા અનુસાર, બંને ડુપ્લેક્સ એપાર્ટમેન્ટનું કુલ વાર્ષિક ભાડું ૨.૯ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે. શાહરૂખ ખાને આમાંથી એક ડુપ્લેક્સ એપાર્ટમેન્ટ જેકી ભગનાની અને તેની બહેન દીપ્તિ ભગનાની પાસેથી ભાડે લીધું છે. તો બીજું ડુપ્લેક્સ એપાર્ટમેન્ટ જેકી ભગનાની પાસેથી જ ભાડે લેવામાં આવ્યું છે. બંનેનો ૩૬ મહિના માટે ભાડા કરાર કરવામાં આવ્યો છે.પાલી હિલ બોલિવૂડ સેલિબ્રિટીઝનો ફેવરિટ વિસ્તારપાલી હિલ એ મુંબઈનો એક પ્રીમિયમ અને એક્સક્લૂઝિવ રેસિડેન્શિયલ એરિયા છે, જ્યાં ઘણા બોલિવૂડ સ્ટાર્સ રહે છે. આ વિસ્તાર લક્ઝરી એપાર્ટમેન્ટ્સ અને શાનદાર સુવિધાઓ માટે જાણીતો છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે શાહરૂખ ખાન આ ડુપ્લેક્સ એપાર્ટમેન્ટનો ઉપયોગ વ્યક્તિગત રહેઠાણ તરીકે કરશે કે અન્ય કોઈ હેતુ માટે. એવું પણ શક્ય છે કે તેને આગામી પ્રોજેક્ટ અથવા પ્રોડક્શન હાઉસ માટે લેવામાં આવ્યા હોય.પાલી હિલ એ મુંબઈનો એક પ્રીમિયમ અને એક્સક્લૂઝિવ રેસિડેન્શિયલ એરિયા છે, જ્યાં ઘણા બોલિવૂડ સ્ટાર્સ રહે છે. આ વિસ્તાર લક્ઝરી એપાર્ટમેન્ટ્સ અને શાનદાર સુવિધાઓ માટે જાણીતો છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે શાહરૂખ ખાન આ ડુપ્લેક્સ એપાર્ટમેન્ટનો ઉપયોગ વ્યક્તિગત રહેઠાણ તરીકે કરશે કે અન્ય કોઈ હેતુ માટે. એવું પણ શક્ય છે કે તેને આગામી પ્રોજેક્ટ અથવા પ્રોડક્શન હાઉસ માટે લેવામાં આવ્યા હોય.શાહરૂખનો પ્રોપર્ટી પોર્ટફોલિયો શાહરૂખ ખાન પહેલાથી જ મુંબઈના બાંદ્રા વિસ્તારમાં આવેલા 'મન્નત'ના માલિક છે, જે શહેરના સૌથી ચર્ચિત બંગલાઓમાંથી એક છે. આ સિવાય તેમની પાસે દુબઈ, લંડન અને અન્ય શહેરોમાં પણ ઘણી પ્રોપર્ટી છે. બોલિવૂડ સ્ટાર્સમાં લક્ઝરી રિયલ એસ્ટેટમાં રોકાણ કરવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે અને શાહરૂખ ખાનનું આ પગલું પણ આ દિશામાં એક પગલું માનવામાં આવી રહ્યું છે.બચ્ચને વેચ્યો હતો એપાર્ટમેન્ટઆપને જણાવી દઈએ કે, અગાઉ અમિતાભ બચ્ચને ૫,૧૮૫.૬૨ ચોરસ મીટરના કાર્પેટ એરિયાવાળા લક્ઝરી એપાર્ટમેન્ટને ૮૩ કરોડ રૂપિયામાં વેચ્યો હતો. મીડિયા રિપોર્ટ અનુસાર, તેમણે ઓશિવારા ખાતે ક્રિસ્ટલ ગ્રુપના રેસિડેન્શિયલ પ્રોજેક્ટ 'ધ એટલાન્ટિસ'માં આવેલા પોતાના એપાર્ટમેન્ટને વેચ્યો હતો. અમિતાભ બચ્ચને એપ્રિલ ૨૦૨૧માં આ એપાર્ટમેન્ટ ૩૧ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

# દીકરી શ્વેતા બચ્ચનને કેમ બાંધીને રાખે છે?



અમિતાભ બચ્ચનની ગણતરી ઈન્ડસ્ટ્રીના મેગા સ્ટારમાં કરવામાં આવે છે અને હાલમાં તેઓ લોકપ્રિય ક્વિઝ શો કૌન બનેગા કરોડપતિ-૧૬ હોસ્ટ કરી રહ્યા છે. આ શોમાં બિગ બી અવારનવાર પોતાની પર્સનલ લાઈફ સંબંધિત કિસ્સા શેર કરતાં રહે છે કૌન બનેગા કરોડપતિ શોના એક એપિસોડમાં બિગ બીએ પોતાની દીકરી શ્વેતા બચ્ચન સાથે સંબંધિત કિસ્સો શેર કર્યો હતો અને હાલમાં જ એક એપિસોડમાં બિગ બીએ પોતાની દીકરી શ્વેતા બચ્ચન સાથે સંબંધિત કિસ્સો શેર કર્યો હતો અને જણાવ્યું હતું કે શ્વેતાને અમારે બાંધીને રાખવી પડે છેપ ચોંકી ગયા ને? ચાલો તમને આખી ઈનસાઈડ સ્ટોરી જણાવીએ-સોશિયલ મીડિયા પર કેબીસીની એક ક્લિપ વાઈરલ થઈ રહી છે જેમાં બિગ બીની સામે હોટસીટ પર બેઠેલા કન્ટેસ્ટન્ટ ઉત્સવ દાસે જણાવ્યું હતું કે તેણે પહેલાં જ અટેમ્પ્ટમાં આઈઆઈટીની એક્ઝામ ક્લિયર કરી હતી. ઉત્સવે એવું પણ કહ્યું તેના પિતાએ તેને ચેલેન્જ આપી હતી જેઓ ખુદ એનઆઈટીથી ગ્રેજ્યુએટ છે. પિતાની આ વાતને જ તેણે મોટિવેશન બનાવી અને આઈઆઈટી ક્રેક કરવાનું નક્કી કર્યું.

# યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રીના છૂટાછેડા, સંબંધોનો અંત



**યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના છૂટાછેડાના સમાચારથી તેમના ચાહકોમાં નિરાશા જોવા મળી રહી છે**

ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને તેની પત્ની ધનશ્રી વર્માના છૂટાછેડા થઈ ગયા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બાંદ્રા ફેમિલી કોર્ટમાં બંનેના છૂટાછેડાની કાનૂની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માને બાંદ્રા ફેમિલી કોર્ટમાં સમન્સ પાઠવવામાં આવ્યું હતું, જ્યાં તેમના છૂટાછેડાની ફોર્માલિટી પૂર્ણ કરવામાં આવી હતી. આ પછી બંનેના રસ્તા હંમેશાં માટે અલગ થઈ ગયા છે.યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માએ પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય લીધો હતો. બાંદ્રા કોર્ટના વકીલને ટાંકીને પુષ્ટિ આપી છે કે બંનેને ફોર્માલિટી પૂર્ણ કરવા માટે ફેમિલી કોર્ટમાં બોલાવવામાં આવ્યાં હતાં, જ્યાં બધી કાનૂની ફોર્માલિટી પૂર્ણ થઈ ગઈ છે. જોકે યુઝવેન્દ્ર કે ધનશ્રી બંનેમાંથી કોઈએ હજુ સુધી કોઈ નિવેદન આપ્યું નથી, પરંતુ તે બંને ઘણીવાર તેમની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં રહસ્યમય રીતે સ્ટોરી મૂકતાં જોવા મળ્યાં છે.યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના છૂટાછેડાના સમાચારથી તેમના ચાહકોમાં નિરાશા જોવા મળી રહી છે. આ કપલ સોશિયલ મીડિયા પર ખૂબ જ લોકપ્રિય હતું અને તેમની જોડીને લોકો ખૂબ પસંદ કરતા હતા. યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માએ ૨૦૨૦માં ગુરુગ્રામમાં એક ખાનગી સમારોહમાં લગ્ન કર્યા હતા. ધનશ્રી વર્મા એક ડાન્સર અને કોરિયોગ્રાફર છે. તેમના લગ્ન બાદ બંને સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ હતા અને અવારનવાર એકબીજા સાથેના ફોટા અને વીડિયો શેર કરતા હતા. તેમની કેમેસ્ટ્રી ચાહકોને ખૂબ પસંદ આવતી હતી.

# દૃશ્યમ 3 :-"અતીત કભી ચૂપ નહીં રહેતા"

**દૃશ્યમ ૨' આવ્યા પછી લોકોને લાગ્યું કે, આ સ્ટોરીનો એન્ડ થઈ ગયો છે**

ક્રાઈમ થ્રિલર 'દૃશ્યમ' અને 'દૃશ્યમ ૨'ને દર્શકોએ ઓરિજિનલ મલયાલમ અને રિમેક હિન્દીમાં ઘણી પસંદ કરી છે. અને આ ફિલ્મની સ્ટોરીને આલોચકોની ખૂબ પ્રશંસા મળી છે. 'દૃશ્યમ ૨' આવ્યા પછી લોકોને લાગ્યું કે, આ સ્ટોરીનો એન્ડ થઈ ગયો છે. પરંતુ મેકર્સે હવે વધુ સસ્પેન્સ વધારી દીધો છે. કેમ કે, તેઓએ 'દૃશ્યમ ૩' એનાઉન્સ કરી દીધી છે.મલયાલમ સુપરસ્ટાર મોહનલાલે સોશિયલ મીડિયા પર જીતૂ જોસેફની સાથે મોસ્ટ અવેટેડ ફિલ્મના ત્રીજા ભાગનું એનાઉન્સમેન્ટ કરી દીધું છે. એક્ટરે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે, 'અતીત કભી ચૂપ નહી રહતા, દૃશ્યમ ૩ કન્ફર્મ' તેમને પોતાની સાથે ડાયરેક્ટર જીતૂ જોસેફ અને એન્ટની પેરુમ્બાવૂરની સાથે એક તસ્વીર પણ શેર કરી. જેના પર ફેન્સે ખૂબ પ્રેમ દર્શાવ્યો હતો. દૃશ્યમ ૩ના એનાઉન્સમેન્ટ પછી દર્શકોને ઝાઝી રાહ જોવી નહી પડે. કેમ કે, રહે એક્સાઈટમેન્ટ ઘણુ વધી ગયું છે. દર્શકો ફિલ્મની બાકીની ડિટેઈલ્સ જાણવા માટે એક્સાઈટેડ છે.દૃશ્યમ ઓરિજિનલી મલયાલમમાં બની છે. પરંતુ તેની સ્ટોરીએ સમગ્ર ભારતના દર્શકોને પોતાની તરફ આકર્ષિત કર્યા છે. એટલે જ તો હિન્દી સહિત ઘણી ભાષાઓમાં તેની રિમેક પણ બની છે. ફિલ્મની હિન્દી રિમેકમાં અજય દેવગણ લીડ રોલમાં હતા, તેમની સાથે તબ્બૂએ પોલીસની ભૂમિકા ભજવી હતી. ત્યાં જ બીજા ભાગમાં અક્ષય ખન્નાએ જબરદસ્ત રોલ પ્લે કર્યો હતો. હિન્દીમાં આ ફિલ્મ બ્લોકબસ્ટર રહી હતી. તે સિવાય દૃશ્યમની તમિલ, તેલુગુ, કન્નડ, સિંહલી અને ત્યાં સુધી ચાઈનીઝ ભાષામાં પણ રિમેક બની છે.દૃશ્યમ ૩ની ચર્ચા શરુ કરતા પહેલા ફિલ્મમાં મોહનલાલ અને અજય દેવગણની એક સાથે આવવાની ખબર ખૂબ જ ચર્ચામાં રહી હતી, તે જાણવા માટે ફેન્સ એક્સાઈટેડ હતા કે, શું સાચે મોહનલાલ અને અજય ત્રીજા પાર્ટમાં સાથે જોવા મળશે. તેના પર મોહનલાલને સવાલ પણ કરવામાં આવ્યો હતો. સુપરસ્ટારે એક ઈન્ટરવ્યુમાં તેનો જવાબ આપ્યો હતો કે, 'મને ખબર છે કે, દૃશ્યમ ૩ની સ્ટોરી સાથે લોકોને ઘણી આશાઓ છે અને આ એક મોટી જવાબદારી છે. કેમ કે, તેના બંને પાર્ટ સુપરહિટ સાબિત થયા છે. પરંતુ ત્રીજા પાર્ટમાં મારી અને અજયની સાથે હોવાની ખબર સાચી નથી.



**દૃશ્યમ ઓરિજિનલી મલયાલમમાં બની છે, પરંતુ તેની સ્ટોરીએ સમગ્ર ભારતના દર્શકોને પોતાની તરફ આકર્ષિત કર્યા છે**

# આ એક્ટ્રેસે બાપ-દીકરા બંને સાથે રોમાન્સ કર્યો, હીરો કરતાં પણ વધુ ફી વસૂલતી

**ફિલ્મ જગતની ટોચની એક્ટ્રેસ જેમણે પોતાની કારકિર્દીની શરૂઆત એક ફ્લોપ ફિલ્મથી કરી હતી**





ફિલ્મ જગતની ટોચની એક્ટ્રેસ જેમણે પોતાની કારકિર્દીની શરૂઆત એક ફ્લૉપ ફિલ્મથી કરી હતી. પરંતુ એક ડાયરેક્ટરે એક એક્ટ્રેસને ઘણી ફ્લોપ ફિલ્મો આપ્યા પછી તેને ફરીથી લૉન્ચ કરી અને એક્ટ્રેસ રાતોરાત સ્ટાર બની ગઈ. એટલું જ નહીં, આ એક્ટ્રેસ જે હિટ થવાની ગેરંટી આપતી હતી, તે ઋષિ કપૂર સાથે હંમેશા ફ્લૉપ રહી.એક્ટિંગની દુનિયાની સૌથી વધુ કમાણી કરતી એક્ટ્રેસ જેને ઘણા કલાકારોની કારકિર્દી બનાવવા માટે પણ સાઈન કરવામાં આવતી હતી. એ એક્ટ્રેસ પોતાની એક હસીથી લોકોને પોતાના દિવાના બનાવી દેતી હતી. જ્યારે પણ આ એક્ટ્રેસ ઋષિ કપૂર સાથે જોવા મળતી ત્યારે તેને ફ્લૉપ કહેવામાં આવતી.ફિલ્મી દુનિયાની એ એક્ટ્રેસ બીજી કોઈ નહીં પણ લાખોનાં દિલની ધડકન માધુરી દીક્ષિત છે. માધુરી એક એવી એક્ટ્રેસ છે જેણે પોતાના કરિયરમાં પિતા અને પુત્ર બંને સાથે રોમાન્સ કર્યો છે અને તે ફિલ્મો પણ હિટ સાબિત થઈ છે.માધુરી દીક્ષિત લાંબા સમયથી બોલિવૂડમાં એક્ટિવ છે. તેણે સલમાન ખાનથી લઈને શાહરુખ ખાન સુધીના ઘણા સ્ટાર્સ સાથે ઘણી હિટ ફિલ્મો આપી છે. એક્ટ્રેસે ૮૦ના દાયકામાં 'દયાવાન'માં વિનોદ ખન્ના સાથે કામ કર્યું હતું. પછી ૧૯૯૭માં, તેણે 'મોહબ્બત'માં તેમના પુત્ર અક્ષય ખન્ના સાથે રોમાન્સ કર્યો હતો. દયાવાનમાં માધુરી દીક્ષિતના બોલ્ડ દ્રશ્યો બહુ ફેમસ થયા. તે સમયે બંને વિશે ઘણી ચર્ચા થઈ હતી. એટલું જ નહીં, માધુરીએ પોતે વર્ષો પછી કબૂલ્યું કે આ ફિલ્મમાં કામ કરવાનો નિર્ણય ખોટો હતો. બાદમાં તેણે તેના પુત્ર સાથે પણ પડદા પર રોમાન્સ કર્યો.

## ગુજરાત સરકારના મંત્રી તથા ધારાસભ્ય બચુભાઈ ખાબડની વય નિવૃતિ કાર્યક્રમમા હાજરી







તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

ધાનપુર તાલુકાના નાકટી ગામમા માધ્યમિક શાળામા ફરજ બજાવતા મનહરભાઈ આપસિંગભાઈ પટેલીયાજીના વયનિવૃત કાર્યક્રમમાં હાજરી આપી તથા તેમના નિવૃત જીવન માટે સ્વસ્થ અને તંદુરસ્ત રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# દેવગઢ બારીઆ નગર પાલિકા દ્વારા પ્રવેશ દ્વાર પર લાખો રૂપિયા ખર્ચ કરી લગાવવામાં આવેલ લાઈટો લાંબા સમયથી બંધ હાલતમાં

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૪ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ નગર પાલિકા દ્વારા લાખો રૂપિયા ખર્ચ કરી નગરમાં પ્રવેશ કરવાના દ્વાર પર LED લાઈટ લગાવવામાં આવેલ જે લગાવ્યા બાદ થોડો સમય ચાલુ રહી બાદમાં આજ દિન સુધી તેને ચાલુ કરવામાં આવેલ નથી આ બાબતની વારંવાર રજૂઆત કરવા છતાં પણ કોઈ નગરપાલિકાના કર્મચારી કે સરકારી તંત્ર દ્વારા આ બાબતની રજૂઆતને આંખ આડા કાન જ કર્યા છે ગ્રામજનો દ્વારા જાણવા પણ મળેલ છે કે આ લાઈટ જે લગાડવામાં આવેલ છે તે કોન્ટ્રાકટર દ્વારા લગાડવામાં આવેલ તે કોન્ટ્રાકટર લાઈટ લગાવવા બાદ આવતા જ નથી તો આ બાબત મા તપાસ કરી લાઈટો ચાલુ થાય તેવી લોક માંગ છે.



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

### અમદાવાદના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ ખાતે ખેડૂત સન્માન સમારોહ યોજાયો

# અમદાવાદ જિલ્લાના ૧,૮૮,૦૪૦ ખેડૂતોના ખાતામાં રૂપિયા ૩૭.૬૧ કરોડ ની રકમ જમા કરવામાં આવી




। (માહિતી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદ જિલ્લાના અરણેજ ખાતે આયોજીત કિસાન સન્માન સમારોહમાં સાંસદ શ્રી ડૉ. હસમુખભાઈ પટેલે જણાવ્યું હતુ કે, પ્રાકૃતિક ખેતી અપનાવવી એ વર્તમાન અને આવનારી પેઢી માટે જરૂરી છે. ધરતીની ફળદ્રુપતા, પાણીની ગુણવત્તા અને માણસના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતી અને પ્રાકૃતિક આહાર અત્યંત જરૂરી છે. રસાયણ યુક્ત ખેતી ટૂંકા ગાળાનો લાભ તો અપાવી શકે પરંતુ લાંબા ગાળે જમીન અને માનવીના સ્વાસ્થ્ય અને મોટું નુકસાન કરે છે ખેતીને પાયમાલ બનાવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું. સાંસદ શ્રી ડૉ. હસમુખભાઈ પટેલે અમદાવાદના અરણેજ ખાતે આયોજિત કિસાન સન્માન સમારોહમાં ઉપસ્થિત ખેડૂતોને સંબોધન કર્યું હતું. સાંસદશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં એવી સરકાર છે જે હરહંમેશ ખેડૂતોને પડખે ઉભી રહે છે. ખેડૂતોના પ્રશ્નોને જાણનારી, સમજનારી અને તેના રચનાત્મક ઉકેલ લાવનારી આ સરકાર છે. તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહ્યા છે. ટેકાના ભાવ જાહેર કરવામાં અને ખેડૂતોને આર્થિક રીતે સહાયરૂપ થવામાં વર્તમાન સરકાર ખેડૂતોની અપેક્ષાઓ પર હરહંમેશ ખરી ઉતરી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. આ તકે સાંસદશ્રીએ રાજ્ય સરકારના નવનિર્મિત કૃષિ પ્રગતિ કમાન્ડ એન્ડ કંટ્રોલ પોર્ટલની ભૂમિકા આપી હતી. આ પોર્ટલની વિશેષતાઓ જણાવી તેનો લાભ લેવા સૌ ખેડૂતોને અનુરોધ કર્યો હતો. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની ભૂમિકા આપતા સાંસદશ્રીએ જણાવ્યું કે, ખેડૂતોને સન્માનપૂર્વક ધનરાશિ આપી આત્મનિર્ભર કરવાનું કદમ આ યોજનાથી સરકારે ઉઠાવ્યું છે.

# ઝાલોદ નગરની નાસ્તાની દુકાનોમાં ગ્રાહકોને રૂપિયા આપવા છતાંય કાગળમાં નાસતો આપતા દુકાનદારો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ઝાલોદ નગરની ઘણી ખરી હોટલમાં તગડો નફો મેળવવાની લાલચમાં ગ્રાહકો સાથે દુર્વ્યવહાર કરતા નાસતા હાઉસની દુકાનો ધરાવતા દુકાનદારો કરતા જોવા મળી રહેલ છે. ગ્રાહકો નાસ્તાના રૂપિયા પૂરા આપતા હોવા છતાંય દુકાનદારો ભિખારીની જેમ કાગળમા ચટની નાંખી નાસ્તો કરાવતા જોવા મળે છે જે કાગળ પ્રિન્ટ વાળું હોય છે એ પ્રિન્ટવાળા કાગર ની ઈંક નાસતા સાથે પેટમાં જાય છે ને બીમારી ઉત્પન્ન કરે છે તેમજ ગ્રાહક જો કાગળની પ્લેટ માંગે તો તેના સાથે દુર્વ્યવહાર કરવામાં આવે છે. આ નાસ્તા હાઉસના સંચાલકોને રૂપિયા તગડા કમાવવા છે પણ ગ્રાહક ને સર્વિસ પૂરતી આપવી નથી... આવું કેમ.

ગ્રાહકને પૂરતી બેસવાની વ્યવસ્થાનો અભાવ, શુદ્ધ પાણીનો અભાવ આ નાસ્તા હાઉસની દુકાનોમાં જોવા મળે છે. નાસ્તો કરવા આવતા ગ્રાહકને શંકા પણ જાય છે કે આ વ્યાપારીઓ સરકારના નિયમો પ્રમાણે તેલ વાપરે છે કે નહીં. ઝાલોદ નગર માં હાથ લારી હોય કે હોટેલ દરેક હોટલ વાળા તેલ બદલતા નથી બિન્દાસ રીતે આ દુકાનદારો આવી રીતે વ્યાપાર કરતા એવું લાગે છે કે જવાબદાર તંત્ર આરોગ્ય અધિકારી પણ આ બધું જાણે છે પણ કાંઈ બોલતું નથી કદાચ આ વ્યાપારીઓ અધિકારીઓને કોઈ ગિફ્ટ આપે છે કે શું એટલે કઈ બોલતા નથી. હવે જોવાનું રહ્યું જવાબદાર તંત્ર આવા વ્યાપારીઓ પાસે ઓચિંતી મુલાકાત લઈ ગ્રાહકોના હિતમાં કાયદેસર પગલા લેશે કે નહીં.

# ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી સંદર્ભે અપક્ષો મોટા હોદ્દા લેવાના સપના જોવા લાગ્યા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી યોજાઈ તેમાં ભાજપને ૨૮ શીટ પૈકી ૧૭ અને અપક્ષોને ૧૧ શીટ મળેલ હતી. ભાજપને પૂર્ણ બહુમત મળતા મોટા ભાગના ચૂંટાયેલ ઉમેદવારો ભૂગર્ભમાં ઉતરી ગયેલ છે જેમાં ભાજપ અને અપક્ષ બંને ઉમેદવારો ગાયબ રહેતા નગરમાં અનેક ચર્ચાઓએ જોર પકડેલ છે.

નગરજનોમા ચાલતી ચર્ચા મુજબ ભાજપ દ્વારા ૧૦ ભાજપના ઉમેદવારો અને ૮ અપક્ષના ઉમેદવારો ભાજપ કહેશે તે રીતે સમર્થન આપીશું તેવો એક લેટર વાયરલ થયેલ છે. ૧૦ ભાજપના કેમ સમર્થન આપી રહેલ છે બીજા ૭ ઉમેદવારો કોઈ વિરોધ કરી રહેલ છે કે શું... અપક્ષો ભાજપને સમર્થન આપશે એટલે અપક્ષોને કોઈ મોટા હોદ્દા જોઈએ છે કે શું. ભાજપ પાસે પૂર્ણ બહુમતી હોવા છતાંય અપક્ષો કેમ ભૂગર્ભમાં ઉતરી ગયેલ છે. ભાજપમા બે જૂથ પડી ગયેલ છે કે શું... અપક્ષો બે જૂથમા કોની તરફેણમાં છે. નગરજનોમા ચાલતી ચર્ચા મુજબ જો પૂર્ણ બહુમત છતાંય જો અપક્ષોને સહારે ભાજપ કોઈ ગઠબંધન કરશે તો હવે કોઈ પણ ચૂંટણીમાં આવા જીતેલા ઉમેદવારો જે સત્તા માટે ગમે તે જગ્યાએ ઢળી જાય તેવા ઉમેદવારોને જાકારો આપસે. હાલ તો નગરમાં રોજેરોજ ફક્ત નગરપાલિકા પ્રમુખ કોણ બનશે તેની જ ચર્ચા લોકો કરતાં જોવા મળે છે. હવે જોવાનું રહ્યું ભાજપ પૂર્ણ બહુમત થી વટ સાથે સરકાર બનાવશે કે નગરજનોને મૂર્ખ બનાવી અપક્ષો સાથે નગરપાલિકા પર રાજ કરશે.

# ઝાલોદના પેથાપુર-બલેન્ડિયામાં ભૂંડ ખેડૂતો માટે આફત બન્યાં : ઊભા પાકને બચાવવા ખેડૂતોના મરણિયા પ્રયાસ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ઝાલોદના પેથાપુર બલેન્ડિયા અને આસપાસ પંથકમાં ભૂંડના ઝુંડ દ્વારા મકાઈ અને ઘઉંના ઊભા પાકને સોથ વાળતાં ખેડૂત પરિવારો પર ખેતરમાં રાતવાસો કરવા મજબૂર બન્યા છે

ખેતરમાં પાકી ગયેલ અને વાઢવાની તૈયારીમાં લાગેલો ખેડૂતના સોનારૂપી ઘઉં અને મકાઈના પાકને ભૂંડ દ્વારા રાત્રિના સમયે પારાવાર નુકશાન કરતા નજરે પડે છે ચોમાસાના સમયે કુદરતી કહેરમાં મકાઈના ઊભેલા પાકને મોટાપાયે નુકશાની વેઠવાનો ભાર ખેડૂતને થયેલ હતો અને હાલ શિયાળામાં ઘઉંના પાકને પિયત દ્વારા ખુબજ મહેનતથી ઊભા પાકને ભૂંડ દ્વારા નુકશાની થતા ખેડૂતોના માથે ચિંતાના વાદળો મંડરાઈ રહ્યા છે

આજનો ખેડૂત તનતોડ મહેનત કરવા છતાં કુદરતી આફત સામે ખેતરમાં પાકમાં પડતા રોગો સામે અને અન્ય રીતે મહેનત કરીને ખેતી કરતો હોય છે તેમ છતાં ખેડૂતને ક્યાંક પાકના ઓછા ભાવ સામે ખર્ચ કરતા ઓછું ઉત્પાદન મોંઘા બિયારણ દવાઓ તેમજ તનતોડ મહેનત કરવા છતાં પોષણક્ષમ ભાવો પણ મળતા નથી તમામ મુશ્કેલીમાંથી ખેતરમાં પાક તૈયાર થાય છે જેની સામે હાલ ગ્રામ્ય સ્તરે ભૂંડના આંતક સામે ખેડૂતોને પાક બચાવવા રાત્રિના ઉજાગરા કરવા પડે છે અને પોતાના જીવને જોખમમાં મૂકીને ઊભા પાક બચાવવા ખેડૂત મરણિયો બન્યો હોઈ એવી હાલત થયેલ છે આ સામે વન વિભાગ કે વહીવટ તંત્ર દ્વારા કોઈ યોગ્ય પગલાં ભરવામાં આવે જેથી કરીને ખેડૂતોના હાથમાં આવેલો કોળીયો છીનવાઈ ન જાય.

### ડીડીઓને આવેદનપત્ર આપી પડતર પ્રશ્નોના નિકાલ માટે રજૂઆત કરી

# દાહોદ જીલ્લાના લેબ ટેકનિશ્યનોએ પડતર પ્રશ્નોનો અંગે લડત ની ચીમકી આપી



તસ્વીર : અજય અગ્રવાલ, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૪ ।

દાહોદ જિલ્લામાં ફરજ બજાવતાં લેબોરેટરી ટેકનિશ્યનોના પડતર પ્રશ્ન બાબતે વારંવાર રજુઆત કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા આખરે કર્મચારીઓ એ વધુ એક વખત આંદોલાત્મક કાર્યક્રમની ચિમકી ઉચ્ચારી છે. આ અંગે જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પણ પાઠવ્યું હતું.આ અંગે કર્મચારીઓએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, સરકાર દ્વારા અન્ય વિભાગ કેડરના પ્રશ્નો બાબતે સરકાર દ્વારા હકારાત્મક અભિગમ દાખવીને નાણાકિય વધારો કર્યો છે. જ્યારે અમારી માગણી અર્થે અમને તેમજ આરોગ્ય વિભાગ દ્વારા તમામ સૈદ્ધાંતિક પુરાવા આપેલા હોવા છતાં અમારા પ્રશ્નોનું નિરાકરણ ન આવતા અને અમારી કેડરની સરેઆમ ઉપેક્ષાની લાગણી થતા લેબોરેટરી ટેકનિશ્યન કેડરમાં રોષની લાગણી વ્યાપી છે.

લેબોરેટરી ટેકનિશ્યન પત્રક ૧ મુજબના પડતર પ્રશ્નો સહિત લેબોરેટરી ટેકનીશ્યનના મુખ્ય પડતર પ્રશ્નો એવા નાણા વિભાગના ઠરાવની અમલવારી લેબોરેટરી ટેકનીશ્યનો માટે કરવા તેમજ અન્ય વહીવટી પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવે તે આશયથી ૩૩ જિલ્લાની કારોબારીમાં થયેલા નિર્ણય મુજબ આંદોલનના કાર્યક્રમો આપવાની ફરજ પડી છે. આ આંદોલાત્મક કાર્યક્રમ મુજબ લેબ ટેકનીશ્યન ૪ માર્ચથી ઉપવાસ પર ઉતરશે.

### ખેડૂત આગેવાન મૂકેશ ડાંગી દ્વારા ખેડૂતો આત્મ વિલોપન કરશે તેવી ચીમકી ઉચ્ચારી

# ઝાલોદ તાલુકાના ચૌદ ગામોમા નેશનલ કોરીડોરના નુકસાનની માંગણી પૂરી ન થતાં ખેડૂતોની આંદોલન કરવાની ચીમકી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ઝાલોદ તાલુકામાથી નીકળતો દિલ્હી મુંબઈ કોરીડોર ને લઈ કુલ ચૌદ ગામોને આની સીધી અસર થઈ છે. આ ચૌદ ગામોમાં મૂળ આદિવાસી વસ્તી છે અને તેઓ ખેતી કરી પોતાનું રોજગાર અને પરિવારનું ભરણપોષણ કરે છે. આ કોરીડોર થી અંદાજીત ચૌદ ગામોના ખેડૂતોને સીધો અસર થયેલ છે. આ વિસ્તારના ખેડૂતોને કોરીડોર થી થતા નુકશાન, ખેતી કરવામાં અગવડતા તેમજ અનેક પાયાની સુવિધાઓ દૂર થતાં તેઓ દ્વારા નેશનલ હાઈવે તેમજ એટલ્સ કંપનીના અધિકારીઓ પાસે લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરેલ હતી અને સત્તર જેટલી માંગો પૂર્ણ કરવા માટે માંગ કરેલ હતી. ખેડૂતો દ્વારા કેટલીય વાર તંત્રને લેખિતમાં અરજી આપી સત્તાવાર તારીખો આપી માંગ પૂર્ણ કરવા માટે અરજી કરેલ હતી. પરંતુ તંત્ર ખેડૂતોની માંગને લઈ આજ સુધી કોઈ પણ માંગો પૂર્ણ કરી શકેલ નથી.

ખેડૂતો દ્વારા મુખ્યત્વે સ્મશાન ઘાટ બનાવવા, આંગણવાડી બનાવવા, બાળકોને આંગણવાડી આવવા જવા રસ્તો બનાવવા, આર.સી.સી રસ્તા બનાવવા, વીજ લાઈનો ઉભી કરવા , વરસાદી પાણીનો નિકાલ કરવા, હાઈવેના માટી પુરાણને સમતલ કરવા, જમીનોમાં કાયદેસર હક ચઢાવવા, નાળાઓ બનાવવા, મકાનોને બ્લાસ્ટ થી થતા નુકશાન અપાવવા તેમજ વિવિધ વળતર જે આજ સુધી નેશનલ કોરીડોર ને લીધે થયેલ છે તે તમામ પૂર્ણ કરવા તંત્ર તેમજ એજન્સીઓ નકામ રહેલ છે તેને પૂર્ણ કરવા ૦૫-૦૩-૨૦૨૫ સુધીમાં ખેડૂતો દ્વારા લેખિતમાં બાંહેધરી માંગવામાં આવેલ છે.



ખેડૂત આગેવાનો દ્વારા ૦૫-૦૩-૨૦૨૫ સુધી જો કોઈપણ યોગ્ય ન્યાય નહીં મળે તો આવનાર દિવસોમા મજૂરી અર્થે ગયેલ લોકો હોળીના તહેવાર નિમિતે પરત આવશે ત્યારે મોટા પાયે આક્રમક મિજાજમાં આંદોલન કરવામાં આવશે. હવે ખેડૂતો માટે તંત્ર સામે લડી લેવા સિવાય કોઈ વિકલ્પ ન બચતા આંદોલન થી થતા કોઈ પણ ઘટના સર્જાશે તો તેની તમામ જવાબદારી તંત્રની રહેશે.

દાહોદ જિલ્લામાં ગ્રીન ફિલ્ડ એરપોર્ટ મંજૂર કરી દેવામાં આવેલ છે. આ વિસ્તારમાં માછણનાળા, કાલી-૨, દિલ્હી મુંબઈ હાઈવે અને ગ્રીન ફિલ્ડ એરપોર્ટ મંજૂર કરવામાં આવેલ છે. આ વિસ્તારના ખેડૂતોને સરકાર દ્વારા કહેવાતા વિકાસ થી આ વિસ્તારના ખેડૂતોનો વિનાશ થઈ રહેલ છે. એરપોર્ટને લઈને પણ આ વિસ્તારના ખેડૂતોની જમીનો છીનવી લેવામા આવશે ત્યારે ખેડૂતો જમીન વિહોણા થઈ જશે તો બાળકો કે પરિવારનું કોઈ ગુજરાન ચલાવવા કોઈ બીજો રસ્તો ન રહેતા ભૂખે મરશે તેથી ભૂખ થી મરવા કરતાં પ્રાંત કચેરીએ આવી સહુ ખેડૂતો આત્મ વિલોપન કરીશું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજનો દિવસ તમારા માટે દોડધામભર્યો રહેશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. તમારા વ્યક્તિગત મોરચે મહત્વની ઘટના બનશે -જે તમારા તથા તમારા આખા પરિવાર માટે પ્રફૂલ્લતા લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો। સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે.

**કર્ક (ડ,હ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. બાળકો વધુ ધ્યાનની માગ કરશે-પણ તેઓ સહાયક અને દેખભાળભર્યું વર્તન કરશે. તમે રૉમેન્ટિક વિચારો તથા ભૂતકાળના સપનાંમાં જ ગળાડૂબ રહેશો.

**સિંહ (મ,ટ) :**

આજે તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારે સચેત રહેવાણી જરૂર છે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે. રૉમાન્સની શક્યતા છે પણ શારીરિક લાગણીઓ જાગી શકે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે। બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય.

**વૃશ્ચિક (ન,ય) :**

બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો.

**ધન (ભ,ધ,ફ) :**

આજથી તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. પરિવાર,બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. આજે તમારો પ્રણય સાથૂી તમને કશું ક અતિ સુંદર કરીને આશ્ચર્યચકિત કરી મુકશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. એવો દિવસ જ્યારે તમારી માટે ખરાબ લાગણી ધરાવનારી વ્યક્તિ તમારી સાથેની ગેરસમજ દૂર કરવાનો તથા તમારી સાથે સમાધાન સાધવાનો પ્રયાસ કરશે. પ્રેમના આનંદની અનુભૂતિની શક્યતા છે. કામમાં તમે જે સખત મહેનત કરી રહ્યા છો એનું વળતર તમને આજે મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. શું કરવું એ બાબતે તમે જો સરમુખ્યત્યાર જેવું વર્તન કરશો તો તમારા પ્રેમી-પ્રેમિકા સાથે તમને ગંભીર સમસ્યાઓ થશે.

અગાઉની સરકારે ૧.૮ કરોડ ડોલર આપ્યો હોવાનો દાવો

# US ચૂંટણી માટે ફંડ આપે છે, પરંતુ ભારતને તેની જરૂર જ નથી: ટ્રમ્પ

## સરકાર ગેરકાયદેસર ગુનેગારોને ઘરે મોકલી રહી છે તથા ગંદકી સાફ કરીને સરકારને મજબૂત બનાવી રહી છે



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૪ ।

યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ((USAID) અને અગાઉની બાઈડન સરકાર પર હુમલા ચાલુ રાખતા અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે બાઈડન સરકારે ભારતને ચૂંટણીમાં મદદ કરવા માટે ૧.૮ કરોડ ડોલરનું ફંડ આપ્યું હતું, પરંતુ ભારતને આ ધનની કોઈ જરૂર જ નથી. ભારતને વિશ્વમાં સૌથી ઊંચી ટેરિફ ધરાવતો દેશ ગણાવી ટ્રમ્પે જણાવ્યું હતું કે ભારત અમેરિકાનો ફાયદો ઉઠાવી રહ્યું છે. ભારતને વોટર ટર્નઆઉટ માટે ૨.૧ કરોડ ડોલરનું ફંડ આપવા બદલ USAIDની વારંવાર ટીકા કર્યા પછી કન્ઝર્વેટિવ પોલિટિકલ એક્શન કોન્ફરન્સ (CPAC)માં ટ્રમ્પે શનિવારે જણાવ્યું હતું કે ભારતને તેની ચૂંટણીમાં મદદ કરવા માટે ૧.૮




કરોડ ડોલર. શા માટે? શા માટે જૂના બેલેટ મતપત્રો પર ન જઈએ, વોટર ID. આપણે ચૂંટણી માટે ભારતને પૈસા આપી રહ્યા છીએ. તેમને પૈસાની જરૂર નથી. તેઓ આપણો ખૂબ સારો ફાયદો ઉઠાવે છે. વિશ્વના સૌથી વધુ ટેરિફ લાદતા દેશમાં એક છે. ભારત ૨૦૦ ટકા ટેરિફ લાદે છે અને પછી આપણે તેમને તેમની ચૂંટણીમાં મદદ કરવા માટે ઘણા પૈસા આપીએ છીએ. બાંગ્લાદેશને ૨.૯ કરોડ ડોલર આપવા બદલ USAIDની ટીકા કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં રાજકીય પ્રક્રિયાને મજબૂત કરવા અને તેમને મદદ કરવા ૨.૯ કરોડ ડોલરનું સહાય, જેથી તેઓ કટ્ટર ડાબેરી સામ્યવાદીઓને મત આપી શકે. ટ્રમ્પે અગાઉ દાવો કર્યો હતો કે અગાઉની બાઈડન સરકાર હેઠળ યુએસએઆઈડીએ વોટર ટર્નઆઉટ માટે ભારતને ૨.૧ કરોડનું ભંડોળ ફાળવ્યું હતું. ગેરકાયદે ઈમિગ્રન્ટના દેશનિકાલનો બચાવ કરતાં અમેરિકી પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમની સરકાર કૌભાંડીઓ, ચીટરો, વૈશ્વિકવાદીઓ અને ડાબેરી અમલદારોને તેમના ઘેર મોકલીને ગંદકી સાફ કરી રહી છે. સરકાર ગેરકાયદેસર ગુનેગારોને ઘરે મોકલી રહી છે તથા ગંદકી સાફ કરીને સરકારને મજબૂત બનાવી રહી છે. અમેરિકાએ અત્યાર સુધી ત્રણ તબક્કામાં ભારતના ૩૩૨ નાગરિકોને ડિપોર્ટ કર્યા છે.

### ન્યૂઝ બ્રિફ

## ૧૪૦ સોશિયલ મીડિયા હેન્ડલ સામે FIR નોંધાઈ

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૪ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાઈ રહેલો મહાકુંભ મેળો હવે તેના અંતિમ તબક્કામાં છે, મહાશિવરાત્રિના દિવસે મહાકુંભ મેળાનું સમાપન થશે. આ મહાકુંભ મેળો ઘણી બાબતોને કારણે વિવાદમાં રહ્યો છે, સોશિયલ મીડિયા પર મહાકુંભ સતત ચર્ચામાં રહ્યો. એવામાં ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ મહાકુંભ વિશે 'ભ્રામક સામગ્રી' ફેલાવવા બદલ ૧૪૦ સોશિયલ મીડિયા હેન્ડલ સામે ૧૩ ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ દાખલ કરવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશ પોલીસનો સોશિયલ મીડિયા સેલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ખાસ નજર રાખી રહ્યું છે. ત્રિવેણી સંગમમાં સ્નાન કરતી મહિલા શ્રદ્ધાળુઓના વાંધાજનક વીડિયો શેર થયા બાદ, સોશિયલ મીડિયા સેલ વધુ સતર્ક થઈ ગયું છે.

## અમેરિકાથી ભારત આવતી ફ્લાઈટમાં બોમ્બની ધમકીથી ખળભળાટ મચ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

અમેરિકન એરલાઈન્સની ફલાઈટ ૨૯૨ ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી બાદ ઈટાલીના રોમ તરફ ડાયવર્ટ કરી દેવામાં આવી છે. આ ફલાઈટ ન્યૂયોર્કથી નવી દિલ્હી આવી રહી હતી. એવું કહેવાય છે કે સુરક્ષા ખતરાને ધ્યાનમાં રાખીને ફલાઈટને ઈટાલીના રોમ તરફ ડાયવર્ટ કરવાની ફરજ પડી હતી. સૂત્રોનું કહેવું છે કે ન્યૂયોર્કથી નવી દિલ્હી જતી અમેરિકન એરલાઈન્સની ફલાઈટ ૨૯૨ ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈમેઈલ મળ્યો હતો, ત્યારબાદ ફલાઈટને રોમના ફિયુમિસિનો એરપોર્ટ તરફ વાળવાનો નિર્ણય કરાયો હતો. ફલાઈટને ડાયવર્ટ કરીને રોમમાં લેન્ડ કરવામાં આવી રહી છે. ત્યારબાદ સમગ્ર ફલાઈટની તપાસ કરવામાં આવી હતી અને હવે ક્લિયરન્સ પછી ફલાઈટને દિલ્હી તરફ મોકલવામાં આવશે.

## અમેરિકાએ બનાવી દીધી દુનિયાની પહેલી ઉડતી કાર

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૪ ।

જો તમે દુનિયાભરમાં ખૂબ જ લોકપ્રિય ફેન્ટસી ફિલ્મ 'હેરી પોટર' જોઈ છે તો તમને હેરી અને રોનનો તે ફ્લાઈંગ કારવાળો સીન જરૂર યાદ આવશે જ્યારે ટ્રેન છૂટી જતાં રોન પોતાના પપ્પાની ફ્લાઈંગ કારમાં હેરી સાથે હોગવર્ટ્સ સ્કૂલ જાય છે. જો તમને પણ આ સીન એક્સાઈટિંગ લાગ્યો હતો અને મનમાં આવી ફેન્ટસી જાગી હતી કે કાશ તમે પણ એવું કરી શકો, તો તમારી ફેન્ટસી કદાચ જલ્દી જ હકીકત બની શકે છે. કારણ કે, ફ્લાઈંગ કાર્સ હવે ફક્ત ફેન્ટસી નથી પરંતુ હકીકત બની ગઈ છે. અમેરિકા સ્થિત સસ્ટેનેબલ મોબિલિટી કંપની એલેફ એરોનોટિક્સે શહેરી પરિપ્રેક્ષ્યમાં પોતાની ફ્લાઈંગ કારનો સફળતાપૂર્વક ફ્લાઈંગ ટેસ્ટ પૂર્ણ કર્યો છે. આ કંપનીની શરૂઆત ૨૦૧૫માં થઈ હતી અને અમેરિકાના કેલિફોર્નિયામાં તેનું હેડક્વાર્ટર છે. કંપની ફ્લાઈંગ કાર કન્સેપ્ટ અને ડિઝાઈનિંગ માટે જાણીતી છે.

ભારતને ૭ પ્રોજેક્ટ્સ માટે રૂ.૬૫૦૦ કરોડ આપ્યા હોવાનું સ્વીકાર્યું

# અમેરિકાએ 'વોટર ટર્નઆઉટ' માટે કોઇ પૈસા આપ્યા નથી: નાણાં મંત્રાલય

## ભારતમાં અમેરિકા સરકારે USAID મારફતે આપેલા નાણા બાબતે નાણાં મંત્રાલયના રિપોર્ટમાં ખુલાસો કરાયો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ભારતમાં અમેરિકા સરકારે USAID મારફતે આપેલા નાણા બાબતે નાણાં મંત્રાલયના રિપોર્ટમાં ખુલાસો કરાયો છે. આ રિપોર્ટ મુજબ, અમેરિકાએ ભારતમાં ૭ પ્રોજેક્ટ્સ માટે ૭૫૦ મિલિયન ડોલર (અંદાજે રૂ.૬૫૦૦ કરોડ)નું ફંડ આપ્યુ હતું. ભારત સરકારને અપાયેલા આ નાણામાં ચૂંટણી દરમિયાન મતદાન વધારવા માટે કોઈ ફંડ અપાયું હોવાનો ઉલ્લેખ નાણાં મંત્રાલયના રિપોર્ટમાં નથી.




અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જણાવ્યા મુજબ, ભારતમાં ચૂંટણી પ્રક્રિયા માટે ૨૧ મિલિયન ડોલરનું ફંડ અપાયું હતું. આ ફંડને વિદેશ મંત્રી એસ. જયશંકરે ચિંતાજનક બાબત ગણાવીને કહ્યું હતું કે, ભારત સરકાર આ બાબતે તપાસ કરી રહી છે. ટ્રમ્પ સરકારે ચૂંટણી ફંડ બંધ કરવાનો નિર્ણય જાહેર કર્યા બાદ નાણા મંત્રાલયના આ ખુલાસાથી ભાજપ શાસિત એનડીએ અને વિરોધ પક્ષો વચ્ચે નવો મોરચો ખુલ્યો છે. નાણાં મંત્રાલયે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન મળેલી USAID અંગે ખુલાસો કર્યો હતો કે, ગત વર્ષ દરમિયાન અમેરિકાએ કુલ ૭ પ્રોજેક્ટ માટે ૯૭ મિલિયન ડોલર (અંદાજે રૂ.૮૨૫ કરોડ) આપ્યા હતા. ૨૦૨૪ લોકસભાની ચૂંટણી પહેલા મતદાનને પ્રોત્સાહન આપવા માટે કથિત ફંડ અપાયું હોવાનો ઉલ્લેખ આ રિપોર્ટમાં કરાયો નથી.

નોટિફિકેશન બહાર પાડીને રજા પર ઉતારી દીધા

# ડોનાલ્ડ ટ્રમ્પની મોટી કાર્યવાહી, US-AID ના ૨૦૦૦ કર્મચારીની કરી છટણી

## યુએસ ડિસ્ટ્રિક્ટ જજ કાર્લ નિકોલ્સે કર્મચારીઓ દ્વારા સરકારની યોજના પર કામચલાઉ પ્રતિબંધ લગાવવાની અરજી નકારી હતી

।(એજન્સી) વોશિંગ્ટનડીસી, તા.૨૪।

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોટી કાર્યવાહી કરી હતી. તેમણે યૂએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID)ના ૨૦૦૦ કર્મચારીને નોકરીમાંથી કાઢવાની અને અન્ય લોકોને રજા પર મોકલવાનું નોટિફિકેશન જાહેર કર્યું હતું. ટ્રમ્પે આ પગલું ન્યાયાધીશ દ્વારા યુએસએઆઈડી કર્મચારીઓને કામ પરથી હટાવવાની મંજૂરી આપ્યા બાદ ભર્યું હતું. યુએસ ડિસ્ટ્રિક્ટ




જજ કાર્લ નિકોલ્સે કર્મચારીઓ દ્વારા સરકારની યોજના પર કામચલાઉ પ્રતિબંધ લગાવવાની અરજી નકારી હતી. જે બાદ આટલા કર્મચારીઓની છટણી કરવામાં આવી છે. યુએસઆઈડી દ્વારા છટણી કરવામાં આવેલા કર્મચારીઓને મોકલવામાં આવેલા નોટિફિકેશન મુજબ, ૨૩ ફેબ્રુઆરીએ રાત્રે ૧૧.૫૯ કલાકથી પ્રત્યક્ષ નિમણૂક કરવામાં આવેલા તમામ કર્મચારીઓને ફરજ મુક્ત કરવામાં આવશે. આ સિવાય જે કર્મચારીઓ મિશન આધારિત કાર્યોમાં રોકાયેલા છે તેમને પણ અન્ય બદલી કરવામાં આવી શકે છે.ટ્રમ્પ તંત્ર દ્વારા પહેલાથી જ યુએસઆઈડીના વોશિંગ્ટન સ્થિત હેડ ક્વાર્ટરને બંધ કરી દેવામાં આવ્યું છે અને વૈશ્વિક સ્તરે અમેરિકન સહાયતા અન વિકાસ કાર્યક્રમો રોકી દેવામાં આવ્યા છે.

# બીજા વિશ્વયુદ્ધ પછી પહેલી વાર દક્ષિણપંથી સરકાર

## જર્મનીની ૨૦૨૫ની ચૂંટણીમાં ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝની પાર્ટીને કારમી હારનો સામનો કરવો પડ્યો

। (એજન્સી) બર્લિન, તા.૨૪ ।

જર્મનીમાં યોજાયેલી ૨૦૨૫ની રાષ્ટ્રીય ચૂંટણીમાં ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝની સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. તાજેતરના એક્ઝિટ પોલ અનુસાર, વિપક્ષી નેતા ફ્રેડરિક મેર્ઝના ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન (CDU) અને તેના સાથી પક્ષ, ક્રિશ્ચિયન સોશિયલ યુનિયન (CSU), વિજય તરફ આગળ વધી રહ્યા છે. જો મેર્ઝની પાર્ટી જીતે છે, તો બીજા વિશ્વયુદ્ધ પછી પહેલી વાર એવું બનશે કે જર્મનીમાં કોઈ જમણેરી પાર્ટી સત્તામાં પાછી આવશે.સમાચાર એજન્સી શિન્હુઆ અનુસાર, નવા મતદાન દર્શાવે છે કે CDU અને CSU પક્ષો ૨૯ ટકા સમર્થન સાથે આગળ છે. જ્યારે અલ્ટરનેટિવ ફોર જર્મની (AfD) ને ૨૧ ટકા અને ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝની પાર્ટી SPD ને માત્ર ૧૫ ટકા સમર્થન મળ્યું.




જોકે, ૨૨ ટકા ઉત્તરદાતાઓ હજુ પણ અનિશ્ચિત હતા, જેના કારણે અંતિમ પરિણામ અંગે શંકા ઉભી થઈ. ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે પોતાની હાર સ્વીકારતા કહ્યું: ''આ અમારા માટે કડવું ચૂંટણી પરિણામ છે.'' એક્ઝિટ પોલના આધારે, સ્કોલ્ઝે ચૂંટણીમાં થયેલી હારને તેમના પક્ષ માટે પીડાદાયક હાર ગણાવી. બીજી તરફ, ફ્રેડરિક મેર્ઝે ચૂંટણીમાં તેમના પક્ષની જીતનો દાવો કર્યો અને કહ્યું કે તેમનો પક્ષ ટૂંક સમયમાં શાસક ગઠબંધન બનાવશે.''અમે આ બુન્ડેસ્ટાગ ચૂંટણી માટે અને સરકારી જવાબદારી લેવા માટે ખૂબ જ સારી રીતે તૈયારી કરી છે,'' ફ્રેડરિક મેર્ઝે કહ્યું. તેમનો ધ્યેય શક્ય તેટલી વહેલી તકે સ્થિર શાસક ગઠબંધન બનાવવાનો છે, જેથી જર્મનીમાં નવી સરકારની રચના થઈ શકે.આ ચૂંટણીમાં યુક્રેન યુદ્ધ, આર્થિક પડકારો, ઉર્જાના ઊંચા ભાવ અને ગેરકાયદેસર ઈમિગ્રેશન જેવા મુદ્દાઓ પર પ્રભુત્વ રહ્યું. આ મુદ્દાઓએ મતદારોના નિર્ણયને નોંધપાત્ર રીતે પ્રભાવિત કર્યો છે, જેનાથી વિરોધી પક્ષોને ફાયદો થયો છે. જર્મનીની ચૂંટણી પ્રણાલીમાં, મતદારો સીધા ચાન્સેલરની પસંદગી કરતા નથી, પરંતુ બુન્ડેસ્ટાગના સભ્યોને મત આપે છે.

બ્રિટનના વડાપ્રધાનનો મોટો નિર્ણય

# 'જે રશિયાનું સમર્થન કરશે તેને અમારા દેશમાં પ્રવેશ નહીં'

## બ્રિટન સરકારે કહ્યું કે, પ્રતિબંધોમાં રશિયન સરકારના ઉચ્ચ સ્તર સુધી પહોંચ ધરાવતા વ્યક્તિઓનો પણ સમાવેશ થશે

। (એજન્સી) લંડન, તા.૨૪ ।

રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યાના બરાબર ત્રણ વર્ષ બાદ જાહેર થનારા નવા પ્રતિબંધો હેઠળ, બ્રિટન એવા વ્યક્તિઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકશે જેઓ રશિયાને મહત્વપૂર્ણ સહાય પૂરી પાડે છે અથવા તેમની સંપત્તિ રશિયાને ચૂકવવાની બાકી છે.બ્રિટન સરકારે કહ્યું કે, 'પ્રતિબંધોમાં રશિયન સરકારના ઉચ્ચ સ્તર સુધી પહોંચ ધરાવતા વ્યક્તિઓનો પણ સમાવેશ થશે. તેમાં કેટલાક વરિષ્ઠ રાજકારણીઓ, સરકારી અધિકારીઓ અને ઉદ્યોગપતિઓનો સમાવેશ થઈ શકે છે.'બ્રિટિશ સુરક્ષા મંત્રી ડેન જાર્વિસે જણાવ્યું કે, 'નવા પગલાં રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનના યુદ્ધ પ્રયાસોને ટેકો આપતા રશિયન સમર્થન સામે બ્રિટનના હાલના પ્રતિબંધોને પૂરક બનાવશે.'બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારમર ગુરુવારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે યુક્રેન યુદ્ધ અંગે ચર્ચા કરવા માટે વોશિંગ્ટન જશે.

હુમલાખોર છરી લઈને તૂટી પડયો હતો

# ફ્રાંસના મલહાઉસમાં ઇસ્લામિસ્ટ આતંકી હુમલો: એકનું મોત થયું

## ૩૭ વર્ષનો હુમલાખોર શંકાસ્પદોની યાદીમાં હતો અને અલ્જિરિયામાંથી પોર્ટુગલ થઈ ફ્રાંસ પહોંચ્યો હતો

। (એજન્સી) પેરિસ, (ફ્રાંસ), તા.૨૪ ।

દક્ષિણ જર્મની અને સ્વિત્ઝર્લેન્ડની ઉત્તરે રહેલાં પૂર્વ ફ્રાંસનાં મલહાઉસ શહેરમાં એક હુમલા ખોરે છરીથી હુમલો કરી એકની હત્યા કરી હતી તેમજ બે પોલીસ ઓફિસર્સને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. શનિવારે બનેલી આ ઘટનાને ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોએ ઈસ્લામિક ટેરર એક્ટ કહી હતી.આ માહિતી આપતાં ફ્રાંસ-૨૪ (ફ્રાંસ ટ્વેન્ટીફોર) નામક વર્તમાનપત્ર જણાવે છે કે, આ હુમલા ખોરની ધરપકડ કર્યા પછી ફ્રાંસનાં નેશનલ એન્ટી ટેરર પ્રોસીક્યુટર યુનિટ (પીએનએટી) જણાવે છે કે તે હુમલાખોરે પહેલાં અલ્લાહુ અકબર નામનો નારો ગજાવ્યો હતો, અને પછી છરીથી આડેધડ ઘા કરવા લાગ્યો હતો.આ હુમલાખોર પોર્ટુગલનો નાગરિક હોવાનું જાણવા મળ્યું છે. આ હુમલા અંગે ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોંએ જણાવ્યું હતું કે તે ઘટના એક ત્રાસવાદી ઘટના હતી. ઈસ્લામિક ત્રાસવાદી ઘટના હતી તેમાં કોઈ શંકાને સ્થાન નથી. સરકાર ત્રાસવાદને નિર્મૂલ કરવા કટિબદ્ધ છે.વધુમાં જાણવા મળ્યું



છે કે મૂળ અલ્જિરિયાનો વતની તેવો આ ત્રાસવાદી પોર્ટુગલ પહોંચ્યો હતો ત્યાંથી તે પોર્ટુગલ ગયો ત્યાંથી ફ્રાંસ પહોંચ્યો હતો. તેણે પોર્ટુગલનું નાગરિકત્વ પણ લીધું હતું.આ પૂર્વે ૨૦૧૫માં પણ ત્રાસવાદી હુમલાઓ યુરોપમાં થયા હતાં. તેમાં પયગમ્બર મહમ્મદ સાહેબનું ઠઠ્ઠા ચિત્ર રજૂ કરનાર સામાયિકના માલિક ચાર્લી હેબ્ડોસની ઓફીસ ઉપર પણ હુમલો થયો હતો. તેમાં એક પોલીસને ગંભીર ઈજાઓ થઈ હતી તેમ હીસ્ટ વર્તમાનપત્રે જણાવ્યું હતું.અલ હાઉસનાં મેયર મિશેલ લુત્ઝે ફેસ બુક ઉપર જણાવ્યું હતું કે આ હુમલો ત્રાસવાદી હુમલો જ હતો તે ન્યાયતંત્ર દ્વારા નિશ્ચિત કરાવવાનું રહે છે.

## યુપીમાં બ્યૂટી પાર્લરથી આવતી બે સગી બહેનો પર હુમલો

। (એજન્સી) મથુરા, તા.૨૪ ।

ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લાના કર્ણાવલ ગામમાં એક નાનો રોડ અકસ્માત હિંસક અથડામણમાં પરિણમ્યો હતો. વાત એટલી હદે વધી ગઈ કે, દલિત પરિવારની બે સગી બહેનાના લગ્ન પણ તૂટી ગયા હતા. સમગ્ર મામલે પોલીસે જણાવ્યું કે, શુક્રવારે બંને બહેનો તેમના પરિવાર સાથે બ્યુટી પાર્લરથી પરત ફરી રહી હતી ત્યારે તેમની કારે એક બાઈકને ટક્કર મારી હતી. ત્યારબાદ મોટરસાઈકલ પર સવાર કર્ણાવલ ગામના રહેવાસી લોકેશ, રોહતાશ અને સતીષે કારમાં સવાર લોકો સાથે દલીલ શરૂ કરી હતી. ત્રણેયે કથિત રીતે બંને બહેનોને કારમાંથી બહાર કાઢીને હુમલો કર્યો હતો. એટલાથી પણ તેમને સંતોષ ના થયો અને બંને બહેનોના ચહેરા પર કાદવ ફેંક્યો હતો. જ્યારે દુલ્હનના પરિવારને હુમલાની જાણ થઈ ત્યારે તેઓ કેટલાક 'જાનૈયાઓ' સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા. જો કે, મામલો થાળે પડવાને બદલે વધુ બિચક્યો અને ઘર્ષણ વધ્યું હતું, જેમાં દુલ્હનના પિતા સહિત ઘણા લોકો ઘાયલ થયા હતા. આ દરમિયાન સતીષ અને કેટલાક અન્ય લોકો ટ્રેક્ટર-ટ્રોલીમાં આવ્યા અને બે વાહનોને ટક્કર મારી હતી. ત્યારબાદ તેમણે દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કરનારા મહેમાનો પર પણ હુમલો કર્યો હતો. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને વરરાજા અને જાનૈયાઓને સમજાવવાના પ્રયાસ કર્યા હતા. તેમ છતાં વરરાજા ના માન્યા અને લગ્ન માટે ઈન્કાર કર્યો હતો.

હોસ્પિટલમાંથી શેર કરી તસવીરો, ચાહકો ચિંતામાં

# પંજાબી સિંગર અને એક્ટર સ્ટંટ કરતાં થઈ ગયો ઘાયલ

## પંજાબી સિંગર અને એક્ટર ગુરૂ રંધાવા અપકમિંગ ફિલ્મના શૂટિંગ દરમિયાન એક્સિડન્ટનો ભોગ બન્યો

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

પંજાબી સિંગર અને એક્ટર ગુરૂ રંધાવા પોતાની અપકમિંગ ફિલ્મના શૂટિંગ દરમિયાન એક્સિડન્ટનો ભોગ બન્યો છે. ફિલ્મના શૂટિંગમાં સ્ટંટ કરતી વખતે ઈજાગ્રસ્ત થયો હતો. હાલ તે હોસ્પિટલમાં દાખલ છે. તેણે પોતે જ ઈન્સ્ટાગ્રામ પર તસવીર રજૂ કરી આ અંગે માહિતી આપી હતી. ગુરૂ રંધાવા પોતાની અપકમિંગ ફિલ્મ શૌંકી સરદારનું શૂટિંગ કરી રહ્યો હતો. ત્યારે સ્ટંટ કરતી વખતે દુર્ઘટનાનો ભોગ બન્યો હતો. અને ઈજાઓ થઈ હતી. તેને ગળાના ભાગમાં, ચહેરા પર અને માથા પર ઈજા થઈ હતી. ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા ફોટોમાં ગળામાં સર્વાઈકલ કોલર છે. માથા પર પાટો તેમજ ચહેરા પર ઈજાના નિશાન છે. હાલ તેની તબિયતમાં સુધારો થયો હોવાનું પણ રંધાવાએ જણાવ્યું હતું. રંધાવાએ ફોટો શેર કરતાં કેપ્શન લખી હતી કે, મારૂ પ્રથમ સ્ટંટ, મારી પ્રથમ ઈજા, પરંતુ મારો વિશ્વાસ અડગ છે. શૌંકી સરદાર ફિલ્મના સેટ પરથી એક યાદ. ખૂબ મુશ્કેલ કામ છે એક્શન કરવી, પરંતુ



મારા દર્શકો માટે હું આકરી મહેનત કરીશ. ગુરૂ રંધાવાની પોસ્ટએ ચાહકોને ચિંતામાં નાખ્યા હતા. લોકોએ કમેન્ટમાં ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી. તેના સેલિબ્રિટી મિત્રોએ પણ ઝડપથી સાજા થવાની પ્રાર્થના કરી હતી. મૃણાલ ઠાકુરે આઘાતજનક પ્રતિક્રિયા આપી હતી કે, શું? જ્યારે અનુપમ ખેરે તેનો વિશ્વાસ વધારતાં કહ્યું કે, તમે સૌથી સારા છો, ઝડપથી સાજા થઈ જશો. મીકા સિંહે ગુરૂને જલ્દીથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી કે, ઝડપ થી સાજા થઈ જાઓ, ભારતી સિંહ અને ઓરહાન અવત્રમણિએ પણ ચિંતા વ્યક્ત કરી હતી. ગુરૂ રંધાવાએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ મૂકતાં જ ચાહકો નારાજ થયા હતાં.

# પાકિસ્તાનની જેલથી છૂટેલા માછીમારોને વડોદરાથી બસ મારફત તેમના વતનમાં મોકલાયા

। વડોદરા, તા.૨૪ ।

પાકિસ્તાનની કરાંચી જેલમાં રહેલા ગુજરાતના ૧૮ જેટલા માછીમારોને છોડવામાં આવતા તેઓ ટ્રેન મારફત વડોદરા આવી પહોંચ્યા હતા અને અહીંથી આ માછીમારોને તેમના વતનમાં જવા વિદાય આપવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા ઉક્ત બાબતે ભારત સરકારને વિનંતી કરવામાં આવી હતી અને વિદેશ મંત્રાલય દ્વારા પાકિસ્તાનની જેલમાં બંધ માછીમારોને છોડવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જેના પરિણામ સ્વરૂપ કરાંચીની જેલામાં બંધક રહેલા ગુજરાતના ૧૮, દિવના ૩ અને ઉત્તરપ્રદેશના એક સહિત કુલ ૨૨ સાગરખેડૂઓને મુક્ત કરવામાં આવ્યા હતા. આ માછીમારો વાઘા બોર્ડરથી ભારતમાં પ્રવેશ મેળવ્યો હતો અને ત્યાં તેમનું મેડિકલ ચેકઅપ કરાવી ટ્રેન મારફત વતનમાં પહોંચવા રવાના કરવામાં આવ્યા હતા. તેમાંથી ૧૮ માછીમારોનો સમુહ વડોદરા સ્ટેશન આવી પહોચ્યો હતો. જ્યાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ગિરસોમનાથના ૧૫, દેવભૂમિ દ્વારકાના ૩ અને દિવના ૩ માછીમારોને બસ મારફત વેરાવળ તરફ જવા વિદાય આપવામાં આવી હતી.





## સંતોકબા ધોળકિયા વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ દિલ્હી ખાતે ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી



। સુરત, તા.૨૪ ।

સાપુતારાના તળેટીય વિસ્તારમા આવેલ પ્રયોશા પ્રતિષ્ઠાન સંચાલિત સંતોકબા ધોળકિયા વિદ્યામંદિર, માલેગામ શાળાના ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના ધોરણ ૧૧ ના કુલ ૭૨ વિધ્યાર્થીઓ, શિક્ષકો, અને સ્ટાફ મળી શૈક્ષણિક પ્રવાસ અર્થે દિલ્હીમાં છે. આ વિદ્યાર્થીઓએ દિલ્હી ખાતે ગૃહ મંત્રીશ્રી અમિત શાહ સાથે મુલાકાત કરી વાર્તાલાપ કર્યો હતો. અહિં ગૃહ મંત્રીશ્રી અમિત શાહે પ્રયોશા પ્રતિષ્ઠાન સંસ્થાના સંચાલક પૂજ્ય શ્રી પી.પી.સ્વામીએ શાળાની સિધ્ધિઓ વર્ણવી હતી. જેમાં તાજેતરમાં આ શાળાના ૭ વિદ્યાર્થીઓએ જ્ઞઈઈ મેઈન પરીક્ષા આપી એડવાન્સમાં કવૉલીફાઇ થયા છે. આ સાથે જ ડાંગ જિલ્લામાં ચાલી રહેલ ૩૧૧ ગામડાઓમાં શ્રી હનુમાનજી મંદિર નિર્માણ ની માહિતી મેળવી હતી. શાળાની વિધાર્થિની દ્વારા શાળા ની વિશેષતાઓ સાથે માતૃ પિતૃ વંદના વિશે માહિતી આપી હતી ગૃહ મંત્રીશ્રી અમીત શાહે વિધાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી વિધાર્થીઓ ક્યાં ક્ષેત્રમાં આગળ વધવા માંગે છે તે અંગેની માહિતી મેળવી હતી. તેમજ તેઓ ભવિષ્યમાં કેવળ પોતાનો જ વિચાર ન કરતા અન્ય માટે તથા દેશ માટે પણ સક્રીય રહેવાની શીખ આપી, વિધાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે શૈક્ષણિક પ્રવાસના દાતા શ્રી હેમંતભાઈ પટેલ, સામાજીક અગ્રણી શ્રી સુનીલભાઈ પાટીલ, શ્રી મનહરભાઈ કાકડીયા, શ્રી રાકેશભાઈ મોદી, ભાવેશભાઈ લાઠીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ મંડળ પર રાજભાષા કાર્યાન્વયન સમિતિની બેઠકનું આયોજન






। અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદ મંડળની રાજભાષા કાર્યાન્વયન સમિતિની ત્રિમાસિક બેઠક મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્માની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં સત્તાવાર ભાષા હિન્દીના ઉપયોગ અને પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી અને હિન્દીના મહત્તમ ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે વિવિધ નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ પ્રસંગે, અમદાવાદ મંડળના ઈ-પત્રિકા "રાજભાષા આશ્રમ સૌરભ" ના ૫૦મા અંકનું વિમોચન કરવામાં આવ્યું. હિન્દીના પ્રચાર-પ્રસારના હેતુથી આયોજિત આ બેઠકમાં સાહિત્યકાર જયશંકર પ્રસાદની જન્મજયંતિ પણ ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે હિન્દી સાહિત્ય પર આધારિત ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિજેતા અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. રાજભાષા હિન્દીને પ્રોત્સાહન આપવા માટે "રાજભાષા રત્ન" એવોર્ડ યોજના હેઠળ હિન્દીમાં ઉત્તમ કાર્ય કરનારા અધિકારીઓ અને કર્મચારીઓને મંડળ રેલ પ્રબંધક દવારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. મંડળ રેલ પ્રબંધકે સત્તાવાર ભાષા હિન્દીના ઉપયોગને રાષ્ટ્રીય ચેતના અને ગૌરવ સાથે જોડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે નિર્દેશ આપ્યો કે વિવિધ વિભાગીય નિરીક્ષણોમાં રાજભાષા સંબંધિત ફકરાઓ શામેલ કરવા જોઈએ અને પ્રગતિ પર દેખરેખ રાખવા માટે ચેકલિસ્ટ લાગુ કરવામાં આવે. બેઠકના ઉપાધ્યક્ષ અને અપર મંડળ રેલ પ્રબંધક (પરિચાલન) શ્રી લોકેશ કુમારે રાજભાષા હિન્દીના ક્ષેત્રમાં થઈ રહેલી પ્રગતિની પ્રશંસા કરી અને તેને નિરંતર ચાલુ રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. આ પ્રસંગે, મંડળના રાજભાષા અધિકારી શ્રી હાફિઝ ખાન સહિત તમામ વિભાગાધ્યક્ષ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન વરિષ્ઠ અનુવાદક શ્રી વિજય મલિક દ્વારા કરવામાં આવ્યું હતું.

## કૃષિ યુનિવર્સિટી આણંદ ખાતે જિલ્લા કક્ષાનો કિસાન સન્માન સમારોહ યોજાયો

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાગલપુર બિહારથી અને ગાંધીનગરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલ સંબોધન કર્યુ



। આણંદ, તા.૨૪ ।

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સાંસદ શ્રી મિતેશભાઈ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિથી ખેડૂતોની આવક બમણી કરવા અને ખેડૂતોના સર્વાંગી કલ્યાણ માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાની શરૂઆત કરાઈ હતી. આ યોજના હેઠળ આજે ૧૯ મો હપ્તો રિલીઝ થતા આણંદ જિલ્લાના ૩.૧૨ લાખ જેટલા ખેડૂતો લાભાન્વિત થયા છે, અને સીધા તેમના બેક્ર ખાતામાં રૂપિયા ૬૨ કરોડ ની માતબર સહાય જમા કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, આ યોજના હેઠળ ખેડૂતોને પ્રતિ વર્ષ ૬ હજાર રૂપિયા સીધા તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. જે ત્રણ હપ્તામાં ચાર માસના અંતરે ચુકવવામાં આવે છે. આ યોજના ખેડૂતો માટે કૃષિ આનુષંગિક ખર્ચને પહોંચી વળવામાં અતિ ઉપયોગી બની રહી છે. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલે ખેડૂતોને મળવાપાત્ર સાધન સહાય સીધે સીધી તેમના ખાતામાં ડીબીટીના માધ્યમથી જમા કરાવવામાં આવે છે, ત્યારે ખેડૂતોએ તેમને મળવા પાત્ર લાભો મેળવવા માટે આઈ ખેડૂત પોર્ટલ પર અરજી કરીને લાભ મેળવવા જોઈએ અને પશુઓને શ્રેષ્ઠ દવા ઘેર બેઠા વિનામૂલ્યે આપવામાં આવે છે તેનો લાભ લેવા જણાવ્યું હતું. બિહારના ભાગલપુર ખાતેથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પી.એમ.કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૯ મો હપ્તો રિલીઝ કરતા આણંદ જિલ્લાના ૩.૧૨ લાખ જેટલા ખેડૂત કુટુંબોને ૧૯ માં હપ્તામાં રૂપિયા ૬૨.૦૦ કરોડ ની માતબર સહાય ખેડૂતોના બેંક ખાતામાં સીધા જ સહાય જમા કરાઈ હતી. આ પ્રસંગે બિહારથી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદી, ગાંધીનગરથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલ તેમજ કૃષિ રાજ્યમંત્રીશ્રી બચુભાઈ ખાબડએ વર્ચ્યુઅલી સંબોધન કર્યું હતું. વડાપ્રધાનશ્રીના હસ્તે પી.એમ કિસાન સન્માન નિધિ યોજનાના ૧૯ મા હપ્તા પેટે સમગ્ર દેશના ૯.૭ કરોડથી વધુ ખેડૂતોને રૂ.૨૨,૦૦૦ કરોડથી વધુની સહાય બેક્ર ખાતામાં જમા કરી હતી, જે પૈકી ગુજરાતના આશરે ૫૧.૪૧ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ.૧,૧૪૮ કરોડથી વધુની સહાય સીધી તેમના બેક્ર ખાતામાં જમા કરાયા હતા.

# વડાપ્રધાનએ એક ક્લિક કરી અને વડોદરા ના ૧.૧૦ લાખ ખેડૂતોને મળ્યા રૂ. ૨૨ કરોડ

### વરણામા ખાતે સાંસદ ડોક્ટર હેમાંગ જોશીની ઉપસ્થિતિમાં યોજાયેલા કિસાન સન્માન સમારોહમાં સાધન સહાયનું વિતરણ

। વડોદરા, તા.૨૪ ।

વડોદરા જિલ્લાનો જિલ્લા કક્ષાનો કિસાન સન્માન સમારોહ ત્રિમંદિર વરણામા ખાતે સાંસદ ડૉ હેમાંગ જોશીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિહારના ભાગલપૂરમાંથી વડોદરા જિલ્લાના ૧.૧૦ લાખ ખેડૂત પરિવારોને પીએમ કિસાન સન્માન નિધિના ૧૯માં હપ્તા પેટે રૂ. ૨૨ કરોડનું વિતરણ કર્યું હતું. આ યોજના અંતર્ગત વડોદરા જિલ્લાના ૨.૧૬ લાખ ખેડૂત કુટુંબોને અત્યાર સુધીના ૧૮ હપ્તામાં ૫૮૯.૭૪ કરોડની સહાય સીધા તેમના બેક્ર ખાતામાં ચૂકવાઈ છે. આ અવસરે સાંસદ ડૉ. હેમાંગ જોશીએ જણાવ્યુ હતુ કે, રાજ્યના ખેડૂતોને ખેત પાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે,



ઓછા ખર્ચે વધુ ખેત ઉત્પાદન થાય તે માટે સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકી છે.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમા રાજ્યના ખેડૂતો અને ખેતીના વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે. સાંસદ શ્રી જોશીએ વધુમાં જણાવ્યું હતું કે, આપણો દેશ કૃષિ પ્રધાન દેશ છે. દેશની અર્થવ્યવસ્થા કૃષિ આધારિત છે. ખેડૂતો દેશની ઈમારતનો પાયો છે. ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના ખેડૂતો અને ખેતીને સમૃદ્ધ બનાવવા સરકાર કાર્યરત છે. વર્ષ ૨૦૪૭ સુધીમા દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે ખેડૂત અને આધુનિક ખેતીનુ વધુ યોગદાન મળે, ખેડૂતો આર્થિક રીતે વધુને વધુ સધ્ધર બને, ઓછા ખર્ચે મબલખ ઉત્પાદન મેળવી શકાય તે માટે સરકાર દ્વારા કલ્યાણકારી યોજનાઓ કાર્યરત છે. ખેડૂતોની મહેનતથી ગુજરાત ખેતીના ક્ષેત્રે આજે અગ્રેસર બન્યું છે. જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રીએ સ્વાગત પ્રવચનમાં કાર્યક્રમની રૂપરેખા આપવાની સાથે ખેડૂત કલ્યાણલક્ષી વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિતોએ બિહાર રાજ્યના ભાગલપુરથી પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલને જીવંત કાર્યક્રમ દ્વારા સાંભળ્યા હતા. ખેતીલક્ષી વિવિધ યોજનાઓના ખેડૂત લાભાર્થીઓને ખેત સાધન સહાય મહાનુભાવોના વરદ હસ્તે વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી સતિષભાઈ પટેલ, સયુંકત ખેતી નિયામક શ્રી મહેશ પટેલ, પ્રાંત અધિકારી શ્રી ચૌહાણ સહિત અગ્રણીઓ, અધિકારીઓ કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ઓલપાડ તાલુકાના દાંડી બીચ ખાતે વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે 'દાંડી સી-ફુડ ફેસ્ટિવલ-૨૦૨૫'નો પ્રારંભ

। સુરત, તા.૨૪ ।

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે ઓલપાડ તાલુકાના દાંડી બીચ ખાતે ત્રિ-દિવસીય 'દાંડી સી-ફૂડ ફેસ્ટિવલ-૨૦૨૫' પ્રારંભ કરાવ્યો હતો. ફેસ્ટિવલ ૨૧ થી ૨૩ ફેબ્રુઆરી સુધી ચાલનાર આ ફેસ્ટિવમાં સી-ફૂડ (સમુદ્રી વાનગીઓ)ના કુલ ૪૫ સ્ટોલ ઉભા કરાયા છે. આ પ્રસંગે વન મંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે દરિયા કિનારાઓ પર વિવિધ પ્રકારના ફેસ્ટિવલ યોજાતા હોય છે, પરંતુ સી-ફુડ ફેસ્ટિવલનું આયોજન કરવું એ એક મહત્વપૂર્ણ પગલું છે. ગુજરાતમાં પ્રથમ વખત દાંડીગામના બીચ પર આ પરંપરા શરૂ થઈ રહી છે. વધુમાં તેમણે કહ્યું કે, દરિયાકાંઠા પર વસવાટ કરતા લોકોના જીવન અને રોજગાર માટે દરિયો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ક્લાઈમેટ ચેન્જને કારણે જે લોકો દરિયો ખેડવા (ફિશિંગ) માટે જઈ શકતા નથી, એમના માટે ગુજરાત સરકાર દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોમાં ઝીંગાની ખેતી (એક્વાકલ્ચર) શરૂ કરવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે, જેનાથી તેઓ પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરી શકે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મત્સ્યોદ્યોગ માટે એક સ્વતંત્ર મંત્રાલયની સ્થાપના કરી છે એનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, આ વિભાગ માછીમારોના હિતમાં કાર્યરત છે. આ વર્ષે રજૂ થયેલા બજેટમાં પણ મત્સ્યોદ્યોગ માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે, જેનાથી નાના માછીમારોની આર્થિક, સામાજિક ઉન્નતિ થશે. મંત્રીશ્રીએ કહ્યું કે, દાંડી ગામનો બીચ ટૂંક સમયમાં સંપૂર્ણ રીતે વિકસિત થઈ પ્રવાસન માટે એક મહત્વપૂર્ણ સ્થળ બનશે, જેનાથી ગામના લોકો માટે રોજગારની નવી તકો સર્જાશે. સાગરખેડૂઓને સ્વરોજગારીની તકો વધારવા માટે પણ સરકાર પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે સુરત મત્સ્યોદ્યોગ વિભાગના ડેપ્યુટી ડિરેક્ટર શ્રી કિરીટ આર. પટ્ટણી, સિબા નિયામક શ્રી કુલદીપભાઈ લાલ, મત્સ્યોદ્યોગ નાયબ નિયામક શ્રીમતી બિંદુબેન પટેલ, અગ્રણીઓ કુલદીપસિંહ અને અંકુર પટેલ, સુરત ડિસ્ટ્રિક્ટ એક્વાકલ્ચર એસો.ના પ્રમુખ પ્રદિપભાઈ નાવિક, કોર્પોરેટર સર્વ શ્રી કૃણાલભાઈ સેલર, શ્રી અશોકભાઈ રાંદેરિયા સહિત મોટી સંખ્યામાં નાગરિકો, પ્રવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

# મહીસાગર જિલ્લા કક્ષાનો કિસાન સન્માન સમારોહનું આયોજન લુણાવાડા ડો. આંબેડકર ભવન ખાતે યોજાયો



। મહીસાગર, તા.૨૪ ।

કેન્દ્ર સરકારશ્રી દ્વારા દેશના ખેડૂતોને ખેતી માટે મદદ મળી શકે તે આશયથી પ્રધાનમંત્રી સન્માન નિધિ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ ૧૯મો હપ્તો વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે ડીબીટીના માધ્યમથી ખેડૂતોને મળનાર છે. જેના ભાગ રૂપે મહિસાગર જીલ્લામાં જિલ્લા કક્ષાનો કિસાન સન્માન સમારોહનું આયોજન લુણાવાડા, મોટા સોનેલા ડો. આંબેડકર ભવન ખાતે રાજ્યસભા સાંસદ સભ્યશ્રી જસવંતસિંહ પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે રાજ્યસભા સાંસદ સભ્યશ્રી જસવંતસિંહ પરમારે જણાવ્યું હતું કે, આ વખતના બજેટમાં ગરીબ, સ્ત્રી, યુવાનો અને અન્નદાતાઓ પર ફોકસ કરવામાં આવ્યું છે. દેશના સ્વાસ્થ્યનો આધાર સ્થંભ ખેડૂતો છે. પી એમ કિસાન સન્માન નિધિ યોજના, ટેકાના ભાવની યોજના, કૃષિ પ્રગતિ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, આઇ ખેડૂત પોર્ટલ અને ડી. બી. ટી, ડિજિટલ ક્રોપ સર્વે, ફાર્મર રજિસ્ટ્રી, પ્રાકૃતિક કૃષિ, નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ, નેશનલ મિશન ઓન એડીબલ ઓઈલ, કૃષિ યાંત્રિકિકરણ, ડ્રોન ટેકનોલોજી, નેનો ફટીલાઈઝર, સુક્ષ્મ સિંચાઈ પધ્ધતિ, એફ. પી. ઓ, કૃષિ રાહત પેકેજ થકી ખેડૂતોનો સંપૂર્ણ વિકાસ થયો છે અને દરેક ખેડૂત પગભર બન્યો છે. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન તરીક ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે ખેડૂત કુટુંબોને સહાયરૂપ થવા માટે દેશમાં પ્રથમ વખત "પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના"ની તા.૦૧.૦૨.૨૦૧૯ થી જાહેર કરવામાં આવેલ છે. આ યોજનામાં ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ રૂ.૬૦૦૦/- સહાય ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) માધ્યમથી મળવાપાત્ર થાય છે.